# અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૬૬

# ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભાગ-૧

## દશ અધ્યયન



સં. પૂ. મુનિશ્રી અકલંકવિજય મહારાજ

બીલીમોરા જૈન દેરાસરની પેઢી-નવાપુરા,
બીલીમોરા-૩૯૬ ૩૨૧.

# છપાયેલ પુસ્તકોની યાદી

## કથાનુયોગ

તીર્થંકરોનાં ચરિત્રો ૨ થી ૬
૨૭ થી ૩૧-૧૩૨-૧૫૭
૭ ૩૨ ૭૦ જૈન રામાયણ
૬૭ જૈન મહાભારત
૬૮ જૈન ઇતિહાસ
૯ શુકરાજાની કથા
૧૧ અકલંકવિજયનું જીવનચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૫ ૧૩૫ નળ દમયંતી ચરિત્ર
૨૨/૧૬૨ કુવલય માળા કથા
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનુ અમૃત સમરાદિત્ય ચરિત્ર
૩૫ શાંબપ્રદ્યુમ્ન પરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૨૩ સામાયિક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૪૦ મહાબળ મલયાસુંદરી
૫૫ જૈનકથાઓ અને સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન દર્શન
૫૯ ૬૦ ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાગ ૧-૨
૭૧/૧૬૫ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમક્તિ મૂળ બાર વ્રતની કથાઓ
૧૦૬ બુદ્ધિસાગરસૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાતભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬ ૧૫૩ સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરી
૧૩૩ અબંડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૩૭ શ્રીચંદ કેવળી ચરિત્ર
૧૩૮ હેમચંદ્રાચાર્ય
૧૪૧ આરામ શોભા
જૈનકથાઓ ભા. ૧ થી ૪૦
૧૭ ૧૯ ૨૫ ૩૭ ૪૧ થી ૪૭ ૫૨
૬૪ થી ૬૬ ૭૯ ૮૦ ૮૮ થી ૯૦ ૯૯
૧૦૪ ૧૦૭ ૧૦૮ ૧૧૩ ૧૨૩
૧૨૭ થી ૧૩૦ ૧૪૪ થી ૪૭
૧૫૦ થી ૧૫૨ ૧૫૮ થી ૬૦

## અન્ય

૧૪૨ જ્યોતિષ રત્નાકર
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૨૦ જૈન જાગૃતિ
૧૫૫ સંસ્કૃત સરળ વ્યાકરણ
૧૬૮ ધર્મમિમાંશા
૧૬૯ અઠ્ઠાઈ વ્યાખ્યાન

અકલંક ગ્રંથમાળા પુષ્પ–૧૬૬

# ઉત્તરાધ્યયન સૂત્ર

## પ્રથમ વિભાગ

( અધ્યયન ૧ થી ૧૦ )

卐


: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મ. સા.



પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

બીલીમોરા જૈન દેરાસર, નવાપુરા,

બીલીમોરા–૩૯૬ ૩૨૧

# પ્રસ્તાવના

વર્તમાન સમયમાં કોઇ કેવળી ભગવંત, અવધિ-જ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની નથી. આ દુષમકાળમાં પરિભ્રમણ કરતા જીવોને ભવ સમુદ્રમાંથી પાર ઉતરવા માટે આધાર-ભૂત ફક્ત જિનબિંબ ને જિનાગમ છે. જૈન ધર્મના મૂળભૂત ગ્રંથ તરીકે ભાવપૂર્વક શ્રુતજ્ઞાન દીપક ગણીને ભક્તિ ભાવ પૂજન અર્ચન, આગમ સાહિત્યનું લેખન પ્રકાશન દ્વારા પ્રગટ કરવામાં આવે છે. અગ્યાર અંગ, બાર ઉપાંગ, નંદી અને અનુયોગ દ્વાર, છ છેદસૂત્ર ને ચારમૂળસૂત્ર. તેમજ દશપયન્ના મળી પિસ્તાલીશ આગમ રહ્યાં છે. મૂળસૂત્રમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આવશ્યક ને ઓઘનિર્યુક્તિ ગણાય છે. સર્વ સાધુઓને ચારિત્ર જીવનના પ્રારંભથી આ સૂત્રનું પઠનપાઠન અનિવાર્ય છે.

ચારિત્રની આરાધના કરનાર સાધુઓએ ચાર મૂળ સૂત્રનો ક્રમશઃ અભ્યાસ કરવો અત્યંત આવશ્યક છે. એ દૃષ્ટિએ મૂળસૂત્ર એવું નામ આપવામાં આવ્યું છે. મૂળને આધારે વૃક્ષના ફળ-ફુલ આદિની પ્રાપ્તિ થાય છે. ચારિત્ર-રૂપી વૃક્ષનું ફળ મોક્ષ છે. ચાર મૂળસૂત્રોનું તલસ્પર્શી જ્ઞાન મોક્ષમાર્ગની સાધનામાં પથ પ્રદર્શક બને છે. મુમુક્ષુઓને સંયમની સાધનામાં આત્મીકતાની સાથે અનન્ય પ્રેરકબળ તરીકે કામદાયક જો કોઇ હોય તો આ મૂળસૂત્રો છે. સંયમ જીવનને સફળ બનાવવામાં ઉપયોગી

ક્ષમા આદિ ગુણો મૂળભૂત રૂપે રહેલા છે. આવા સદ્ગુણો ને જ્ઞાનક્રિયાના સમન્વયની આરાધનાના કલ્યાણકારક વિચારો આ સૂત્રોમાં વ્યક્ત થયેલા છે.

મહાવીર પ્રભુએ સોળ પ્રહર દેશના અંત સમયે આપી ત્યારે પુણ્ય-પાપનાં વિપાક ફળનાં પંચાવન અધ્યયન પ્રરૂપ્યાં હતાં ત્યારપછી પૂછયા વિના છત્રીસ અધ્યયન પ્રકાશ્યાં તેથી તે અપૃષ્ટ વ્યાકરણ કહેવાય છે. અંતે મરૂદેવા માતાનું પ્રધાન નામનું અધ્યયન પ્રરૂપતાં અંતર્મુહૂર્તનું શૈલીશકરણ કરીને મોક્ષે સિધાવ્યા. ઉત્તરાધ્યયન સૂત્રમાં છત્રીસ અધ્યયન છે. શ્રીભદ્રબાહુસ્વામી એ આ સૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે—

કેટલાંક અધ્યયન અંગસૂત્રમાંથી કેટલાંક જિનભાષિત તો વળી બીજાં કેટલાંક પ્રત્યેકબુદ્ધના સંવાદરૂપે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં શાન્તિસૂરિજીની ટીકામાં જણાવ્યું છે કે અંગ એટલે દૃષ્ટિવાદ આદિમાંથી ઉત્પન્ન થએલ જેવાં કે પરિષહ અધ્યયનાદિ જિનભાષિત છે. દ્રુમપુષ્પિકા અધ્યયન પ્રભુ મહાવીરે કેવળજ્ઞાન થયા પછી પ્રરૂપિત કર્યું છે. એટલે કેવળીભાષિત છે. નવમું નમિરાજર્ષિ પ્રત્યેક બુદ્ધમાંથી ઉત્પન્ન થયેલ છે. ત્રેવીશમું કેશી ગૌતમીય સંવાદ રૂપે છે. કુલ છત્રીસ અધ્યયન છે. દરેક અધ્યયનમાં મોક્ષમાર્ગના યાત્રીને રત્નત્રયીની આરાધનામાં પ્રોત્સાહન મળે તેવી સત્ત્વશીલ અને સમર્થ વાણી પ્રગટ થયેલી છે. પ્રથમ ભાગમાં દસ અધ્યયન અર્થ સહિત આપવામાં આવ્યાં છે. તેની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

પ્રથમ વિનય શ્રુત અધ્યયનમાં વિનય મૂળ ધર્મ બતાવ્યો છે બીજા પરિષહ અધ્યયનમાં પરિષહ સહન કરવાના બાવીશ ભેદ બતાવ્યા છે. ત્રીજા ચાતુરંગીય અધ્યયનમાં મનુષ્યભવની દુર્લભતા, આર્યક્ષેત્ર, સદ્ગુરુનો યોગ, શ્રદ્ધા અને સંયમમાં ઉત્સાહ વગેરે જણાવ્યું છે. પાંચમા અધ્યયનમાં અશુભ કર્મના કડવા ફળો બતાવી અપ્રમત્ત થવાનો ઉપદેશ છે.

તેમજ અકાળમરણ, બાલપંડિતમરણ અને પંડિત મરણની વ્યાખ્યા સમજાવી છે. છઠ્ઠા અધ્યયનમાં ક્ષુલ્લક મુનિનું સ્વરૂપ, જ્ઞાનક્રિયાની સાધનાથી મોક્ષ મળે તે જણાવ્યું છે, સાતમા અધ્યયનમાં કામભોગની વિનશ્વરતાદિ પાંચ મુદ્દાઓ દૃષ્ટાંત સાથે જણાવ્યા છે. આઠમા અધ્યયનમાં સ્વયં બુદ્ધ કપિલ કેવળીનું ચરિત્ર છે અને નવમા અધ્યયનમાં નમિરાજર્ષી ને ઇન્દ્રનો સંવાદ છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અન્ય આગમ ગ્રંથોની તુલનામાં વિશેષ પ્રસિદ્ધ છે. શ્રી જિનદાસગણિ, મુનિનેમિચંદ્ર, મુનિ ભાવવિજય, શાન્તિસૂરિ, મુનિ લક્ષ્મીવલ્લભ આદિ મુનિવરોએ આ સૂત્રની ટીકાઓ રચી છે. તેમાંથી વિશેષ માહિતી ઉપલબ્ધ થઇ શકશે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રગટ થયેલી પ્રભુની અમૃતમય વાણી માત્ર સાધુઓને નહિ શ્રાવકોને પણ દેશવિરતી ધર્મના પાલનમાં અનન્ય પ્રેરક છે. આચારધર્મ જાણીને તેમાં પ્રવૃત્ત થવા માટે આ સૂત્રનો સ્વાધ્યાય ચિંતન ને મનન માનવ જીવનના કલ્યાણ માટે દિશા સૂચન કરવાનું પુણ્ય કાર્ય કરે છે.

લિ. ડૉ. કવિન શાહ–બીલીમોરા

પ્રથમ વિનયશ્રુત અધ્યયનમાં વિનીત શિષ્યના અને અવિનીત શિષ્યના લક્ષણો, વિનય-અવિનયના ફળો, ગુરુ શિષ્યના ધર્મો જણાવ્યા છે. બીજા પરિષહ અધ્યયનમાં ૨૨ પરીષહો. દરેક વખતે આવતા સંકટે, પરીષહ સમતા-ભાવે સહન કરવાથી કર્મનિર્જરા એ વગેરે દૃષ્ટાંતો સહિત જણાવેલ છે. ત્રીજા ચાતુરંગીય અધ્યયનમાં મુક્તિના ચાર અસાધારણ કારણોનું વિસ્તારથી સ્વરૂપ કહ્યું છે. તેથી એનું ચાતુરંગીય અધ્યયન નામ પણ યથાર્થ છે. ચોથા અસંસ્કૃત અધ્યયનમાં અસંસ્કૃત એટલે જીવન દોરી તૂટયા પછી સાધી શકાતી નથી. આયુષ્યનું વિનશ્વરપણું અશુભ કર્મોનાં કડવાં ફળો જે જીવ કર્મ કરે છે તેજ જીવ ફલને ભોગવે છે માનવ ભવમાં જીવનની કિંમત સમજીને અપ્રમત થવાનો ઉપદેશ સ્વચ્છંદી ન થવા અને કષાયને જીતવા વગેરે વિગતો વિસ્તારથી જણાવી છે. પાંચમા અકામ મરણીય નામના અધ્યયનમાં મરણના ભેદ અજ્ઞાનીનું મરણ, પાપકર્મના ઉદય વખતે જીવને થતો પશ્ચાતાપ, શબ્દાદિ કામભોગથી જીવોની દુર્દશા, બે પ્રકારના રોગના કારણો, મરણ સમયે દુરાચાર સેવનારની દુર્દશા, દયાજનક પરિ-સ્થિતિ, દેશવિરતિ ધરના મરણની બીના, સંયમી જીવોનું પંડિત મરણ તેની શુભગતિ દેવતાઈ સુખ વગેરેનું વર્ણન વિસ્તારથી કર્યું છે. છઠ્ઠા અધ્યયનમાં ક્ષુલ્લક મુનિનું સ્વરૂપ જણાવ્યું છે. મમતાના ત્યાગનો ઉપદેશ અને જ્ઞાન-ક્રિયાની સમુદિત સાધનાથી મોક્ષ મળે તે હકીકત જણાવી છે. સાતમા ઔરભ્રીય અધ્યયનમાં ભોગમાં આસકત જીવોની

દુર્દશા દુર્ગતિમાં જનારા જીવોનાં લક્ષણો ભૂલના ભયંકર પરિણામો મનુષ્યના કર્તવ્યો કામભોગની વિનશ્વરતા આ પાંચ મુદ્રાઓ અને પાંચ દૃષ્ટાંતો જણાવ્યા છે.

આઠમા કાપિલીય અધ્યયનમાં :– શ્રી કપિલમુનિનું ચરિત્ર છે એમની પૂર્વભવની બીના, સ્વીકારેલ સંયમ, દેશના, દયાનું રહસ્ય સાચી વિદ્યા, લોભના કટુ ફળો, સ્રીના પરિચયનો ત્યાગ વગેરે વાતો જણાવી છે.

નવમા નમિપ્રવ્રજ્યા અધ્યયનમાં :– નમિ રાજાની દીક્ષા નમિરાજર્ષિને બ્રાહ્મણ વેષમાં ઈન્દ્રએ પૂછેલા પ્રશ્નો અને નમિરાજર્ષિએ આપેલા સુંદર ઉત્તરો જણાવ્યા છે.

---


## અમારી યોજના નીચે મુજબ છે.

૧. જ્ઞાનખાતામાંથી ઓછામાં ઓછા પાંચ હજારની રકમ મોકલવાથી એક પુસ્તકની હજાર નકલ આપના સંઘ તરફથી છપાવવાનો લાભ મળશે અને જોઈતા પુસ્તકો ભેટ મળશે.

૨. ચતુર્વિધ સંઘમાંથી રૂા. ૨૦૦૧ આપી પેટ્રન બની શકશે. પેટ્રન થનારનો ફોટો તથા જીવન ઝરમર કોઈપણ એક પુસ્તકમાં મૂકાશે.

૩. રૂા. ૧૦૦૧ આજીવન સભ્યના છે. તેમને દર સાલ છપાતા પુસ્તકો ભેટ મળતા રહેશે, તેમજ હાજર પુસ્તકો ભેટ મળશે.

૪. રૂા. ૫૫૧ પાંચ વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

૫. રૂા. ૨૫૧ બે વર્ષના સભ્યના છે ,,

૬. રૂા. ૧૫૧ એક વર્ષના સભ્યના છે. ,,

લિ. અકલંક ગ્રંથમાળાના ટ્રસ્ટીઓ.

અકલંક ગ્રંથમાળા : ડૉ. કવિન શાહ, ૩/૧ માણેકશા અષ્ટમંગલ ફ્લેટ બખારીઆ બંદર રોડ બીલીમોરા-૩૯૬૩૨૧

# પ્ર...વે...શ

શ્રી અકલંક ગ્રંથ-માળા તરફથી પ્રકાશિત થઈ રહેલા પુસ્તકોમાં આ પુસ્તકથી એક પુષ્પ-પુસ્તકનો ઉમેરો થઈ રહેલ છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના અર્થ સાથેનું આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. સૂત્રના શ્લોક અને તેનો અર્થ અત્રે સરળતાથી દર્શાવાયા છે.

સાંસારીક સંબંધોથી મુક્ત થઈને ઘરબાર વિનાના થઈ ગયા પછી જે સંયમી જીવન જીવાય છે તે જીવન કેવા વિનય યુક્ત આચારવાળું હોય તે વિસ્તારથી શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલ છે.

સાધક આત્માને આ પુસ્તકનું વાંચન ખરેખર અત્યંત ઉપયોગી પ્રેરક અને માર્ગદર્શક ગણાય.

પ્રસ્તુત ભાવાનુવાદ જ્ઞાન અને તપના ઉપાસક પૂજ્ય મુનિરાજશ્રી અકલંક વિ.એ ઘણી જહેમત ઉઠાવી તૈયાર કરેલ છે. પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં જ્ઞાનની અદ્ભુત ઉપાસના કરી ખૂબ મોટી સંખ્યામાં બાળ સાહિત્યમાં સમાવેશ થઈ શકે તેવાં કથા સંગ્રહો અને અન્ય ગ્રંથો પ્રકાશીત કર્યા છે શ્રી વર્ધમાન તપની પણ તપશ્ચર્યા કરી પોતાના સંયમ જીવનને સમૃદ્ધ કરેલ છે.

સૌ જિજ્ઞાસુ વાંચકવર્ગને મારી આગ્રહ ભરી ભલામણ છે કે આ પુસ્તકનો પ્રચાર ને પ્રસાર વિસ્તૃત રીતે થાય તે લાભદાયી નીવડશે.

પૂજ્યશ્રીનો આ પ્રયાસ અત્યંત અનુમોદનીય ને પ્રશંસનિયં ગણાય.

વિશાળ વર્ગ આ પ્રકાશનોનો લાભ લે તે જ ઇચ્છનીય ને આવકારદાયક ગણાશે–અસ્તુ.

–વિધિકાર જશવંતલાલ સાંકળચંદ શાહ

# પૂજ્યશ્રીનો પરિચય

## મુનિ અકલંકવિજય મ. સા.

જન્મ સ્થળ : લીંચ, જી મહેસાણા સં. ૧૯૭૦ ફાગણ સુદ ૫
સંસારી નામ : અમૃતલાલ શિવલાલ શાહ

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી પાસે સં.૨૦૩૫ ના વૈશાખ સુદ ૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ વૈશાખ સુદ ૩ ના રોજ પૂર્ણ કરી. કર્મશાસ્ત્રપારંગત સિદ્ધાંતમહોદધિ સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથ આદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે. હાલ વર્ધમાન તપની પુનઃ ૬૦ મી ઓળીની આરાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ, સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન–સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ મુનિશ્રીને કોટી–કોટી વંદન. કવિન શાહ—બીલીમોરા

---

( અનુસંધાન ૧૬૪ નું ચાલુ )

**बुद्धस्स निसम्म भासियं, सुकहियमट्ठपओवसोहियं ।**
**रागं दोसं च छिंदिया, सिद्धिगइं गए गोयमे ॥३७॥**

સુભાષિત શબ્દોથી અલંકૃત થયેલું મહાવીરસ્વામીનું કથન શ્રવણ કરીને ભગવાન ગૌતમસ્વામી રાગદ્વેષને જીતીને મોક્ષપદને પામ્યા એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

# ઉત્તરાધ્યયન સૂત્રાર્થ

**संजोगाविप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।**
**विणय पाउकरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥**

સાંસારીક પિતા પુત્રાદિ સંબંધ તથા વિવિધ વિષયાદિ સંબંધથી તદ્દન મુક્ત થએલા અને ઘરબાર રહિત એવા સંયમી સાધુના પાળવાના આચાર વિનયને હું પ્રકટ કરીશ તે તમે યથાવત્ ક્રમથી સાંભળો.

**आणानिद्देसकरे, गुरूणमुववायकारए ।**
**इंगियागारसंपन्ने, से विणीए त्ति वुच्चइ ॥२॥**

જે શિષ્ય ગુરુની આજ્ઞાના નિર્દેશ પ્રમાણે કરનારો હોય અને ગુરુની સમીપે જ રહેનારો તથા ગુરુની ઈંગિત ચેષ્ટાથી તેમજ આકાર ઉપરથી ગુરુના અભિપ્રાયને જાણી લેનાર હોય છે તે શિષ્ય વિનીત કહેવાય છે.

**आणाऽनिद्देसकरे, गुरूणमणुववायकारए ।**
**पडिणीए असंबुध्धे, अविणीए त्ति वुच्चइ ॥३॥**

જે શિષ્ય ગુરુની આજ્ઞાના નિર્દેશને નહિ કરનારો તથા ગુરુની સમીપે નહિ રહેનારો વળી ગુરુથી પ્રતિકુળપણે વર્તવાવાળો હોય એવો તત્ત્વથી અજાણ ગુરુનાં છિદ્ર જોનારો અવિનીત કહેવાય છે. અહિં કુળવાળકનું દૃષ્ટાંત કહેવું.

**जहा सुणी पूइकन्नी, निक्कसिज्जइ सव्वसो ।**
**एवं दुस्सीलपडिणीए, मुहरी निक्कसिज्जइ ॥४॥**

જેમ સડેલ કાનવાળી કુતરી ચારેકોરથી કાઢી મુકાય છે તેમ કુશીલ તથા સામા થનારો બહુ બોલનાર શિષ્યનું પણ તેમજ થાય છે.

**कणकुडगं चइत्ताणं, विट्ठं भुंजइ सूयरो ।**
**एवं सीलं चइत्ताणं, दुस्सीले रमई मिए ॥५॥**

જેમ ભુંડ કણનું કુંડું તજીને વિષ્ટા ખાય છે એમ કુશીલ શિષ્ય પશુ તુલ્ય, શીલ ત્યજીને દુરાચારમાં પ્રીતિ કરે છે.

**सुणियाभावं साणस्स, सूयरस्स नरस्स य ।**
**विणए ठविज्ज अप्पाणमिच्छंतो हियमप्पणो ॥६॥**

કુતરીનો તથા ભુંડનો અને અવિનીતનો અશુભ ભાવ–સદોષ આચરણ સાંભળીને પોતાના હિતને ઈચ્છનાર પુરુષે આત્માને વિનયમાં સ્થિત કરવો.

**तम्हा विणयमेसिज्जा, सीलं पडिलभेज्जओ ।**
**बुद्धपुत्ते नियोगट्ठी, न निक्कसिज्जइ कण्हुइ ॥७॥**

તે માટે જ્ઞાનવાન ગુરુના પુત્ર તુલ્ય તથા હંમેશાં ગુરુની આજ્ઞા માનવામાં તત્પર એવા સાધુએ વિનયની ઈચ્છા કરવી જેથી શીલને પ્રાપ્ત થાય અને કોઈ કાઢી ન મુકે. સર્વત્ર આદર થાય.

**निसंते सियाऽमुहरी, बुद्धाणं अंतिए सया ।**
**अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जए ॥८॥**

સંયમીએ અત્યંત શીત થવું બહુ વાચાળ ન થવું. અને આચાર્યોની સમીપે સદા પુરૂષાર્થવાળાં શાસ્ત્રો શીખવાં

તેમજ નિષ્પ્રયોજન શાસ્ત્રો વર્જવાં. (સ્ત્રી લક્ષણાદિ કોક શાસ્ત્ર વર્જવાં)

**अणुसासिओ न कुप्पिज्जा, खंति सेविज्ज पंडिए ।**
**खुड्डेहिं सह संसग्गिं, हासं कीडं च वज्जए ॥९॥**

ગુરુ કઠોર વચનોવડે શાસન કરે તો પણ વિનયી સાધુ પોતાનું હિત માની કોપે નહિ પણ પંડિત થઈ ક્ષમા સેવે તેમજ પડખે રહેનારા ક્ષુદ્રજનોનો સંસર્ગ વર્જે અને તેઓની સાથે હાસ્ય ક્રીડા વગેરે કરે નહિ.

**मा य चंडालियं कासी, बहुयं मा य आलवे ।**
**कालेण य अहिज्जित्ता, तओ झाएज्ज एगगो ॥१०॥**

હે શિષ્ય! તું કુપીત થઇને કંઈ ખોટું ન કરીશ, તેમજ વ્યર્થ બહું આલાપ ન કરીશ. પણ કાળે નિયત સમયે અભ્યાસ કરીને એકલો બેસીને ધ્યાન કરજે અથવા ભણેલું વિચારજે.

**आहच्च चंडालियं कट्टु, न निह्नविज्ज कयाइ वि ।**
**कडं कडे त्ति भासेज्जा, अकडं नो कडे त्ति य ॥११॥**

કદાચિત ક્રોધથી દુષ્કર્મ કરાયું તો ગુરુ આગળ કદી છુપાવીશ નહિ. કર્યું હોય તો કર્યું કહેવું અને ન કર્યું હોય તો ન કર્યું એમ કહેવું મતલબ સત્યવાદી બનવું.

**मा गलियस्सेव कसं, वयणमिच्छे पुणो पुणो ।**
**कसं व दट्ठुमाइन्ने, पावगं पडिवज्जए ॥१२॥**

જેમ અપલોટ ઘોડો સવારને હાથે વારંવાર ચાબુક

ખાય તેમ ન કરતાં વિનીત શિષ્ય એકવાર ગુરુનું શિક્ષા-વચન સાંભળી ગુરુનું ચિત્ત જાણી જાય ને પાપાનુષ્ઠાન તજે તે વિનીતપણાની નિશાની છે.

**अणासवा थूलवया कुसीला, मिउं पि चंडं पकरंति सीसा ।**
**चित्ताणुया लहु दक्खोववेया, पसायए ते हु दुरासयं पि ।१३।**

ગુરુ વચન ન માનનારા વગર વિચાર્યે બોલનારા ખરાબ આચરણવાળા શિષ્યો શાંત ગુરુને પણ ક્રોધી કરે છે જ્યારે ગુરુના ચિત્તને અનુસરનારા ચતુર શિષ્યો ક્રોધી ગુરુને પ્રસન્ન કરે છે. તે ઉપર ચંડરૂદ્રાચાર્યનું દૃષ્ટાંત કહેવું.

**नापुट्ठो वागरे किंचि, पुट्ठो वा नालियं वए ।**
**कोहं असच्चं कुव्वेज्जा, धारेज्जा पियमप्पियं ।।१४।।**

ગુરુ ન પુછે ત્યાં સુધી કંઈ બોલવું નહિ પુછે તો ખોટું બોલવું નહિ. ગુરુ પ્રત્યે દુર્ભાવ ન આવવા દેતાં ક્રોધને મનમાં જ સમાવી દેવો. ગુરુએ કહેલ અપ્રિય વચનને પણ પોતાનું હિતકર માનવું. સાધુ લાભ અલાભ, સુખદુઃખ, જીવિત મરણ, નિંદા સ્તુતિમાં સમભાવવાળા હોય છે.

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ।।१५।।**

આત્માને જ દમવો જોઇએ. વશ કરવો જોઈએ, આત્મા જ દુર્દમ્ય છે તેનું દમન કરવું દુઃસાધ્ય છે. આત્માને દમે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે. સેચનક હાથી પોતાની મેળે આવીને ખીલે બંધાણો તેમ આત્મદમન કરવું.

वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
माहं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥१६॥

આત્મદમન માટે એમ ચિંતન કરવું કે સંયમ અને તપવડે કરીને મારાં દેહનું દમન કરાય. એ બહુ સારૂં પણ અન્યજનો વડે બંધન કે વધથી દેહ દમન કરાય તે સારૂં નથી. મતલબ કે જે આત્મદમન કરે નહિ તેને બીજા લોકો વધ બંધનની શિક્ષા જરૂર કરે છે આત્મદમન કરનારનું કોઈ બુરૂ કરતુ નથી.

पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।
आवी वा जइ वा रहिस्से, नेव कुज्जा कयाइ वि ॥१७॥

વિનીત શિષ્યે વાણીથી અથવા કર્મવડે આચાર્યોને વિરૂદ્ધ લાગે તેવું આચરણ એકાંતમાં પણ કદાપિ ન જ કરવું.

न पक्खओ न पुरओ, णेव किच्चाण पिट्ठओ ।
न जुंजे ऊरुणा ऊरुं, सयणे नो पडिस्सुणे ॥१८॥

વિનીત શિષ્ય ગુરુના પડખે કે આગળ ન બેસે, પુંઠ દઈને પણ ન જ બેસે, તેમ ગુરુના સાથળને પોતાનો સાથળ અડાડે નહિ તેમજ ગુરુને સુતાં સુતાં જવાબ આપે નહિ.

नेव पल्हत्थियं कुज्जा, पक्खपिंडं च संजए ।
पाए पसारिए वावि, न चिट्ठे गुरुणंतिए ॥१९॥

ગુરુની સમીપે પલાંઠીવાળી પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ તેમજ જાંઘ ઉપર પછેડી વીંટી અગર બે હાથથી ઘૂંટણ વીંટીને બેસવું નહિ. ગુરુની સામે પોતાના પગ પસારીને પણ ન બેસવું.

**आयरिएहिं वाहित्तो, तुसिणीओ न कयाइ वि ।**
**पसायपेही नियागट्ठी, उवचिट्ठे गुरुं सया ॥२०॥**

વિનીત શિષ્યે આચાર્ય બોલાવે ત્યારે મુંગે મોઢે કદાપિ બેસી ન રહેવું પણ ગુરુ કેમ પ્રસન્ન થાય એવો ભાવ રાખી ગુરુ પાસે ઉભા રહેવું. ગુરુ બોલાવે ત્યારે પાસે આવી જે કહે તે સાંભળવું.

**आलवंते लवंते वा, न निसीएज्ज कयाइ वि ।**
**चइऊणमासणं धीरो, जओ जूत्तंप डिस्सुणे ॥२१॥**

ગુરુ કંઈ બોલે અથવા ફરીને બોલે ત્યારે શિષ્યે બેસી ન રહેવું પણ ધીરતાપૂર્વક યત્નવાન થઈને ગુરુ કહે તે ધ્યાનમાં લેવું.

**आसणगओ न पुच्छेज्जा, नेव सेज्जागओ कया ।**
**आगम्मुक्कुडुओ संतो, पुच्छिज्जा पंजलीउडो ॥२२॥**

વિનીત શિષ્યે કંઈ સૂત્રાર્થ વગેરે ગુરુને પુછવું હોય તે પોતાના આસન પર બેઠાં બેઠાં ન પુછવું. તેમ સંથારા ઉપર ઉભા રહીને કદાપિ ન પુછવું પણ ગુરુ પાસે આવી ઉભડક આસને બેસી હાથ જોડીને પુછવું.

**एवं विणयजुत्तस्स, सुत्तं अत्थं च तदुभयं ।**
**पुच्छमाणस्स सीसस्स, वागरेज्ज जहासुयं ॥२३॥**

એવી રીતે વિનય યુક્ત શિષ્ય હોય તેને આચાર્ય સૂત્ર તથા અર્થ બેય પૂછે ત્યારે તેને ગુરુ પરંપરાથી જે પ્રમાણે જાણેલ હોય તે પ્રમાણે કહેવા.

मुसं परिहरे भिक्खू, नय ओहारिर्णि वए ।
भासादोसं परिहरे, मायं च वज्जए सया ॥२४॥

સાધુ અસત્યનો ત્યાગ કરે આ આમજ છે એવી સાવદ્ય ભાષા ન બોલે તેમ ભાષાના દોષ અપશબ્દાદિ તથા માયા પ્રપંચને વર્જે.

न लवेज्ज पुट्ठो सावज्जं, ननिरट्ठं न मम्मयं ।
अप्पणट्ठा परट्ठा वा, उभयस्संतरेण वा ॥२५॥

સાધુને કોઇ પૂછે ત્યારે સાવદ્ય વચન બોલવું નહિ તેમ નિરર્થક પણ બોલવું નહિ અને કોઇનું મન દુઃખાય તેવું પણ બોલવું નહિ પોતાને કે પરને માટે પ્રયોજન વિના કંઇ બોલવું નહિ.

समरेसु अगारेसु, संधीसु य महापहे ।
एगो एगित्थिए सद्धिं, नेव चिट्ठे न संलवे ॥२६॥

સાધુએ લુહારશાળા તથા શૂન્યગૃહમાં તેમજ બે ઘર વચ્ચેની સંધાળીમાં અને રાજમાર્ગમાં, એકલી સ્ત્રીની સાથે ઉભા રહેવું નહિ કે તેણીની સાથે આલાપ પણ ન કરવો.

जं मे बुद्धाणुसासंति, सीएण फरुसेण वा ।
मम लाभो त्ति पेहाए, पयओ तं पडिस्सुणे ॥२७॥

જ્ઞાની ગુરુ મને શીળાં અને કઠોર વચનોવડે શીખામણ આપે છે તે મારા લાભમાં જ છે. એમ જાણી પ્રયત્ન પરાયણ રહી શિખામણરૂપ ગુરુ વચન સ્વિકારી લેવું.

अणुसासणमोवायं दुक्कडस्स य चोयणं ।
हियं तं मण्णई पण्णो, वेसं होइ असाहुणो ॥२८॥

પ્રાજ્ઞ શિષ્ય કોમળ કે કઠોર જેવું હોય તેવું ગુરુ વચન તથા આ શું તેં દુષ્કૃત કર્યું એવું વચન આ લોકને પરલોકમાં સુખ દેનારૂં છે એમ માને જયારે અસાધુ તેવાં વચનને દ્વેષરૂપે માને છે.

**हियं विगयभया बुद्धा, फरुसं पि अणुसासणं ।**
**वेसं तं होइ मूढाणं, खंतिसोहिकरं पयं ॥२९॥**

નિર્ભય થએલ તત્ત્વજ્ઞ શિષ્યો ગુરુના કઠોર વચનને હિતકર માને છે. મૂર્ખ શિષ્યો ક્ષાંતિ અને શુદ્ધિ કરનારા ગુરુ વચન હોવા છતાં દ્વેષરૂપે માને છે. અર્થાત્ ગુરુનો દ્વેષ કરે છે

**आसणे उवचिट्ठेज्जा अणुच्चे अक्कुए थिरे ।**
**अप्पुट्ठाई निरुट्ठाई, निसीएज्जऽप्पकुक्कुए ॥३०॥**

ગુરુના કરતાં નીચું આસન, શબ્દ વગરનું તથા સ્થિર પાયાવાળા આસન પર સાધુએ બેસવું. કાર્ય હોય ત્યારે ધીમેથી ઉઠવું, વારંવાર આસનથી ઉઠવું નહિ વિના પ્રયોજને ઉઠવું નહિ. મસ્તકાદિ શરીરના અવયવોને નહિ ધૂણાવતાં નિશ્ચળ બેસવું.

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥३१॥**

સાધુએ નિયમિત વખતેજ ભિક્ષાએ નિકળવું, નિયમિત વેળાએ જ આહાર લઈને સ્વસ્થાને આવવું, અકાળનો ત્યાગ કરી અવસરને યોગ્ય કાળે જ દરેક ક્રિયાનું આચરણ કરવું.

परिवाडीए न चिट्ठेज्जा, भिक्खू दत्तेसणं चरे ।
पडिरूवेण एसित्ता, मियं कालेण भक्खए ॥३२॥

ગૃહસ્થના જમણવારમાં પંગત બેઠી હોય ત્યાં સાધુ ઉભો ન રહે. આહારના દોષ ટાળીને વહોરે. ઉદર પોષણ પુરતો જ આહાર ગ્રહણ કરવો. પરિમિત આહાર લાવી પચ્ચક્ખાણ પારીને વિધિપૂર્વક ગોચરી આલોયા પછી વાપરવું.

नाइदूरमणासन्ने, नन्नेसिं चक्खुफासओ ।
एगो चिट्ठिज्ज भत्तट्ठा लंघित्ता तं नाइक्कमे ॥३३॥

સાધુએ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માટે અતિ દૂર કે અતિ નજીક ન ઉભું રહેવું. બીજા સાધુ વહોરતા હોય તો ગૃહસ્થની નજર ન પડે તેમ ઉભા રહેવું પણ પ્રથમ આવેલ સાધુનું ઉલ્લંઘન કરી પ્રવેશ ન કરવો કે તેના પ્રત્યે દ્વેષ પણ કરવો નહિ.

नाइउच्चेव नीए वा, नासन्ने नाइदूरओ ।
फासुयं परकडं पिंडं, पडिगाहेज्ज संजए ॥३४॥

ન અતિ ઊંચે કે ન અતિ નીચે, ન નજીક કે ન બહુ દૂર ઉભા રહીને સાધુએ પરને માટે કરેલ પ્રાસુક પિંડ ગ્રહણ કરવો.

अप्पपाणेऽप्पबीयम्मि, पडिच्छन्नम्मि संवुडे ।
समयं संजए भुंजे, जयं अपरिसाडियं ॥३५॥

અલ્પપ્રાણ તથા અલ્પબીજ એટલે બેઇન્દ્રિય એકેન્દ્રિય રહિત ચારેકોરથી બાંધેલ એવા સ્થાનમાં બેસીને

બીજા સાધુઓની સાથે ખડખડ અવાજ ન થતા અને અન્નના કણુ નીચે ન વેરાય એવી રીતે ગોચરી વાપરવી, જો યાચકને ન આપે તો નિંદા થાય અને આપે તો પુણ્ય સદ્‌ભાવનો સંબંધ થાય માટે એકાંત સ્થળે વાપરવું.

**सुकडि त्ति सुपक्कि त्ति, सुच्छिन्ने सुहडे मडे ।**
**सुणिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥३६॥**

સારૂં કરેલ છે, બરાબર પકાવેલ છે, સારી રીતે મળેલ છે. ઠીક સુધાર્યું છે, ઘી સાકર મેળ મળી ગએલ છે વગેરે અન્નના વખાણના સાધુએ સાવદ્ય વચન ન બોલવાં. પણ નિર્દોષ વચન બોલવું.

**रमए पंडिए सासं, हयं भद्दं व वाहए ।**
**बालं सम्मई सासंतो, गलियस्सं व वाहए ॥३७॥**

ગુરુઓ પંડિત બુદ્ધિમાન શિષ્યને શાસન કરતાં, ભલા ઘોડાને ખેલાવનારની પેઠે રમે છે. અને મૂર્ખ શિષ્યને શીખવતાં અપલોટ અશ્વને ચલાવતા સ્વારની પેઠે થાકી જાય છે. કુશિષ્યને ભણાવતાં ગુરુ દુઃખી થાય છે.

**खड्डुया मे चवेडा मे, अक्कोसा य वहा य मे ।**
**कल्लाणमणुसासंतो, पावदिट्ठि त्ति मन्नइ ॥३८॥**

આ ગુરુ પાપ દૃષ્ટિ છે મને હાકલો મારે છે, થપડ મારે છે, ગાળો દે છે, પ્રહાર કરે છે એમ દુર્વિનિત શિષ્ય ગુરુને આલોક–પરલોકનું હિત કરનાર હોવા છતાં દોષવાળા માને છે.

पुत्तो मे भाय नाइत्ति, साहू कल्लाण मन्नइ ।
पावदिट्ठि उ अप्पाणं, सासं दासित्ति मन्नइ ॥३९॥

વિનીત શિષ્ય ગુરુની સ્તુતિ કરતાં કહે છે કે ગુરુ મને પુત્રની જેમ, ભાઇની જેમ, જ્ઞાતિ પોતાનો સમજી ભણાવે છે એમ માને છે. જ્યારે દુર્વિનીત શિષ્ય એમ માને છે કે ગુરુ મને દાસ જેવો ગણી તરછોડે છે આથી મનમાં દુઃખીત થઈ ગુરુની નિંદા કરે છે.

न कोवए आयरियं, अप्पाणंपि न कोवए ।
बुद्धोवघाई न सिया, न सिया तोत्तगवेसए ॥४०॥

સુશિષ્યે આચાર્યને ન કોપવવા, તેમ પોતાના આત્માને પણ ન કોપાવવો. ગુરુનો ઉપઘાત કરવા તત્પર ન થવું, દ્રવ્યથી કે ભાવથી તે તેમનો ગવેષક ન બને. દ્રવ્યથી ધોલથપાટ મારવી અને ભાવથી ખરાબ વચન તોછડાઇ ભર્યાં ન બોલે કે ગુરુને શિક્ષા કરવાનો વખત ન આવવા દે.

आयरियं कुवियं नच्चा, पत्तिएण पसायए ।
विज्झवेज्ज पंजलीउडो, वएज्ज न पुणो त्ति य ॥४१॥

આચાર્યને કુપિત જાણીને તેમને પ્રીતિ ઉત્પન્ન કરે તેવા વચનોવડે પ્રસન્ન કરવા, વળી હાથ જોડી ફરી આમ નહિ કરૂં એમ કહી તેમનો કોપ શાન્ત કરવો

धम्मज्जियं च ववहारं, बुद्धेहायरियं सया ।
तमायरंतो ववहारं, गरहं नाभिगच्छइ ॥४२॥

ધર્મથી સંપાદિત તથા સદા બુદ્ધ તત્ત્વજ્ઞ પુરુષોએ

આચરિત અને વિશેષતઃ પાપ વર્જીત એવા વ્યવહારને સમ્યક્ પ્રકારે આચરતો સાધુ કયાંય પણ નિંદા પામતો નથી.

**मणोगयं वक्कगयं, जाणित्तायरियस्स उ ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥४३॥**

વિનીત શિષ્યે આચાર્યના મનમાં ભાવેલું અને વાણીમાં ભાવેલું કાર્ય જાણી લઇને પોતે વાચાથી હું એ કામ કરી આપીશ એમ સ્વિકારી ગુરુનું કાર્ય સારી રીતે કરવું.

**वित्ते अचोइए निच्चं, खिप्पं हवइ सुचोइए ।**
**जहोवइट्ठं सुकयं, किच्चाइं कुव्वई सया ॥४४॥**

ગુણવાન શિષ્ય ગુરુએ અપ્રેરિત છતાં સર્વ કાર્યમાં નિત્ય પ્રવૃત્ત થાય પણ ગુરુ પ્રેરણા કરે તો એમ ન કહે કે હું કામ તો કરૂં છું મને શા માટે કહ્યા કરો છો એમ સામું ન બોલે પણ ગુરુની આજ્ઞા થતાં આળસ કર્યા વગર જલ્દી કાર્ય કરી આપે.

**नच्चा नमइ मेहावी, लोए कित्ती से जायइ**
**हवई किच्चाणं सरणं, भूयाणं जगइ जहा ॥४५॥**

બુદ્ધિમાન શિષ્ય જાણી સમજીને નમે છે તે નમ્ર શિષ્યની લોકમાં કીર્તિ થાય છે. જેમ વૃક્ષોનો આ પૃથ્વી આશ્રય છે. તેમ સર્વ સાધુ કાર્યનો એ વિનયી સાધુ આશ્રય થાય છે, કૃતપુણ્ય બને છે.

**पुज्जा जस्स पसीयंति, संबुद्धा पुव्वसंथुया ।**
**पसन्ना लाभइस्संति, विउलं अट्ठियं सुयं ॥४६॥**

તત્વજ્ઞાની તથા પૂર્વ પરિચિત એવા પૂજ્ય આચાર્યો જે શિષ્યને પ્રસન્ન થાય છે. તેને મન વાંછિત પુષ્કળ શાસ્ત્ર શ્રવણનો લાભ કરાવે છે. પૂર્વ પરિચિત એટલે શરૂઆતથી જ ગુરુનું વૈયાવચ્ચ કરનાર.

**स पुज्जसत्थे सुविणीयसंसए, मणोरुई चिट्ठइ कम्मसंपया ।**
**तवोसमायारिसमाहिसंवुडे, महज्जुई पंच वयाइं पालिया ॥४७॥**

તે પૂજ્ય પ્રશસ્ત શાસ્ત્ર અધ્યયન સંપન્ન તથા સમ્યક્ પ્રકારે ગુરુએ ટાળેલ છે સંશય જેના અને ગુરુના મનને ગમતો એ શિષ્ય દશવિધ સાધુસામાચારીથી સંયુક્ત તપ અને સમાધિવડે પંચ મહાવ્રતનું પાલન કરી મહાદ્યુતિવાળો થાય છે. જેણે ગુરુકુળવાસ સેવ્યો નથી તે નૃત્ય કરતા મયૂરોનો પાછલો ભાગ જોઈ હ્યો તેના જેવો છે.

**स देवगंधव्वमणुस्सपूइए, चइत्तु देहं मलपंकपुव्वयं ।**
**सिद्धे वा हवई सासए, देवे वा अप्परए महिड्ढिए ॥४८॥**

તે વિનયવાન શિષ્ય દેવ ગાંધર્વ તથા મનુષ્યોથી પૂજિત શુક્રશોણીત દેહને ત્યજીને શાશ્વત સિદ્ધ થાય છે અથવા મોટી સમૃદ્ધિવાળા દેવ થાય છે. થોડા કર્મ બાકી રહે તે બીજે ભવે સિદ્ધ થાય એમ હું કહું છું.

## બીજું પરીષહ અધ્યયન

**सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं इह खलु बावीसं परीसहा, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया जे भिक्खू सोच्चा नच्चा जिच्चा अभिभूय भिक्खायरियाए परिव्वयंतो पुट्ठो नो विहण्णेज्जा ॥**

હે આયુષ્યમાન જંબૂ! તે પ્રસિદ્ધ જ્ઞાનવાન ભગવાન સદ્ગુરુએ એમ જે કહ્યું તે મેં સાંભળ્યું. આ જિન-શાસનમાં કાશ્યપ ગોત્રી ભગવાન મહાવીરે બાવીસ પરિષહ સ્ફુટ રીતે સ્વયં જાણેલા છે. કારણ કે તીર્થંકરો સ્વયં સંબુદ્ધ હોવાથી આત્માગમ કહેવાય. ગણધરો સાંભળે અને કહે તે અનંતરાગમ કહેવાય. તે શિષ્યોને કહે તે પરંપરા-ગમ કહેવાય. જે સાધુપુરુષોએ સહન કરાય તે પરિષહ ને સાધુ ગુરુમુખથી સાંભળીને યથાર્થ સ્વરૂપે સમજી વારં-વાર અભ્યાસ દ્વારા પરિચિત કરીને ફરી તે પરિષહોનો ધૈર્ય ધારણપૂર્વક સ્વિકાર કરી ભિક્ષાચર્યામાં વિહરતો, એ સાધુ બાવીસ પરીષહથી ઘેરાઈ સંયમરૂપ શરીરપાત કરી મૃત ન થાય. આમ સુધર્મા સ્વામીએ કહ્યું ત્યારે જંબૂસ્વામી ગુરુને પૂછે છે.

**कयरे खलु ते बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया !**

**जे भिक्खू सोच्चा नच्चा अभिभूय भिक्खायरियाए परिव्वयंतो पुट्ठो नो विहन्निज्जा ॥**

હે સ્વામિન્! તે બાવીસ પરિષહ કયા કયા નામવાળા છે? જે પરીષહોને સાંભળીને, જાણીને, જિતીને અભિભૂત કરીને, ભિક્ષાચર્યામાં વિહરતો સાધુ એ બાવીસ પરિષહોવડે ઘેરાયેલો સંયમ શરીરપાત દ્વારા મૃત ન થાય?

**इमे खलु ते बावीसं** આ તરત કહેવાશે તેનાં નામ.

**तं जहा दिगिंछापरीषहे, पिवासा, सीय, उसणय, दंसमसय अचेलय, अरइ, इत्थी, चरिया, निसीहिया, सिज्जा, अक्कोस वह, जायणा, अलाभ, रोग, तणफास, मल्ल, सक्कार-पुरक्कार पन्ना, अन्नाण, दंसणपरीसहे, जिघत्सानुं अपभ्रंशदिगंछा**

ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણુ, દંશમસક, અચેલક, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણુસ્પર્શ, મલ, સત્કાર પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શન એ બાવીસપરિષહો છે.

**परीसहाणं पविभत्ती, कासवेणं पहेइया ।**
**तं मे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥**

હે શિષ્યો ! પરિષહોનો પૃથક્ પૃથક્ વિભાગ કાશ્યપ-ગોત્રીય શ્રી મહાવીરદેવે જેવી રીતે પ્રકર્ષે કરી જાણ્યા તે જણાવેલ છે. તે હું તમોને અનુક્રમે કહી દેખાડીશ એ પરિષહો હું કહું તે તમે શ્રવણ કરો.

**दिगिंछापरिगए देहे, तवस्सी भिक्खू थामवं ।**
**न छिंदे न छिंदावए न पए न पयावए ॥२॥**
**कालीपव्वंगसंकासे, किसे धमणिसंतए ।**
**मायन्ने असणपाणस्स, अदीणमणसो चरे ॥३॥**

તપસ્વી ભિક્ષુ પોતાનો દેહ ક્ષુધાથી ઘેરાઇ જાય તો પણ મનની દ્રઢતા ધારી પોતે ફળને છેદે નહિ તેમ છેદાવે પણ નહિ. પોતે રાંધે નહિ તેમ રંધાવે પણ નહિ. તપસ્વી મનોબળ યુક્ત કાગડાની ટાંગ જેવા જેના અંગ છે તે

દુર્બળ છે. તથા આખું શરીર નસોથી વ્યાપ્ત દેખાય તેવો ખાવાપીવાની માત્રાને જાણીને પોતાના પેટ પુરતી અન્નમાત્રા ગ્રહણ કરે. રસમાં તૃષ્ણાવાળો બની અન્નાદિકની અધીક માત્રા ગ્રહણ ન કરે વળી એ સાધુ મનમાં દીનતા ન રાખે, તપના પારણા પ્રસંગે આહાર ન મળે તો પણ દીન ચિત્ત ન થાય. અને સંયમમાર્ગમાં પ્રવૃત્ત રહે. જો આહાર નહિ મળે તો મારૂં તપ વૃદ્ધિ પામશે. અને મળી જશે તો દેહનું ધારણ થશે. એમ દૃઢ ચિત્તથી વર્તે. આ ક્ષુધા પરિષહમાં હસ્તિમિત્રને તેના પુત્ર હસ્તિભૂતનું દૃષ્ટાંત જાણવું.

દુકાળના સમયે પિતા પુત્રે દીક્ષા લીધી. સાધુઓ સાથે ભોજપુર તરફ વિહાર કરતાં પિતાનો પગ કાંટાથી વિંધાઈ ગયો. તેથી ચાલવા અશક્ત બન્યો. સાધુઓએ તેને વારાફરતી દોરીને લઈ જવાનું કહ્યું. પણ તેણે કહ્યું કે, મારૂં આયુષ્ય અલ્પ હોવાથી તમે બધા સુખેથી જાઓ. હું અહીં જ રહીશ. પુત્રની ઈચ્છા પિતાથી વિખુટા પડવાની ન હોવા છતાં પરાણે સાધુઓ તેને લઈ ગયા. પિતા ઉપરના મોહથી સાધુઓને છેતરી તે પિતા પાસે આવ્યો. ત્યારે તેના પિતા ક્ષુધા પરિષહ સહન કરી કાળ કરી દેવ થયા હતા.

તે પુત્ર પરના મોહથી ત્યાં આવ્યા. પુત્ર ભુખથી પીડાતો છતાં કાંઈ ફલાદિક તોડીને ખાતો નથી. તેથી તે દેવ પોતાના કલેવરમાં આદિષ્ટ થઈ બોલ્યો કે હે વત્સ ! ભિક્ષા લેવા જા. પુત્રે કહ્યું કે ક્યાં જાઉં ? તેણે કહ્યું. પેલા

ધવવૃક્ષની ઝાડીમાં જા ત્યાં રહેલા લોકો તને ભિક્ષા આપશે. દેવે નરનારીનું રૂપ કરી દિવ્ય શક્તિવડે અન્નપાનાદિ દેવા માંડયું. એમ કરતાં દુકાળ ઉતરતાં ભોજકટ નગરથી પાછા વળેલાં સાધુઓ ત્યાં આવ્યા. જુનું શબ જોઇ દિવ્ય પ્રયોગ જાણીને પાછા એ બાળમુનિને લઇ વિહાર કર્યો. પિતાપુત્રે જેવી રીતે ક્ષુધાપરિષહ સહન કર્યો. તેવી રીતે સાંપ્રતકાળના મુનિઓએ પણ ક્ષુધાપરિષહ સહન કરવો.

तओ पुट्ठो पिवासाए, दोगुंछी लज्जसंजए ।
सीओदगं न सेवेज्जा, वियडस्सेसणं चरे ॥४॥
छिन्नावाएसु पंथेसु, आउरे सुपिवासिए ।
परिसुक्कमुहेऽदीणे, तं तितिक्खे परीसहं ॥५॥

ગામ નગરાદિમાં ભિક્ષા અર્થે ફરતાં અનાચારથી ડરતો તથા લજ્જાવડે શરમાઇને સમ્યક્ પ્રકારે યત્ન કરતો તપસ્વી સાધુ ક્ષુધાપરિષહ પછી તૃષાથી બાધિત થયો થકો ઠંડુ પાણી ન પીએ પણ અગ્નિ આદિકથી શુદ્ધ થએલ જળની ગવેષણા કરે. એટલે ગૃહસ્થના ઘેર પ્રાસુક પાણી મેળવવા ફરે. જંગલમાં પાણી ન મળતાં એમ ન વિચારવું કે અહિં કોઈ દેનાર ગૃહસ્થ નથી તો હું મારી મેળે જ જળ લઈને પીઉં, આવા વખતે તૃષા સહન કરવી. તાળવું, હોઠ, જીભ સુકાતી હોય છતાં સચિત્ત પાણી પીવું નહિ, અને સમતાએ સહન કરવું. આ વિષયમાં પણ સાધુ થએલ પિતા-પુત્રનું દૃષ્ટાંત છે.

ધનમિત્ર નામે વણિકને ધનશર્મા નામે પુત્ર હતો. બન્નેએ દીક્ષા લીધી. રસ્તે ચાલતાં ક્ષુલ્લક સાધુ તૃષાથી પીડાવા લાગ્યો. એટલામાં નદી આવતાં પિતાએ પુત્રને કહ્યું કે, પાણી પી લે પછી આલોચનાથી શુદ્ધિ કરી લેવાશે. પણ પુત્રે પાણી પીધું નહિ. તેથી પિતાએ વિચાર્યું કે, મારી હાજરીમાં પાણી પીતાં અચકાય છે. એમ વિચારી પિતા ઉતાવળથી આગળ ચાલી નદી ઉતરી ગયા પુત્રે ખોબામાં પાણી લઇ વિચાર્યું કે, આ સચિત્ત પાણી કેમ પીવાય ? જ્યાં જળ ત્યાં વન અને વન ત્યાં અગ્નિ ને વાયુ હોય. એક જળ બિંદુમાં પણ અસંખ્યાત પાણીના જીવો રહેલા છે. તો બીજાના પ્રાણને હણીને પોતાને ઉગારે છે તે થોડા જ દિવસમાં આત્માનો નાશ કરી અધોગતિએ જાય છે. એમ વિચારી ખોબામાં લીધેલું પાણી નદીમાં નાખી દીધું. તૃષા સહન કરી મરીને દેવ થયો. અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વ વૃત્તાંત જાણી ત્યાં આવી ગાયોનું ગોકુળ રાખ્યું. તેથી તે માર્ગે જતા આવતા સાધુઓ છાશ વગેરે નિર્દોષ ગ્રહણ કરી આગળ જતા હતા. ત્યારે તે દેવે પોતાનું સ્વરૂપ જણાવવા એક સાધુનો વીંટીઓ ગોકુળમાં રાખ્યો. તે વીંટીઓ લેવા એક સાધુ ગોકુળમાં આવ્યો તો ત્યાં કંઈ પણ દીઠું નહિ તેથી વીંટીઓ લઇ સાધુઓ પાસે આવી બધી હકીકત કહી.

સાધુઓએ દેવમાયા જાણી મિથ્યા દુષ્કૃત દીધું ત્યારે તે દેવે પ્રગટ થઈ પોતાના પિતા સિવાય સર્વ સાધુને વંદન કર્યું. પિતાએ વંદન ન કરવાનું કારણ પુછતાં

તે દેવે પોતાનો સઘળો વૃત્તાંત જણાવ્યો. અને કહ્યું કે, તમારા કહેવા મુજબ જો મેં જળપાન કર્યું હોત તો દેવની ઋદ્ધિ મળત નહિ. સાધુઓએ ક્ષુલ્લક સાધુની જેમ તૃષા-પરિષહ સહન કરવો.

चरंतं विरयं लूहंसीयं फुसइ एगया ।
नाइवेलं मुणी गच्छे, सुच्चा णं जिणसासणं ॥६॥
नमे निवारणं अत्थि, छवित्ताणं न विज्जई ।
अहंतु अग्गिं सेवामि, इइ भिक्खु न चिंतए ॥७॥

કોઇ વખતે ગ્રામાંતરે વિચરતાં અગ્નિ પ્રકટાવવાના કાર્યથી નિવૃત્ત થએલા તથા રૂક્ષ અંગવાળા સાધુને શીત સ્પર્શ કરે, ટાઢવાય તથાપિ મુનિએ જિનશાસન સાંભળીને ટાઢની બીકથી સ્વાધ્યાયાદિકને કારણે ક્યાંઇ જવું નહિ, મારે ટાઢનું નિવારણ કરે તેવું છાપરા જેવું કંઇ નથી તેમ ટાઢથી ચામડીનું રક્ષણ કરે તેવું કંબલાદિક પણ નથી તો પછી હું અગ્નિથી તાપું. એમ ભિક્ષુએ મનમાં કદાપિ વિચાર સરખો પણ કરવો નહિ. કારણ કે જીવ અને દેહ બન્ને ભિન્ન છે. દેહની રક્ષા માટે આત્માનું બગાડવું નહિ. શીતપરિષહ સહન કરવા ઉપર ભદ્રબાહુના ચાર શિષ્યોની કથા.

રાજગૃહમાં ચાર સરખી ઉંમરના વૈશ્યો દીક્ષા લઈ શાસ્ત્રાધ્યયન કરી વિહાર કરતા ભદ્રબાહુ ગુરુ પાસે આવ્યા. તે વખતે હેમંતઋતુ ચાલતી હતી. તે ચારે ભિક્ષા ભોજન કરી પાછા વળતાં છેલ્લી પોરીસી વૈભાર પર્વતની ગુફાના

દ્વારમાં એક જણે પૂરી કરી, બીજાએ નગરના ઉદ્યાનમાં, ત્રીજાએ ઉદ્યાનની સમીપમાં અને ચોથાએ નગરની સમીપમાં પૂરી કરી રાત્રી રહ્યા. ગુફા પાસેનો પહેલા પહોરે ઉદ્યાન-વાળો, બીજા પહોરે ઉદ્યાનની સમીપવાળો, ત્રીજા પહોરે નગરની સમીપવાળો, ચોથા પહોરે શીતપરિષહ સહન કરી મૃત્યુ પામ્યા અને દેવલોકમાં ઉત્પન્ન થયા. તે રીતે સર્વ સાધુએ શીતપરિષહ સહન કરવો જોઇએ.

उसिणप्परियावेण, परिदाहेण तज्जिए ।
घिंसु वा परिदावेणं, सायं नो परिदेवए ॥८॥
उण्हाहितत्तो मेहावी, सिणाणं नो वि पत्थए ।
गायं नो परिसिंचेज्जा, न वीएज्जा य अप्पयं ॥९॥

ગ્રીષ્મ અને શરદ ઋતુમાં ઉષ્ણ પરિતાપે કરી સર્વાંગ ધામવડે અને સૂર્યના સખત તાપવડે અકળાએલા સાધુઓ હાય! આ તાપ ક્યારે શાંત થાય એવો પ્રલાપ ન કરે. મેધાવી સાધુ ગરમીથી તપે તથાપિ સ્નાનની ઇચ્છા ન કરે. તેમ પોતાનાં ગાત્રોને જળથી સિંચે નહિ, પંખાથી વીંઝે નહિ. અર્થાત્ ઉષ્ણ પરિસહ સહન કરે તે ઉપર અરણીક-મુનિનું દૃષ્ટાંત વિચારવું. તપ્તશીલા પર સંથારો કરી અનશન આદરી દેવલોકે ગયા તેમ સાધુએ કરવું.

पुट्ठो य दंसमसएहिं, सम एव महामुणी ।
नागो संगामसीसे वा, सूरो अभिहणे परं ॥१०॥
न संतसे न वारेज्जा मणं पि न पओसए ।
उवेहे न हणे पाणे, भुंजंते मंससोणियं ॥११॥

સમભાવી મહામુનિ દંશ મશકાદિવડે ડંખ લાગતાં પીડીત થાય તો પણ સંગ્રામની મોખરે રહેલા હાથી અથવા શૂરવીર જેમ પરશત્રુને હણે તેમ સાધુ અંતરશત્રુ ક્રોધાદિકને હણે. એ ડાંસ, મચ્છર, મસલાં, જુ વગેરેથી ત્રાસ ન પામે. તેને મારે નહિ. પોતાના મનને દુષીત ન કરે, પોતાના માંસ રૂધિરને ખાતા એવા એ પ્રાણીઓને હણે નહિ. પણ તેની ઉપેક્ષા કરે. ચંપા નગરીના જિતશત્રુ રાજાનો પુત્ર શ્રમણભદ્ર દીક્ષા લઈ એકાકી વિહાર કરતો જંગલમાં એક સ્થળે બેઠો. ત્યાં ડાંસ મચ્છરના ઉપદ્રવમાં નિશ્ચળ રહ્યો ને વિચારવા લાગ્યો કે આ જીવે અનંતીવાર નરકની વેદના ભોગવી છે. તો આ તો સહન કરવી સહેલ છે. અંતે ડાસ મચ્છરની પીડાથી મરણ પામી સ્વર્ગે ગયો.

**परिजुण्णेहिं वत्थेहिं, होक्खामि त्ति अचेलए ।**
**अदुवा सचेले होक्खामि, इह भिक्खू न चिंतए ॥१२॥**
**एगयाऽचेलये होइ, सचेले आवि एगया ।**
**एयं धम्महियं नच्चा, नाणी नो परिदेवए ॥१३॥**

અતિ જીર્ણ વસ્ત્રથી હવે હું વસ્ત્ર વગરનો થઇ જઇશ અથવા આ જુનાં વસ્ત્ર જોઈ મને કોઇ વસ્ત્ર આપે તેથી હું વસ્ત્ર સહિત થઇશ. એવી રીતે ભિક્ષુ કદાપિ ચિંતવે નહિ. કોઇ અવસ્થામાં વસ્ત્ર વિનાના અથવા જીર્ણ વસ્ત્રવાળા હોય તેમ વસ્ત્ર સહિત પણ હોય. આ બન્નેને ધર્મમાં ઉપકારક માની જ્ઞાની સાધુ કદાપિ ખેદ ન કરે. મળે તો હર્ષ પામે નહિ, ન મળે તો ખેદ કરે નહિ. આર્યરક્ષિતના પિતાનું દૃષ્ટાંત જાણવું.

આર્યરક્ષિતના પિતાએ બે મોટાં વસ્ત્ર, જનોઈ, કમંડલુ, છત્ર ને પગરખાં રાખી દીક્ષા લીધી. સાધુઓએ શીખવી રાખેલ ગૃહસ્થના બાળકોએ તેમને છોડી બધાને વંદન કર્યું. તેથી ખેદ પામી એક ધોતી સિવાય બીજું બધું મુકી દીધું. ધોતી મુકાવવા લાગ જોઈ કહ્યું કે, આ સાધુના દેહને કાંધે ઉપાડતાં ઘણી નિર્જરા થશે. પણ ઉપદ્રવ સહન કરવો પડશે. વૃદ્ધ સાધુએ કબુલ કરી સાધુના મડદાને કાંધે ઉપાડી ચાલ્યા, પાછળથી ગૃહસ્થના બાળકોએ ધોતીયું કાઢી નાખ્યું. તેથી વૃદ્ધ સાધુ નગ્ન થતાં મડદુ નીચે મુકવા લાગ્યા. ત્યારે બાળકોએ કહ્યું કે, મડદુ નીચે મુકશો નહિ. એમ કહી તેમના કેડે વસ્ત્ર લપેટયું. પછી તે વૃદ્ધ શબને નગરના બારણે મુકી આવી પુત્રોને કહ્યું કે, મહાન ઉપદ્રવ થયો. આચાર્યે શિષ્યોને કહ્યું કે, ધોતીયું લાવી પહેરાવો. ત્યારે વૃદ્ધે કહ્યું કે, હવે પહેરવું નથી. કારણ કે જે દેખાવાનું હતું તે દેખાઈ ગયું. એવી રીતે અચેલકપરિસહ પાછળથી સહન કર્યો તેમ સર્વ સાધુએ સહન કરવો.

**गामाणुगामं रीयंतं, अणगारं अकिंचणं ।**
**अरइ अणुप्पविसेज्जा तं तितिक्खे परीसहं। ।१४।।**
**अरइं पिट्ठओ किच्चा, विरए आयरक्खिए ।**
**धम्मारामे निरारंभे उवसंतो मुणी चरे ।।१५।।**

ગામે ગામ વિચરતા અણગાર પરિગ્રહ વર્જીત તે મુનિને સંયમ પાળવામાં અણગમો આવે તો કંટાળો ન

લાવતાં સહન કરવા ટેવાવું. અરતિને મનથી વેગળી કરીને ઉપશમ પામેલા તથા આત્મરક્ષણમાં સાવધાન કોઈપણ કાર્યને નહિ આરંભનારા અને ક્રોધાદિક જેમના શમી ગયા છે. એવા મુનિને ધર્મરૂપ આરામ સ્થાનમાં વિચરવું. અરતિ પરિષહ ઉપર રાજપુત્ર અને મંત્રીપુત્રની કથા જાણવી.

અચળપુરમાં જિતશત્રુ રાજાનાં પુત્ર અપરાજીતે રોહાચાર્ય પાસે દીક્ષા લીધી. એકદા તે વિહાર કરી તગરાનગરે આવ્યો. ત્યારે ઉજ્જૈનીથી વિહાર કરી રોહાચાર્ય પણ ત્યાં આવ્યાં. અપરાજીતે ઉજ્જૈનીનું સ્વરૂપ પુછતાં આચાર્યે કહ્યું કે, બીજુ તો ઠીક પણ ત્યાં રાજપુત્ર ને અમાત્યપુત્ર બન્ને સાધુને બહુ ઉપદ્રવ કરે છે. આ જાણી પોતાના ભાઈ ભત્રીજાને બોધ દેવા અપરાજીત મુનિ તુરત ઉજ્જૈની આવી રાજકુલે જઈ ધર્મલાભ આપી ઉભા રહ્યા. ત્યારે રાજપુત્રે ને અમાત્યપુત્રે કહ્યું કે, નૃત્ય કરતાં આવડે છે ? સાધુએ કહ્યું, તમે વાદ્ય વગાડો તો હું નાચું પછી તે બન્ને વાદ્યના અજાણ હોવાથી બરાબર વગાડતા ન હોવાથી સાધુએ તેમને પકડીને બન્નેના હાથ પગના સાંધાઓ મરડી નાખ્યા ને ઉપાશ્રયે જતા રહ્યા. રાજપુત્રને અમાત્યપુત્રે રાડ પાડતા સાંભળી રાજાએ બધી હકીકત જાણી. ઉપાશ્રયે આવી મુનિને ખમાવી કહ્યું કે, અપરાધી એવા અમારા પુત્રો ને સાજા કરો. ગુરુએ કહ્યું કે, તેઓ દીક્ષા લે તો સાજા કરૂં. રાજાએ કબુલ કરતાં સાજા કરી બન્નંને દીક્ષા આપી.

રાજપુત્રે દીક્ષા સારી પાળી પણ અમાત્યપુત્રે ઉદ્વેગ કરી

વિચાર્યું કે ગુરુએ મને બળજબરીથી દીક્ષા આપી છે. બન્ને ચારિત્ર પાળી સ્વર્ગે ગયા. આ અવસરે કૌશંબી નગરીમાં એક તાપસ શેઠીઓ મરીને પોતાને જ ઘરે શુકર થયો તે જાતિસ્મરણથી જાણવા છતાં બોલી શકતો નથી. એટલે તેના પુત્રોએ તેને મારી નાખ્યો. તે મરીને સર્પ થયો. તે ભવમાં પણ જાતિસ્મરણ જ્ઞાનવાળો હતો. ઘરમાં સાપ દેખી તેના પુત્રોએ તેને મારી નાખ્યો. તે મરીને પોતાના પુત્રનો પુત્ર થઇને અવતર્યો. જન્મતાં જ જાતિ-સ્મરણથી પોતાના પુત્રને પુત્રવધૂ ને માતાપિતા કહી કેમ બોલાવાય! એમ સમજી મુંગો રહ્યો. તે નગરમાં ચતુર્જ્ઞાની મુનિ પધારતાં તે મુંગાને બોધ પમાડવા એક શિષ્યને ગાથા ભણાવી તેની પાસે મોકલ્યો. તે ગાથાનો અર્થ મુંગાએ વિચાર્યો કે, હે તાપસ! તું મરીને શૂકર થયો, પછી સર્પ થયો અને હવે પુત્રનો પુત્ર થયો તો મુંગો કેમ રહે છે? આ સાંભળી મુંગો બોધ પામ્યો ને શ્રાવક બન્યો.

એવામાં અમાત્ય પુત્રનો જીવ દેવ થએલો. તેણે મહાવિદેહમાં વિચરતા તીર્થંકરને પૂછયું કે, હું સુલભ-બોધી છું કે દુર્લભબોધી છું? તીર્થંકરે કહ્યું કે, તું દુર્લભબોધી છું અને કોશંબી નગરીમાં મુંગાનો ભાઇ થઇને અવતરીશ. આ સાંભળી તે દેવે કૌશંબીમાં મુંગા પાસે જઈ કહ્યું કે, જ્યારે હું ચ્યવીને તારી માતાના ઉદરમાં ઉત્પન્ન થઇશ ત્યારે તેણીને આમ્રફળ ખાવાનો દોહલો થશે તો હું દેખાડું તે આંબો બારે માસ ફળે છે. તેના ફળ લાવી માતાનો દોહલો પૂરજે. અને મને ધર્મની

પ્રાપ્તિ થાય તેમ કરજે. એમ કહી દેવ ગયો ને ચ્યવીને મુંગાની માના ઉદરમાં ઉત્પન્ન થયો. દોહલો ઉત્પન્ન થતાં મુંગાએ આમ્રફળ લાવી દોહલો પૂર્યો. અનુક્રમે તે પુત્રનો જન્મ થયો. મુંગો તેને દેરાસર ઉપાશ્રયે લઈ જાય છે. પણ દુર્લભબોધી હોવાથી બોધ પામતો નથી. પછી મુંગાએ દીક્ષા લીધી સંયમ પાળીને સ્વર્ગે ગયો. તેણે ભાઇને પ્રતિબોધ કરવા તેના શરીરમાં જલોદરનો વ્યાધિ ઉત્પન્ન કર્યો. મુંગે વૈદ્યનું રૂપ ધારણ કરી તેનો રોગ મટાડી કહ્યું કે, આ દવાઓનો કોથળો ઉપાડીને મારી સાથે ચાલ. દેવમાયાથી કોથળો વજનદાર કર્યો તેથી તે ભાર ઉપાડી શક્યો નહિ. તે જોઈ વૈદ્યે કહ્યું કે, દીક્ષા લે તો તારે ભાર ઉપાડવો પડશે નહિ. તેણે દીક્ષા લીધી. પછી દેવ ચાલ્યો ગયો. ત્યારે તેણે દીક્ષા છોડી દીધી. ફરી દેવે તેને જલોદરના વ્યાધિવાળો કર્યો અને ફરી દીક્ષા અપાવી તેનો વ્યાધિ મટાડ્યો. પછી દેવે તેને ઘણી ઘણી રીતે પ્રતિબોધપમાડ્યો. છેવટે તે દુર્લભબોધિએ દેવભવમાં બે કુંડલ મુંગાને બતાવીને ચૈત્યના ખુણામાં મૂક્યા હતાં. તે દેવ થએલ મુંગાએ તેને ત્યાં લઈ જઇને બતાવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પ્રતિબોધ પામ્યો. આ રીતે તે સાધુને પ્રથમ અરતિ થઈ અને પાછળથી બોધ પામતાં રતિ થઇ.

**संगो एस मणूस्साणं, जाओ लोगम्मि इत्थिओ ।**
**जस्स एया परिन्नाया, सुकडं तस्स सामण्णं ॥१६॥**
**एयमादाय मेहावी, पंकभुया उ इत्थीओ ।**
**नो ताहिं विणिहन्नेज्जा, चरेज्जत्तगवेसए ॥१७॥**

આ લોકમાં મનુષ્યોને સ્ત્રીઓ બંધનરૂપ છે. જે સાધુએ એ સ્ત્રીઓને સર્વાંશે જાણી અનર્થકારીણી તરીકે ઓળખીને ત્યજી છે. તે સાધુનું સાધુપણું સફળ થયું. મેધાવી સાધુ સ્ત્રીઓ કાદવરૂપ મલીનતા આપનારી એમ મનમાં ગ્રહણ કરીને તે સ્ત્રીઓવડે વિહત ન થાય, પોતાના સંયમને જોખમમાં ન નાખે પરંતુ આત્માના ઉદ્ધારનો ઉપાય શોધતો વિહરે. સ્ત્રી ત્યાગ ઉપર સ્થૂલભદ્રનું દૃષ્ટાંત જાણવું. જે બાર વર્ષ વેશ્યાને ઘેર સ્થૂલભદ્ર રહ્યા તેના ત્યાં ચોમાસું કરી તેમાં લપટાયા નહિ અને તેને પ્રતિબોધી શ્રાવીકા બનાવી તે સ્થૂલભદ્ર ખરેખર સ્ત્રીના સહવાસમાં પણ અડગ રહ્યા તો ગુરુએ તેના વખાણ કર્યા.

**एग एव चरे लाढे, अभिभूय परीसहे ।**
**गामे वा नगरे वावि, निगमे वा रायहाणिए ॥१८॥**
**असमाणो चरे भिक्खू, नेव कुज्जा परिग्गहं ।**
**असंसत्तो गिहत्थेहिं, अणिएओ परिव्वए ॥१९॥**

સંયમી સાધુ ક્ષુધાદિ પરિષહો વડે પીડીત છતાં તે સહન કરીને ગામમાં, નગરમાં, વણિકની વસ્તીવાળા પ્રદેશમાં કે રાજધાનીમાં પણ એકલો જ વિચરે, કોઇની સાથે સમાનતા ન ધારતો વિચરે અને ગ્રામાદિકમાં કયાંઇ મમતાદિક ન જ કરે તેમ ગૃહસ્થો સાથે લેશપણ આસક્તિ વગરનો ગૃહાદિ રહિત ચારે કોર વિહાર કરે કાંટાની વાડવાળાં ગામ કહેવાય, કિલ્લાગઢવાળાં નગર કહેવાય, વેપારીઓનાં સ્થાન નિગમ કહેવાય, રાજાઓ

રહેતા હોય તે રાજધાની કહેવાય, ચર્યાપરિષહ ઉપર સંગમ સ્થવિરનું દૃષ્ટાંત આ રીતે છે. કોલ્લાગપુરમાં દુકાળના સમયે શિષ્યોને દેશાંતર મોકલી નગરના નવ ભાગ કરી રહેતા હતા (નવકલ્પી વિહાર ન્યાયે) નગરપાલિકા દેવી તેના ગુણોથી રાજી રહેતી હતી. એક વખત દત્ત નામે શિષ્ય ગુરુવંદન કરવા ત્યાં આવ્યો, ત્યારે ગુરૂ શિષ્યને લઈ કોઈ ધનાઢ્યને ઘેર વહોરવા ગયા. તેના બાળકને વ્યંતરે ગ્રહિત કરેલો હોવાથી રોયા કરતો હતો. તેને ગુરૂએ ચપટી વગાડી રોતો બંધ કર્યો ને આહાર વહોર્યો તે સરસ આહાર શિષ્યને આપી ગુરૂએ અંતપ્રાંત આહાર લાવી વાપર્યું. પ્રતિક્રમણ વખતે શિષ્યને આહારદોષની આલોચના કરવા કહ્યું. શિષ્યે ગુરૂનો ધાત્રીપિંડદોષ વિચારતાં દેવતાએ અંધકાર કરી દીધો. ત્યારે તે બ્હીવા લાગ્યો ને ગુરૂને કહેવા લાગ્યો કે, હું દૂર રહ્યો બીવું છું ગુરૂએ સમીપ આવવા કહેતાં તેણે કહ્યું અંધકારમાં શી રીતે આવું? ગુરૂએ આંગળી થુંકવાળી કરી દેખાડી તેના અજવાળાથી શિષ્ય ગુરૂ પાસે આવ્યો પણ તેણે વિચાર્યું કે ગુરૂ પાસે દીવો પણ રાખે છે. એટલે દેવતાએ તેને થપાટ મારી ઝાટક્યો. ગુરૂએ તેનું સ્વરૂપ જાણી યથાર્થ સમજાવ્યું. જેમ તે સંગમ સ્થવિરે નવકલ્પી વિહારનો ક્રમ પોતે સાચવ્યો અને શિષ્યોને કરાવ્યો તેમ દરેક સાધુએ નવકલ્પી વિહાર કરવો જ જોઇએ.

**सुसाणे सुन्नागारे वा, रूक्खमूले व एगओ ।**
**अकुक्कुओ निसीएज्जा, न य वित्तासए परं ॥२०॥**

**तत्थ से चिट्ठमाणस्स उवसग्गाभिधारए ।**
**संकाभीओ न गच्छेज्जा, उट्ठित्ता अन्नमासणं ॥२१॥**

સ્મશાનમાં અથવા શૂન્યાગારમાં અથવા વૃક્ષના મૂળમાં એકલા જ વ્યર્થ લવારો ન કરતાં બેસી રહેવું. કોઇ અન્યને ત્રાસ ન આપવો. ત્યાં સ્થિત થએલ સાધુને ઉપસર્ગ ઉપદ્રવ થાય ત્યારે તે ઉપસર્ગોનું દૃઢ ચિત્તથી સહન કરવું શંકાથી ભય પામી અન્ય સ્થાને ઉઠીને જતા ન રહેવું. તે ઉપર કુરૂદત્ત સાધુનું દૃષ્ટાંત વિચારવું. હસ્તિનાગપુરમાં કુરૂદત્ત સાધુ વિહાર કરતો અયોધ્યા નજીક રાત્રે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો હતો. ત્યાં રાત્રીના પાછલા પહોરે ગૌધણનું હરણ કરવા ચોરો આવી ગાયોને લઇ ગયા. ગાયોના માલીકે ચોરો કયા રસ્તે ગયા. એમ મુનિને પૂછતાં તેમણે કંઇ જવાબ આપ્યો નહિ. તેથી તે સાધુના મસ્તક પર માટીની પાળ બાંધી અંગારા ભર્યા તો પણ મુનિ ત્યાંથી ખસ્યા નહિ અને અંતગડ કેવળી થઇ મોક્ષે ગયા. તેવી રીતે સાધુએ નિષદ્યાપરિષહ સહન કરવો.

**उच्चावयाएिं सेज्जाहिं तवस्सी भिक्खु थामवं ।**
**नाइवेलं विहन्नेज्जा, पावदिट्ठी विहन्नइ ॥२२॥**
**पइरिक्कुवस्सयं लद्धं कल्लाणं अदुव पावगं ।**
**किमेगराइं करिस्सइ, एवं तत्थ हियासए ॥२३॥**

ટાઢ તડકા સહન કરવા સામર્થ્યવાન તપસ્વી ભિક્ષુએ અનુકુળ કે પ્રતિકુળ શય્યા મળે તેવું સ્થાન સુવાનું મેળવી સ્વાધ્યાયાદિક કરવા ચુકવું નહિ. સારૂં નથી ખરાબ છે

એવી બુદ્ધિવાળો આચારભ્રષ્ટ બને છે. ઉત્તમ કે ખરાબ સ્થાન જો સ્ત્રી પશુ વિનાનું હોય તો એક રાત્રીના ઉપ-યોગથી મને શું સુખદુઃખ આપશે. એમ ચિંતવવું. તે વિષયમાં યજ્ઞદત્તના બે પુત્રોની કથા છે. કૌશંબી નગરમાં યજ્ઞદત્ત બ્રાહ્મણના સોમદત્ત ને સોમદેવ નામે બે પુત્રોએ દીક્ષા લીધી ને ગીતાર્થ બન્યા. તેના માતાપિતા ઉજ્જૈની ગયા. ત્યારે આ બે સાધુઓ પણ વિહાર કરતા ત્યાં જઈ ચઢયા. તે દેશના રિવાજ મુજબ માદક ઔષધીવાળું પાણી સાધુને વહોરાવ્યું. તેનું સ્વરૂપ જાણ્યા વિના સાધુઓ તે પાણી પીને ત્યાં રહ્યા. મદ ચઢતાં તેના સ્વરૂપનું ભાન થતાં પશ્ચાત્તાપ કરી પાદપોપગમન નામનું અનશન કરી એક નદીના કિનારા પર રહેલા કાષ્ઠ ઉપર બેઠા. આ વખતે અકાળ વૃષ્ટિ થતાં નદીના પુરમાં કાષ્ઠ સાથે બન્ને તણાયા ને સમુદ્રમાં જઈ પડયા. ત્યાં જળચર જીવોનો ઉપદ્રવ સહન કરી, સ્વર્ગે ગયા. એ રીતે શય્યાપરિષહ સહન કર્યો. સાધુઓએ પણ આ રીતે શય્યા પરિષહ સહન કરવો.

**अक्कोसेज्जा परे भिक्खु, न तेसिं पडिसंजले ।**
**सरिसो होइ बालाणं, तम्हा भिक्खु न संजले ॥२४॥**
**सुच्चाणं फरूसाभासा, दारुणा गाम कंटगा ।**
**तुसिणीओ उवेहेज्जा, न ताओ मणसी करे ॥२५॥**

અન્ય કોઇ સાધુને આક્રોશે નિંદાદિ વચનો વડે તિરસ્કાર કરે તેના પ્રતિ પણ પોતે કોપે નહિ, કારણકે કોપ કરવાથી સાધુ મૂર્ખ બને છે. સાધુએ કોપ કરી

સામા બળી ન ઉઠવું. સાધુએ સંયમનું ધૈર્ય નાશ કરે એવી કઠોર તથા ઇન્દ્રિયોને કંટક તુલ્ય વેદના કરે તેવી ભાષા સાંભળીને પણ ચુપચાપ મૌન ધરી ઉપેક્ષા કરવી. તે ભાષાને મનમાં પણ ન લાવવી. તે ઉપર અર્જુનમાળીનું દૃષ્ટાંત છે. અર્જુનમાળીના શરીરમાંથી યક્ષ ચાલી ગયા પછી તેણે સુદર્શન શ્રેષ્ટિ સાથે પ્રભુ પાસે જઈ દેશના સાંભળી દીક્ષા લીધી, રાજગૃહી નગરીમાં ઘરે ઘરે ભિક્ષા માટે ફરતાં લોકો તેને ગાળો દે છે. નિંદા કરે છે, તે બધું સહન કરતાં અર્જુનમાળીને કેવળજ્ઞાન થાય છે. માટે આક્રોશ સાધુએ સહન કરવો પણ સામી ગાળો આપવી કે મારામારી કરવી નહિ.

**हओ न संजले भिक्खू, मणंपि न पओसए ।**
**तितिक्खं परमं नच्चा, भिक्खू धम्मं विचिंतए ॥२६॥**
**समणं संजयं दंतं, हणेज्जा कोइ कत्थई ।**
**नत्थि जीवस्स नासुत्ति, एवं पेहेज्ज संजए ॥२७॥**

ભિક્ષુને કોઈ હણે તો પણ કોપ કરે નહિ. મનમાં રોષ ન કરે. તિતિક્ષા પરમ ધર્મ સાધન છે એમ જાણી ક્ષમાદિ યતિધર્મની ચિંતવના કરે. કોઇ મનુષ્ય સંયમીને હણે ત્યારે તે વિચારે કે દેહનો નાશ થશે પણ જીવનો નાશ થવાનો નથી. આ વિષે સ્કંદકાચાર્ય ને તેના પાંચસો શિષ્યોનું ઘાણીમાં પીલાવવું વિચારવું.

**दुक्करं खलु भो निच्चं, अणगारस्स भिक्खुणो ।**
**सव्वं से जाइयं होइ, नत्थि किंचि अजाइअं ॥२८॥**

**गोयरग्गपविट्ठस्स, पाणी नो सुप्पसारए ।**
**सेओ अगारवासुत्ति, इइ भिक्खू न चिंतए ॥२९॥**

નિશ્ચયે અરે ગૃહવિમાના ભિક્ષુને જીવતાં સુધી કષ્ટ જ છે. કારણ કે તેને સર્વવસ્તુ યાચિતજ હોય છે. અયાચિત કંઇ પણ હોતું નથી, ભિક્ષાર્થે ગૃહસ્થના ઘરમાં પેસતાં સાધુને પોતાનો હાથ પસારવો સહેલો નથી. યાચના કરવી અતિ દુષ્કર છે. માટે ગૃહસ્થાશ્રમ ઉત્કૃષ્ટ છે એમ ભિક્ષુએ ચિંતન ન કરવું. મરવા પડેલાને ગાત્રભંગ, સ્વરમાં દીનતા, પરસેવો અને શરીરમાં ધ્રુજારી એ ચિન્હો થાય છે તે ચારે ચિન્હો યાચના વખતે થાય છે, સ્ત્રીઓને પોતાના રૂપથી થતા અનર્થને જોઈને બળદેવમુનિએ પુર પ્રવેશનો નિષેધ કરી જેમ યાચનાપરિષહ સહન કર્યો તેમ સાધુએ સહન કરવો—યાચના કરવામાં સાધુએ શરમાવું નહિ.

**परेसु घासमेसेज्जा भोयणे परिणिट्ठिए ।**
**लद्धे पिंडे अलद्धे वा, नाणुतप्पिज्ज पंडिए ॥३०॥**
**अज्जेवाहं न लब्भामि, अवि लाभो सुये सिया ।**
**जो एवं पडिसंचिक्खे, अलाभो तं न तज्जए ॥३१॥**

ગૃહસ્થને ત્યાં ભોજન તૈયાર થઇ જાય ત્યારે સાધુ ભિક્ષાપિંડની ગવેષણા કરે પછી પિંડ મળે કે ન મળે તો સાધુ અનુતાપ ન કરે. આજે ભિક્ષા ન મળી તો કાલે મળશે.

સાધુ આ પ્રમાણે વિચારે તો અલાભપરિષહ. તેનો પરાજય કરે નહિ. નહિતર અત્યંત સંતાપ જનક થાય છે.

ન મળે તો ઉદ્વેગ કરે નહિ અને મળે તો ખુશી થાય નહિ. આ વિષયમાં ઢંઢણકુમારનું દૃષ્ટાંત વિચારવું. ઢંઢણકુમારે પ્રતિજ્ઞા કરી હતી કે મારી લબ્ધિથી આહાર મળશે તો લઇશ.

એક વખત કૃષ્ણે ઢંઢણમુનિને રસ્તે જતા જોઈ વંદન કર્યું ત્યારે કોઈ મિથ્યાત્વીએ ઢંઢણમુનિને મોદક વહોરાવ્યા. નેમિનાથ પ્રભુને ગોચરી બતાવી કહ્યું કે, આજે મારો લાભાંતરાય તુટચો કે નહિ ? પ્રભુએ કહ્યું કે, તમારી લબ્ધિથી મોદક મળ્યા નથી પણ કૃષ્ણની લબ્ધિથી મળ્યા છે. આ સાંભળી તેઓ ઈંટ નિંભાડે ગોચરી પરઠવવા ગયા. ત્યાં જ તેમને કેવળજ્ઞાન થયું.

नच्चा उप्पइयं दुक्खं, वेयणाए दुहट्टिए ।
अदीणो ठावए पन्नं, पुट्ठो तत्थहियासए ॥३२॥
तेगिच्छं नाभिनंदेज्जा, संचिक्खत्तगवेसए ।
एवं खु तस्स सामण्णं, जं न कुज्जा न कारवे ॥३३॥

દુઃખ ઉત્પન્ન થયું જાણીને વેદના વડે પીડાતો હોય તથાપિ મનમાં જરાય દીનતા ન લાવતો તેથી થતું દુઃખ સહન કરે સાધુ ચિકિત્સા કરવા ના પાડે કિન્તુ આજ્ઞાનો શોધક બની સમ્યક્ સ્થિતિ કરે. સાધુ ઔષધો- પચાર કરે નહિ ને બીજા પાસે કરાવે નહિ. રોગપરિષહ સહન કરે. રોગ એ કર્મજન્ય છે. તે કર્મ તોડવા રોગ સમભાવે સહન કરે જ છુટકો થાય છે. પણ ઔષધથી જતો નથી. ઔષધ તેમાં નિમિત્તમાત્ર છે.

સંઘયણબળના અભાવે સમાધિ ન રહે તો દવા કરાવે એ સ્થવીરકલ્પીનો આચાર છે. પણ જિનકલ્પીનો આચાર નથી. તે ઉપર કાલવૈશિકનું દૃષ્ટાંત વિચારવું. મથુરાના જિત-શત્રુ રાજાને કાલ વૈશ્યક નામે પુત્ર હતો. તે રાજકુમાર શિયાળનો શબ્દ સાંભળી નોકરો પાસે શિયાળ મંગાવી મારવા લાગ્યો, ત્યારે તે શિયાળ ખી ખી કરતો મરણ પામ્યો ને અકામ નિર્જરાથી વ્યંતર થયો.

પછી તે રાજકુમારે દીક્ષા લીધી. એકાકી વિહાર કરતા બ્હેનના નગરમાં આવ્યા. તે મુનિને હરસનો વ્યાધિ થયો પણ દવા કરાવતા ન હતાં. તેની બ્હેને તેમનો રોગ મટાડવા ઔષધમિશ્ર આહાર વહોરાવ્યો. તે જાણી અનશન કરવા નગર બહાર ભક્તપ્રત્યાખ્યાને રહ્યા. ત્યાં વ્યંતર બનેલા શિયાળે નવી પ્રસૂતા થએલી શિયાલણીરૂપે ખીખી કરતાં તે મુનિને ખાવા માંડી. મુનિએ ઉપદ્રવ તથા પીડા બન્ને સહન કર્યા. તેમ સાધુએ રોગપરિષહને વધપરિષહ સહન કરવો.

अचेलगस्स लूहस्स, संजयस्स तवस्सिणो ।
तणेसु सयमाणस्स, हुज्जा गायविराहणा ॥३४॥
आयवस्स निवाएणं, अउला हवइ वेयणा ।
एवं नच्चा न सेवंति, तंतुजं तणतज्जिया ॥३५॥

વસ્ત્ર વિનાનો તથા રૂક્ષ શરીરવાળો તપસ્વી ડાભની સાદડી ઉપર સૂતાં પીડા થાય. તાપથી પીડાતો, ઘાસથી પીડાતો સાધુ કંબલાદિ વસ્ત્રની ઈચ્છા કરે નહિ. જિન-

કલ્પીની આધારક છે. તે ઉપર ભદ્રર્ષીનું દૃષ્ટાંત જાણવું. શ્રાવસ્તિ નગરીના જિતશત્રુ રાજાનો પુત્ર ભદ્ર સાધુ બની વિરોધી રાજાના રાજ્યમાં વિહાર કરતો હતો. તેને જાસુસની ભ્રાંતિથી રાજાના માણુસોએ પકડયો. અને પુછતાં કંઈપણ જવાબ ન આપવાથી ક્રોધે ભરાયેલ રાજપુરુષોએ તેનું શરીર અસ્રાથી છોલી દર્ભથી વીંટાળી મૂકી દીધું. મુનિએ તૃણુસ્પર્શ વેદના સહન કરી. એવી રીતે સાધુએ પરિષહ સહન કરવો.

**किलिन्नगाए मेहावी, पंकेण व रएण वा ।**
**धिंसु वा परियावेणं, सायं नो परिदेवए ॥३६॥**
**वेएज्ज निज्जरापेही, आरियं धम्ममणुत्तरं ।**
**जाव सरीरभेउत्ति, जल्लं काएण धारए ॥३७॥**

મેધાવી સાધુ ગ્રીષ્મઋતુમાં કે અન્ય ઋતુમાં પંકથી કે રજથી મલીન શરીરવાળો હોવા છતાં તે મલીનતા દૂર ન કરે એ સાધુ પોતાના કર્મના ક્ષયને ઇચ્છતો સર્વોત્કૃષ્ટ ધર્મને પ્રાપ્ત થએલો જ્યાં સુધી મરણુ થાય ત્યાં સુધી મળને ધારણુ કરે પણ ઉદ્વેગ ન ધરે શરીરની શોભા દરકાર કરે તે સાધુ કહેવાય નહિ. ન છુટકે શરીરને અલ્પાહારથી ચલાવે. સાધુના મળની દુગંછા કરનાર સુનંદ વણિકની કથા.

ચંપાનગરીમાં સુનંદ શ્રાવકે સાધુને મળ-મલીન જોઇ દુગંછા કરી. તે મરીને કૌશંબી નગરીમાં ધનાઢય શેઠને ત્યાં જનમ્યો. યુવાવસ્થામાં દીક્ષા લીધી. પૂર્વ કર્મોદયે તેના દેહમાં દુર્ગંધ થતાં જયાં જાય ત્યાં તિરસ્કાર

પામવા લાગ્યો. ગુરુએ બહાર જવાનો નિષેધ કર્યો. આથી ખિન્ન થઈ તેણે રાત્રીમાં જિનદેવ આરાધનાર્થે કાઉસ્સગ્ગ કર્યો. દેવતા તુષ્ટ થઈ તેને સુગંધવાળો બનાવ્યો. તો પણ લોકો તિરસ્કાર કરવા લાગ્યા. ત્યારે ફરી દેવતાનું આરાધન કર્યું, ત્યારે દેવે સમાનગંધી કર્યો. આ રીતે ન કરતાં સાધુએ મલપરીષહ સહન કરવો.

**अभिवायणमब्भुट्ठाणं, सामी कुज्जा निमंतणं ।**
**जे ताइं पडिसेवंति, न तेसिं पीहए मुणी ॥३८॥**
**अणुक्कसाई अप्पिच्छे, अन्नाएसी अलोलुए ।**
**रसेसु नाणुगिज्झेज्जा, नाणुतप्पेज्ज पन्नवं ॥३९॥**

રાજા વગેરે વંદન કરે, ઉભા થઈને સામા આવવાનું માન આપે. આજે અમારે ત્યાંથી ભિક્ષા લેજો, એમ નિમંત્રણ કરે તેને પ્રતિસેવે, સ્વીકારે. તેઓની મુનિ સ્પૃહા ન કરે, સત્કારાદિકથી હર્ષ ન પામનારો અલ્પ ઇચ્છાવાન તથા અજાણ્યાને ત્યાં ભિક્ષા જવા ચાહનાર સરસ આહારમાં તૃષ્ણા રહિત એવો સાધુ રસોની અભિલાષા ન કરે. પ્રજ્ઞાવાન રહી પોતાનો સત્કાર જોઈ ફુલાય નહિ. આ વિષયમાં શ્રાવકને સાધુની કથા છે.

મથુરામાં ઇન્દ્રદત્ત પુરોહિત જિનશાસનનો વિરોધી હોવાથી ગોખમાં બેસી જૈન મુનિઓના મસ્તક પર પગ લાંબા કરે, એક શ્રાવકને ક્રોધ ચઢતાં તેના પગ છેદવા પ્રતિજ્ઞા કરી અને ગુરુને તે વાત કરી. ગુરુએ કહ્યું કે, સાધુઓ સત્કારપરિષહ સહન કરે પણ શ્રાવકથી રહેવાય

નહિ. ગુરુએ કહ્યું તેના ઘરમાં હમણાં શું ચાલે છે ? શ્રાવકે કહ્યું કે, તેણે હમણાં નવો પ્રાસાદ કરાવ્યો છે તેમાં રાજાને પધારવા વિનંતી કરી છે. ગુરુએ કહ્યું, જ્યારે રાજા પ્રાસાદમાં પ્રવેશતા હોય ત્યારે તારે રાજાનો હાથ ઝાલી આ પ્રાસાદ હમણાં પડી જશે. આમ તું કહેજે. તે વખતે હું વિદ્યાથી પ્રાસાદ પાડી નાખીશ. શ્રાવકે તેમ કર્યું કે પ્રાસાદ પડી ગયો. પછી રાજાના પૂછવાથી શ્રાવકે કહ્યું કે, પુરોહિતે આપને મારવાનું કપટ માંડયું હતું. તેથી રાજાએ ક્રોધ પામી તે પુરોહિતને શ્રાવકના હવાલે કર્યો શ્રાવકે તેના પગે હેડ ઘાલી કહ્યું કે, તેં ગુરુના મસ્તક પર લાંબા પગ કરી આશાતના કરી. તેના ફળરૂપે તને શિક્ષા કરી છે, મારી પ્રતિજ્ઞા પૂરી કરવા લોટના પગ બનાવી છેદીશ પણ હવેથી કોઈ દિવસ આવું ગાંડપણ કરીશ નહિ. પુરોહિતે કબુલ કરવાથી શ્રાવકે દયા લાવી તેને છોડી મુકયો, સાધુની ફરજ સહન કરવાની છે. પણ શ્રાવકે શિક્ષા કરવી જોઈએ.

से नूणं मए पुव्वं, कम्माऽणाणफला कडा ।
जेणाहं नाभिजाणामि पुट्ठो केणइ कण्हुइ ॥४०॥
अह पच्छा उइज्जंति, कम्माऽणाणफला कडा ।
एवमस्सासि अप्पाणं, नच्चा कम्मविवागयं ॥४१॥

જે નિશ્ચે પૂર્વે અજ્ઞાન જેનું ફળ હોય તેવાં કર્મ કર્યાં. જેથી કયાંઈ કોઈ પૂછે તો હું જાણતો નથી એવો જવાબ દેવો પડે છે. પણ હવે પાછળથી જ્ઞાન ફળવાળાં કર્મ ઉદય પામશે. આમ કર્મ વિપાક જાણીને આત્માને

આશ્વાસન આપવું, એટલે પ્રજ્ઞામાં ગર્વ ન કરવો અને અજ્ઞાનમાં દીન ન બનવું. આ વિષયમાં કાલકાચાર્ય ને સાગરચંદ્રની દૃષ્ટાંત જાણવું.

ઉજ્જૈનીમાં કાલિકાચાર્ય પોતાના પ્રમાદી શિષ્યોનો ત્યાગ કરી સુવર્ણકુલમાં પોતાના શિષ્ય સાગરચંદ્ર પાસે આવીને રહ્યા. સાગરચંદ્રે એકલા જાણી કંઈ લક્ષ આપ્યું નહિ કાલીકાચાર્યે પણ કંઈ ઓળખાણ કરાવી નહિ. એક વખત તેણે કાલીકાચાર્યને પૂછયું કે, મારૂં વ્યાખ્યાન કેવું છે? તેમણે કહ્યું ભવ્ય છે. પછી તેમની સામે તર્કવાદ માંડયો તો સરખા ઉતર્યા તેથી મનમાં ચમત્કાર પામ્યો, પણ કંઇ બોલ્યો નહિ. આ તરફ ઉજ્જૈનીમાં તેમના શિષ્યોનો શય્યાતરી શ્રાવકોએ તિરસ્કાર કરતાં તેઓ ગુરુને શોધતા સુવર્ણકુલમાં આવ્યા ને ઉપાશ્રયે કાલકાચાર્ય આવે છે તેમ કહેવરાવ્યું. સાગરચંદ્રે વૃદ્ધ સાધુને કહ્યું કે, કાલીકાચાર્ય પધારે છે. તેમણે કહ્યું કે, મેં પણ સાંભળ્યું છે.

સાગરચંદ્ર સામે ગયા ત્યારે પેલા શિષ્યોએ પૂછયું કે, શું અત્રે કાલીકાચાર્ય આવ્યા છે? તેણે કહ્યું કે, એક વૃદ્ધ સાધુ આવેલા છે. તે શિષ્યો ઉપાશ્રયમાં ગયા ને કાલીકાચાર્યને ઓળખી તેમને વંદન કર્યું. ત્યારે સાગરચંદ્રે ગુરુને ઓળખી વંદન કર્યું. પોતાનો અપરાધ ખમાવી મિથ્યાદુષ્કૃત માગ્યું. ગુરુએ કહ્યું કે, શ્રુતજ્ઞાનનો ગર્વ ન કરવો. આ રીતે જેમ કાલીકાચાર્યે પ્રજ્ઞાપરીષહ સહન કર્યો તેમ સર્વે સાધુએ સહન કરવો. પ્રથમ સાગરચંદ્રે પરીષહ સહન ન કર્યો પણ પાછળથી સહન કર્યો.

निरट्ठगम्मि विरओ, मेहुणाओ सुसंवुडो ।
जो सक्खं नाभिजाणामि, धम्मं कल्लाणपावगं ॥४२॥
तवोवहाणमादाय, पडिमं पडिवज्जओ ।
एवं पि विहरओ मे, छउमं न नियट्टइ ॥४३॥

હું મૈથુનથી નિરર્થક નિવૃત્ત થયો. તેમ ઇન્દ્રિયોના સુખથી પણ નિરર્થક નિવૃત્ત થયો. કારણ કે હું કંઈ જાણતો નથી. તપ કરૂં છું, ચાર પ્રકારના અભિગ્રહ કરૂં છું. એમ છતાં મારૂં જ્ઞાનાવરણકર્મ નિવૃત્ત થતું નથી તો ફોગટ ક્લેશથી શું? એમ અજ્ઞાનના ઉદયે ક્લેશ ન કરવો અને પ્રજ્ઞાના ઉદયે હર્ષ ન કરવો. પણ જ્ઞાનાવરણીય કર્મ તોડવા માટે ગોખણપટ્ટી કરવી. એટલે અંતરાય તુટે અને સારૂં જ્ઞાન મેળવી શકે. આ બાબતમાં બે ભાઈઓનું દૃષ્ટાંત છે.

ગંગાતીરે બે ભાઈ ઓએ દીક્ષા લીધી. તેમાં એક વિદ્વાન થયો ને એક મૂર્ખ રહ્યો. જે વિદ્વાન થયો તે શિષ્યોને ભણાવાથી ખિન્ન થઈ પોતાના મૂર્ખ ભાઇને વખાણવા લાગ્યો. મૂર્ખના આઠ ગુણ છે. નિશ્ચિંત, જડ, આહાર ને ઉંઘ વધુ, રોગરહિત, અલમસ્ત શરીરવાળો અને શરમ વિનાનો હોય છે. હવે તે સાધુ જ્ઞાનાવરણીય કર્મ બાંધી મરીને ભરવાડ થયો. તેની પુત્રી અત્યંત રૂપવતી થઇ. બીજા ભરવાડો ઘીનાં ગાડાં ભરી વેચવા ચાલ્યા. ત્યારે આ ભરવાડ ઘીનાં બારદાન ભરી પુત્રીને ગાડું હાંકવા મુકી સાથે ચાલ્યો. બીજા જુવાનીયાઓએ તેની પુત્રીના રૂપમાં મોહાંધ થઈ ગાડાં અવળે માર્ગે ચલાવ્યાં. તેઓનાં ગાડાં

ભાંગી ગયાં ને ઘી ઢોળાઇ ગયું. આવું સંસારનું સ્વરૂપ જોઈ આ ભરવાડને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પુત્રીને સારે ઠેકાણે પરણાવી દીક્ષા લીધી. ઉત્તરાધ્યયન યોગ ધારણા-વસરે અસંખ્યેય અધ્યયનનો ઉદ્દેશ કરતાં તેને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો. તે અધ્યયનનો એકે અક્ષર ચઢે નહિ. ઉંચે સ્વરે ગોખતાં બાર વર્ષને અંતે તેનું જ્ઞાનાવરણીય કર્મ તુટયું ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે દરેક સાધુએ જ્ઞાનાવરણીય કર્મ તોડવા અજ્ઞાનપરીષહ સમતા ભાવે સહન કરી ગોખ્યા કરવું તેથી જરૂર લાભ થાય છે.

**नत्थि नूणं परलोए, इड्ढि वावि तवस्सिणो ।**
**अदुवा वंचिओमित्ति इइ भिक्खू न चिंतए ॥४४॥**
**अभू जिणा अत्थि जिणा, अदुवावि भविस्सई ।**
**मुसं ते एवमाहंसु, इइ भिक्खू नचिंतए ॥४५॥**

પરલોક નથી, તપસ્વી સાધુને ઋદ્ધિ પણ નથી, હું કોઇથી ઠગાયો છું. આવું ચિંતન સાધુ કરે નહિ. ભૂત-કાળમાં અનંતા જિન થયા. વર્તમાનકાળે વીશ તીર્થંકરો વિચરે અને અનાગતકાળે અનંતાજિન થશે. તે બધું ખોટું છે એમ ભિક્ષુએ ચિંતવવું નહિ. આ વિષયમાં આષાઢાચાર્યનુ દૃષ્ટાંત વિચારવું. વત્સાભૂમિમાં આષાઢાભૂતિ આચાર્ય હતા તે ગચ્છમાં અંત સમયે સાધુને નિર્યામણા કરાવી કહે કે તમે સ્વર્ગમાં જઇ મને દર્શન આપજો. પણ કોઈ ન આવવાથી તેમની શ્રદ્ધા ડગી ગઇ તેથી તે ગચ્છનો ત્યાગ કરી મિથ્યાત્વી થઈ ગયા. તેમનો એક શિષ્ય

દેવ થએલો તેને કોલ કરેલ હોવાથી પ્રતિબોધ કરવા આવ્યો ને માર્ગમાં નાટ્યપ્રયોગ કરવા લાગ્યો. આચાર્ય મહારાજે તે નાટચપ્રયોગો જોવામાં છ મહીના વિતાવ્યા છતાં ભૂખ તરસ લાગી નહિ. નાટચ બંધ થતાં આગળ ચાલ્યા ત્યારે દેવ થએલ શિષ્યે પૃથ્વીકાયાદિ છ બાળક અલંકારથી શણગારેલ વિકુર્વ્યાં. આચાર્યે અનુક્રમે તે છએ બાળકનાં ઘરેણાં લઈ પાત્રામાં ભર્યાં ને ગળુ મરડીને મારી નાખ્યાં. જેનું શરણ લીધું તેનાથી જ ભય થયાનાં દૃષ્ટાંતો હવે વિકુર્વેલ બાળકોએ આચાર્યને કહ્યાં. તો પણ આચાર્ય સમજ્યા નહિ.

છેવટે તે દેવ રાજાનું રૂપ લઇ તે આચાર્યની સામે આવ્યા. ને મોદકવ હોરવા વિનંતી કરી. આચાર્યે પાત્રામાં અલંકાર ભરેલા હોવાથી કહ્યું કે, આજે મારે વાપરવું નથી. પછી રાજાએ તેમનાં પાત્રાં તપાસ્યાં તેમાં આભરણ જોઈ કહ્યું કે, તમે મારા છ બાળકનાં આભરણ લઈ લીધાં લાગે છે. તે બાળકોને કચાં મુકચા છે? રાજાના ભયથી આચાર્ય કંઈ બોલી શકચા નહિ. ત્યારે દેવે પ્રગટ થઈ બધી હકીકત કહી. સમકિત ફરી પમાડયું અને સંયમમાં દૃઢ કર્યા. આ રીતે આચાર્યે પ્રથમ સમ્યક્ત્વપરિષહ સહન કર્યો નહિ. પણ પાછળથી સહન કર્યો.

**एए परीसहा सव्वे कासवेण पवेइया ।**
**जे भिक्खू न विहणेज्जा, पुट्ठो केणइ कण्हुई त्तिबेमि ॥४६॥**

આ સર્વે બાવીસ પરીષહો શ્રી મહાવીરે પ્રરૂપિત

કરેલા છે તેને જાણીને કોઈ પણ પરીષહમાં વિહત ન થાય. સંયમથી ભ્રષ્ટ ન થાય પણ સમતાભાવે સહન કરે. આ કર્મપ્રવાદ નામના આઠમા પૂર્વનું સત્તરમું પ્રાભૃત છે. તેમાંથી સારરૂપે બીજું અધ્યયન કહ્યું છે. આમાંના અગ્યાર પરિષહો વેદનીયકર્મના ઉદયથી હોય છે. દર્શનમોહનીયના ઉદયથી સમ્યક્ત્વ પરિષહ થાય છે. જ્ઞાનાવરણીયના ઉદયથી પ્રજ્ઞા ને અજ્ઞાન બે પરિષહ થાય છે. અંતરાય કર્મના ઉદયથી અલાભપરિષહ થાય છે અને ચારિત્રમોહનીયના ઉદયથી આક્રોશ, અરતિ, સ્ત્રી, નિષદ્યા, અચેલક, યાચના ને સત્કાર પરિષહો થાય છે, ક્ષુધાતૃષા, શીત, ઉષ્ણ, દંશ-મશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણ, સ્પર્શ ને મલ એ અગ્યાર વેદનીયના ઉદયથી કેવળીને પણ હોય છે.

આષાઢાભૂતિ આચાર્યને બાળકોરૂપીદેવે કહેલા દૃષ્ટાંતો

૧. કુંભાર માટી ખોદતાં ધસી પડતાં માટીમાં દબાયો તે બોલ્યો કે, મેં આજ સુધી માટીમાંથી આજીવિકા ચલાવી જેનું શરણ લીધું, તેનાથી જ ભય ઉત્પન્ન થયો ને માટી-માં જ દબાયો. આવું આપ કેમ કરો છો?

૨. એક પાટલ નામે તાલચર અત્યંત વાચાળ હતો. તે એક સમયે ગંગાના પ્રવાહમાં તણાયો, ત્યારે તીરે ઉભેલા એક જણે કહ્યું કે, કંઈ સૂકતનો પાઠ કરો. ત્યારે તે બોલ્યો કે, જેનાથી વર્ષાબીજ ઉગે છે અને જેના વડે બધા પ્રાણીઓ જીવે છે. તેના મધ્યમાં મરીશ. એ તો શરણમાંથી ભય ઉત્પન્ન થયો કહેવાય.

૩/૧ એક તપસ્વીની ઝુંપડી અગ્નિએ બાળી ત્યારે

તે બોલ્યો કે જેને મેં રાત્રી તથા દિવસે મધ તથા ઘી વડે તૃપ્ત કર્યો તે જ અગ્નિએ મારૂં ઝુંપડું બાળ્યું. આ તો શરણમાંથી ભય. ઉત્પન્ન થયો.

૩/૨ એક મુસાફર વાઘની બીકથી અગ્નિ સળગાવી બેઠો. તે અગ્નિએ જ તેનું અંગ દઝાડયું ત્યારે તે બોલ્યો કે શરણમાંથી જ ભય ઉત્પન્ન થયો. વાઘથી બચવા અગ્નિ કર્યો તે અગ્નિએ જ મને દઝાડયો,

૪/૩ કોઇ એક દઢપુષ્ટ અંગવાળો વાયુ જાતિ હતો. તે એક સમયે વાયુથી જેનું અંગ ભગ્ન થયું છે તેવો હાથમાં લાકડી ઝાલી માર્ગમાં જતો હતો. તેને કોઇએ કહ્યું કે, તું આમ કેમ થઇ ગયો. તે બોલ્યો કે જેઠ અષાડમાસમાં જે વાયુ સુખકર હોય છે. તેણે મારૂં અંગ ભાંગી નાખ્યું એટલે શરણમાંથી ભય ઉત્પન્ન થયો.

૫. એક વૃક્ષમાં કેટલાક પક્ષીઓનાં રહેઠાણ હતાં. તેમાં ઘણુંય પક્ષીઓનાં બચ્ચાં જન્મ્યાં હતાં. એ ઝાડના મૂળમાંથી એક વેલ ઉગી. તે ચારેકોરથી વિંટળાઇને ઝાડની ટોચે પહોંચી. એક સમયે તે વેલ પર ચઢીને એક સર્પે ટોચે પહોંચી પક્ષીનાં બચ્ચાનું ભક્ષણ કર્યું. ત્યારે તે પક્ષીઓનાં માવતર બોલ્યાં કે વૃક્ષને આશરે માળો બાંધ્યો, તો શરણમાંથી ભય ઉત્પન્ન થયો. બચ્ચાં સર્પ ખાઇ ગયો.

૬/૧ એક નગરમાં પરચક્રનો હલ્લો થયો. ત્યારે નગરમાં પ્રવેશ કરતા ચાંડાલોને આભડછેટની બીકથી બહાર કાઢવા માંડયા. ત્યારે કેટલાક બોલ્યા કે, અંદરના માણસો બ્હીનેબહારના જણને પીડે છે. આ તો શરણમાંથી ભય ઉત્પન્ન થયો.

૬/૨ એક નગરમાં રાજા સ્વયં ચોર હતો. અને ભાડાં કરનાર પુરોહિત એ બેયનો અન્યાય જોઈ લોકો કહેતા કે નાગરીકોને ભય થયો, શરણુમાંથી ભય થયો.

૬/૩ એક ગામમાં એક ભ્રષ્ટ બ્રાહ્મણની સુરૂપા પુત્રી હતી, તેમાં બ્રાહ્મણની વૃત્તિ મલીન થતાં તે મનમાં શોષાતો જોઈ તેની પત્નીએ પૂછ્યું. તેણે મનની વાત કરી. તેથી તેણીએ એકાંતમાં પુત્રીને કહ્યું કે, પ્રથમ યક્ષ ઉપયોજે પછી વરને દેવાય છે. તારે ત્યાં ચૌદશે યક્ષ આવશે તો તું તેનું અપમાન કરીશ નહિ ને દીવો રાખીશ નહિ. આમ કહી યોગ સાધી આપ્યો. પેલો ભ્રષ્ટ ત્યાં જ સુઈ ગયો. પુત્રીએ દીવો ઉઘાડતાં બાપને ઓળખ્યો. અને માનું કપટ જાણ્યું. સવારે માએ આવી જોઈને કહ્યું કે, સૂર્ય ઉગ્યો, કાગડા બોલ્યા, તડકા ભીંતે ચઢ્યા તોય સુખીયા ન ઉઠે. ત્યારે પુત્રીએ કહ્યું કે, હે અંબ! તું જ બોલી હતી કે યક્ષનું અપમાન કરીશ નહિ તો તે યક્ષ મારો વર થયો. તું હવે મારો બાપ બીજો શોધી લે. ત્યારે માએ કહ્યું કે, નવમાસ ઉદરમાં ધારણ કરી, મળમૂત્ર ધોયાં તેણે જ ઘરનો ભર્તાર હર્યો. આ તો શરણુ જ અશરણુ થયું. આ માતા પિતાએ પુત્રીનો વિનાશ કર્યો. તેમ તમે પણ માબાપ થઇને જગત્‌નો વિનાશ કરો છો. એમ ત્રસકાય બાળકે કહ્યા છતાં આચાર્યે માન્યું નહિ. ત્યારે ચોથી કથા કહી.

૬/૪ એક બ્રાહ્મણે યજ્ઞાર્થે તળાવ ગળાવ્યું, તેની પાસે વન વવરાવ્યું. ત્યાં અનેક પશુઓ રાખી યજ્ઞ કરનારો તે મરીને તેજ ગામમાં બકરો થયો. ત્યારે ચરવા જાય ત્યારે પોતે

કરાવેલ સરોવર ને વન જોતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. એક વખત તેના પૂર્વભવના પુત્રે યજ્ઞ કરવા માંડ્યો. ત્યારે તે બકરાને વધ માટે લઈ જતાં તે બકરો મોટા અવાજે બેં બેં કરતો મુનિએ દીઠો. તે જ્ઞાની મુનિએ બકરાને કહ્યું કે, હે છગલ ! તેં તળાવ કરાવ્યું, વૃક્ષો રોપાવ્યાં અને યજ્ઞ કરાવ્યાં. હવે બેંબેં કેમ કરે છે ? આ સાંભળી બકરો મૌન થઈ ગયો. તેના પુત્રે મુનિને પૂછયું કે, બકરો બરાડા પાડતો કેમ બંધ થઇ ગયો. મુનિએ કહ્યું કે, એ તારો પૂર્વભવનો પિતા છે. તેણે યજ્ઞમાં બકરાનો વધ કરેલ હોવાથી બકરો થઈને જનમ્યો છે. પુત્રે કહ્યું. તેની ખાત્રી શું ? મુનિએ કહ્યું કે તારા આંગણામાં તેણે નિધાન દાટેલું છે. તે તને પગથી ખોદીને બતાવશે. તે બકરાએ મરણમાંથી, બચવા તે જગા પગથી ખોદીને બતાવી એટલે પુત્રને અને બકરાને ધર્મપ્રાપ્તિ થવાથી યજ્ઞ બંધ કર્યો. બન્ને જણા દેવલોકે ઉત્પન્ન થયા.

---

## ત્રીજું અધ્યયન

**चत्तारि परमंगाणि दुल्लहाणिह, जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥१॥**

આ સંસારમાં પ્રાણીને ધર્મમાં મુખ્ય ચાર અંગો દુર્લભ છે. મનુષ્ય જન્મ, ધર્મનું શ્રાવણ, ધર્મમાં શ્રદ્ધા, ત્થા સંયમમાં પરાક્રમ. દશ દ્દષ્ટાંતે માનવભવ મળવો બહુ દુર્લભ છે.

૧. ચોલ્લગ, પાશક, ધાન્ય, દ્યુત, રત્ન, સ્વપ્ન, ચક્ર,

(૧)

ચર્મ, યુગ, પરમાણુ ચોલ્લગ એટલે પરિપાટી ભોજન–બ્રહ્મદત્ત ચક્રીને બ્રાહ્મણે વરદાન આપતાં તેણે સ્ત્રીની સલાહ મુજબ ઘરદીઠ ભોજન ને બે દિનાર દક્ષિણામાં મળે તેટલુ માંગ્યું. ચક્રીએ પહેલે દિવસે બ્રાહ્મણને કુટુંબ સહિત પોતાને ત્યાં જમાડી દક્ષિણા આપી. હવે તે બ્રાહ્મણને ફરીને ચક્રીને ત્યાં જમવાનો વારો આવે નહિ. કારણ કે, છન્નુ ક્રોડ ગામ અને તેમાં ઘર કેટલાં તે બધે ફરતાં તેની પેઢીઓની પેઢીઓ પુરી થઈ જાય. છતાં દિવ્યાનુભાવથી કદાચ આવે પણ મનુષ્યભવ ફરી મળવો બહુ દુર્લભ છે.

(૨) ચાણક્યે દેવારાધન કરી જુગાર રમવાના પાસા મેળવ્યા. અને એક પુરુષને આપી દ્યુત રમવા મોકલ્યો. તે દેવતાઇ પાસા હોવાથી કોઇ તેને જીતી શકયું નહિ. સર્વેને જીતીને રાજ્ય ભંડાર ભરી દીધો, હવે તે પુરુષને કોઇ જીતી શકે નહિ છતાં દેવ પ્રભાવે કોઈ જીતે પણ મનુષ્ય જન્મ ફરી મળવો બહુ દુર્લભ છે.

૩. ધાન્ય=આ ભરતખંડના તમામ ધાન્ય ભેગા કરી તેમાં સરસવ નાખી એક વૃદ્ધ ડોસીને જુદા કરવા કહે તે અતિ દુષ્કર છે. તેના કરતાં મનુષ્યભવ ફરી મળવો બહુ દુર્લભ છે.

૪. જુગાર=એકસો આઠ સ્તંભ–દરેક સ્તંભના એકસો આઠ ખૂણા. તે દરેક ખૂણે એકસો આઠવાર જુગારમાં જીતે તેને રાજ્ય મળે એ બનવું જેમ ઘણું મુશ્કેલ છે. તેના કરતાં મનુષ્યભવ ફરી મળવો દુર્લભ છે.

૫. રત્ન=એક નગરમાં કોઇ વેપારીને ત્યાં જુદીજુદી જાતનાં રત્નો હતાં પણ લોભને લીધે તે વાપરતો નહિ. એક વખત બાપ દેશાંતર ગયા. ત્યારે પુત્રોએ કોટી ધ્વજ બનવાના ઇરાદાથી તે રત્નો કોઇ દૂર દેશાંતરના પુરુષના હાથમાં દીધાં. અને તે પુત્રો કોટીધ્વજ બન્યા. કેટલેક કાળે પિતા જ્યારે ઘરે આવ્યા. ત્યારે તેણે જાણ્યું કે રત્ન વેચી નાખ્યાં. તેથી રોષે ભરાઇ પુત્રોને કહ્યું કે રત્નો પાછાં લાવો. દૂર દેશાંતર ગએલાં રત્નો પાછાં મળવાં તે અતિ દુષ્કર છે તેના કરતાં ફરી મનુષ્યભવ મેળવવો અત્યંત દુર્લભ છે.

૬. સ્વપ્ન=મૂળદેવ નામે રાજપુત્ર દેવદત્તા વેશ્યામાં આસક્ત બની ઘણો વખત રહ્યો. નિર્ધન થતાં અક્કાએ કાઢી મુકયો. તેને બેનાતટ આવતાં ત્રણ દિવસ અટવીમાં પસાર કરવા પડ્યા. ત્યાં ખાવાપીવાનું મળ્યું નહિ. ચોથે દિવસે કોઈ ગામમાં ભિક્ષા માગતાં રાંધેલા અડદ મળ્યા. તે કોઈ તપસ્વીને વહોરાવ્યા. આવું તેનું સાહસ જોઈ સંતુષ્ઠ થએલી દેવીએ કહ્યુ કે, તારી ઇચ્છામાં આવે તે, બે પદ માગી લે. મૂળદેવે કહ્યું કે દેવદત્તા ગણિકા અને હજાર હાથી યુક્ત રાજ્ય આપો. દેવીએ તથાસ્તુ કહ્યું. તે રાત્રીએ એક કુટીરમાં સુતેલા મૂળદેવે સ્વપ્નમાં પોતાના મોઢામાં પ્રવેશ કરતો ચંદ્ર જોયો. પડખે સુતેલા કાપડીને પણ તેવું જ સ્વપ્ન આવ્યું. પ્રભાતે ઉઠીને કાપડીએ ગુરુ પાસે જઈ સ્વપ્નની હકીકત કહી. ગુરુએ કહ્યું કે તને ઘી ગોળ સહિત માંડો ખાવાને મળશે.

મૂળદેવ ઉઠીને નગરમાં સ્વપ્ન પાઠકને ત્યાં ગયો

અને ઘણા જ વિનયથી સ્વપ્નની હકીકત કહી. ત્યારે સ્વપ્ન પાઠકે કહ્યું કે, આજથી સાતમે દિવસે તને રાજ્ય મળશે. એમ કહી પોતાની પુત્રી પરણાવી. એ નગરનો અપુત્રીઓ રાજા મરણ પામતાં પંચ દિવ્યપૂર્વક મૂળદેવને રાજ્ય મળ્યું. તેણે દેવદત્તા ગણિકાને બોલાવી પટ્ટરાણી પદે સ્થાપન કરી. પેલો કાપડી મૂળદેવને રાજ્ય મળ્યું જાણી ફરીવાર તેવું સ્વપ્ન આવે એ આશાથી કુટીરમાં જઈ સુઈ ગયો. પણ ફરી સ્વપ્ન આવવું દુર્લભ થયું તેમ મનુષ્ય ભવ મળવો અતિ દુર્લભ છે.

૭. ચક્ર=ઇન્દ્રપુરમાં ઇન્દ્રદત્ત રાજાને બાવીશ પુત્રો હતા. એક સમયે તે રાજા મંત્રીની પુત્રીને પરણ્યા પછી વાણીયાની પુત્રી જાણી ઉપેક્ષા કરી. તે મંત્રી પુત્રી ઋતુને ચોથે દિવસે સ્નાન કરતી રાજાએ જોઈ. સેવકોને પૂછ્યું કે, આ કોની પત્નિ છે? સેવકોએ કહ્યું કે, તે મંત્રી પુત્રી આપની જ પત્નિ છે. તેથી રાજા તેના આવાસે ગયો ને તેને ભોગવી તેને ગર્ભ રહ્યો. પૂર્ણ માસે પુત્ર જન્મ્યો તે રાજાના જેવો જ થયો. રાણીએ પોતાના પિતાને તે વાત જણાવી. મંત્રીએ રાજાની બધી હકીકત દિવસ વાર શીખે વહીમાં લખી રાખી. રાજાએ તે પુત્રને જોયો પણ નથી. મંત્રીએ તેને ભણાવી બહોંતેર કળામાં પ્રવીણ કર્યો. રાજાના જે બાવીશ પુત્રો હતા તે કંઈ ભણતા નહોતા. હવે મથુરાના જિતશત્રુ રાજાની નિવૃત્તિ નામે પુત્રીએ રાધાવેધ સાધનાર વરને વરવાની પ્રતિજ્ઞા કરી. રાજાએ સ્વયંવર રચી રાજાઓને તેડાવ્યા; તેમાં ઇન્દ્રદત્ત રાજા પોતાના

બાવીસપુત્રો લઈને આવ્યો ને રાધાવેધ સાધવા બાવીસે જણાને ઉઠાડયાં પણ કોઈ સાધી શકયું નહિ. તેથી ઈન્દ્ર દત્ત રાજાને બહુ જ ખેદ થયો ત્યારે મંત્રીએ કહ્યું કે, મારી પુત્રીને તમારાથી થએલો પુત્ર છે તે જરૂર રાધાવેધ સાધશે. તે પુત્રની ખાતરી કરી રાધાવેધ સાધવા મોકલ્યો. તેણે રાધાવેધ સાધ્યો. રાજાએ તે કન્યા પરણાવી. જેમ રાધાવેધ ચક્ર દુર્ભેદ્ય હોય છે તેમ મનુષ્ય ભવ મળવો અતિ દુર્લભ છે.

૮. ચર્મ=એક મોટો હજાર યોજન પ્રમાણ દ્રહ સેવાળથી વ્યાપ્ત હતો તેમાં છિદ્ર પડેલું હતું તેમાં એક કાચબે પોતાની ડોક લાંબી કરી જોયું તો ચંદ્ર નક્ષત્ર સહિત દીઠું. તે પોતાના કુટુંબને જોવા બોલાવી લાવ્યો તો છિદ્ર પુરાઇ જવાથી દેખાયું નહિ. જેમ તે છિદ્ર ફરી મળવું દુર્લભ છે તેમ મનુષ્ય ભવ મળવો અતિ દુર્લભ છે.

૯. યુગસમિલા=કોઈ દેવે પૂર્વ સમુદ્રના છેડે ધોંસરૂ મુકયું અને પશ્ચિમ સમુદ્રના છેડે સમોલ મુકી તે બન્ને ભેગાં થયાં અને ધોંસરાના છિદ્રમાં સમોલ આવી જવી બહુ અશકય ગણાય તેથી પણ મનુષ્ય ભવ ફરી મળવો દુર્લભ છે.

૧૦. પરમાણુ=કોઈ દેવ કોઇ એક સ્તંભનો ચુરો કરી તેનાં રજકણો એક નળીમાં ભર્યા પછી તે દેવ મેરૂ-પર્વત પર ચઢીને નલીકાને ફુક મારી તેમાં ભરેલા પરમાણુ ચારે કોર ઉછાળે. હવે તે પરમાણુ ભેગા કરી સ્તંભ બનાવવો જેમ દુષ્કરક છે તેના કરતાં મનુષ્ય ભવ ફરી મળવો વધારે દુર્લભ છે.

समावन्नाणं संसारे, नाणागोत्तासु जाइसु ।
कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभया पया ॥२॥

આ સંસારમાં જુદી જુદી જાતના ગોત્ર, જ્ઞાતિ ક્ષત્રિયા, દિકમાં મનુષ્યત્વ પામેલી પ્રજા અનેક પ્રકારનાં કર્મો કરીને પૃથક્ પૃથક્ યોનિમાં ઉદ્ભવી જગતમાં વિસ્તાર પામેલી છે.

एगया देवलोएसु, नरएसु वि एगया ।
एगया आसुरं कायं, अहाकम्मेहिं गच्छइ ॥३॥

એક સમયે દેવલોકમાં, એકદા પછી નરકમાં અને ક્યારેક આસુરકાય ધારણ કરે છે. એમ એ જીવ જેવાં કર્મ બાંધ્યાં હોય તેને અનુસારે ગતિ પામે છે. જે ટાણે જીવ જેવાં કર્મ બાંધે છે, તેવી ગતિ થાય છે.

एगया खत्तिओ होइ, तओ चंडालबुक्कसो ।
तओ कीडपयंगो य, तओ कुंथुपिवीलिया ॥४॥

એકદા ક્ષત્રિય થાય છે. તો તો વળી ચંડાળ તથા બુક્કસ વર્ણશંકર થાય છે. તદનંતર કીડ, પતંગ થાય છે. પછી કુંથુ ને કીડી થાય છે.

एवमावट्टजोणीसु, पाणिणो कम्मकिब्बिसा ।
न निविज्जंति संसारे, सव्वट्ठेसु व खत्तिया ॥५॥

એ પ્રમાણે ફરી ફરીને આવતી બીજી ચોરાશીલાખ યોનિઓમાં કર્મજન્ય પ્રાણીઓ ઉદ્વેગ પામતા નથી. જેમ

ક્ષત્રિયો અર્થકામની અનેક જાતની ખટપટોમાં કંટાળતા નથી તેમ.

**कम्मसंगेहि संमूढा, दुक्खिया बहुवेयणा ।**
**अमाणुसासु जोणीसु, विणिहम्मंति पाणिणो ॥६॥**

કર્મસંગ વડે સંમૂઢ બનેલા તથા દુઃખીત મનવાળા તેમજ બહુ વેદના શરીર પીડા ભોગવતા પ્રાણીઓ અમાનુષી મનુષ્ય સિવાયની યોનિઓમાં ભટક્યા કરે છે.

**कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।**
**जीवा सोहिमणुप्पत्ता, आययंति मणुस्सयं ॥७॥**

જીવો અનુક્રમે કર્મોની જ્યારે અત્યંત હાનિ થાય ત્યારે કોઈકજ સમયે કર્મની નિવૃત્તિરૂપ સ્થિતિને પ્રાપ્ત થઈને મનુષ્ય જન્મ પામે છે.

**माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।**
**जं सोच्चा पडिवज्जंति, तवं खंतिमहिंसयं ॥८॥**

મનુષ્ય શરીર પામીને પણ ધર્મનું શ્રવણ અતિ દુર્લભ છે. જે સાંભળીને તપ, ક્ષાંતિ તથા અહિંસાને પામે છે.

**आहच्च सवणं लद्धुं, सद्धा परमदुल्लहा ।**
**सोच्चा नेआउयं मग्गं, बहवे परिभस्सइ ॥९॥**

કદાચિત્ ધર્મશ્રવણ કરવાનું મળ્યું. તો પણ શ્રવણ કરાતા ધર્મમાં શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ હોય છે. કેમકે ન્યાયને અનુમત જૈનમાર્ગ સાંભળીને પણ ઘણા પરિભ્રષ્ટ થયા છે તે ઉપર સાત નિન્હવોનાં દૃષ્ટાંતો છે.

૧. જમાલી=કુંડપુરમાં વીરપ્રભુની બ્હેન સુદર્શનાનો પુત્ર જમાલિ નામે હતો. તેને વીરની પુત્રી પ્રિયદર્શના પરણાવી હતી આ પ્રિયદર્શના સાથે જમાલીએ પ્રભુ પાસે દીક્ષા લીધી. જમાલી સાથે પાંચસો ક્ષત્રિયો અને પ્રિયદર્શના સાથે હજાર સ્ત્રીઓએ દીક્ષા લીધી હતી. સ્થવીરોએ તેને અગયાર અંગ ભણાવીને પાંચસો સાધુ તથા હજાર સાધ્વીનો પરિવાર આપ્યો. હવે જમાલી ભગવાનની અનુજ્ઞા વિના વિહાર કરી શ્રાવસ્તિનગરના તિંદુક ઉદ્યાનમાં કોષ્ટક ચૈત્યમાં ઉતર્યા. ત્યાં અંતપ્રાંત આહાર કરવાથી તેમને રોગ ઉત્પન્ન થયો. તેથી બેસી પણ શકાય નહિ, એવી હાલત થઈ.

જમાલીએ સાધુઓને સંથારો કરવા કહ્યું. શિષ્યોએ સંથારો પાથરવા માંડયો. જમાલીએ ફરી પૂછયું કે, સંથારો પાથર્યો ? ત્યારે શિષ્યે પથરાય છે. એમ કહ્યું. આ ઉપરથી જમાલીના મનમાં વિચાર આવ્યો કે ભગવાન મહાવીરસ્વામી કહે છે કે કરાતું હોય તે કર્યું. આ વાત ખોટી છે. એમ પ્રત્યક્ષ દેખાય છે. જ્યાં સુધી કાર્ય પુરૂં ન થાય ત્યાં સુધી કર્યું કહેવાય નહિ. એમ વિચારી બધા શિષ્યોને બોલાવી કહ્યું કે, ભગવાન મહાવીર કરાતું હોય તે કર્યું, ચાલતું હોય તે ચાલ્યું વગેરે કહે છે તે મિથ્યા છે. કેમકે કરાતા સંથારામાં કંઇ સુઇ શકાય નહિ, તેથી તેમાં કર્યો એમ ન કહેવાય. ત્યારે કેટલાકે તેનું કહ્યું માન્યું તે સાથે રહ્યા. અને કેટલાક જુદા પડી ગયા ને પ્રભુ મહાવીરને શરણે ગયા.

પ્રિયદર્શના સાધ્વી પણ જમાલીના મતને અનુસરતી

વિહાર કરી ઢંકકુંભારની શાલામાં ઉતર્યાં ઢંકકુંભાર પ્રભુને સાચો શ્રાવક હોવાથી પ્રિયદર્શનાને પ્રતિબોધવા તેના વસ્ત્રના છેડે અંગારો નાખ્યો. એટલે વસ્ત્ર બળવા માંડ્યું. પ્રિયદર્શનાએ વસ્ત્ર બળતું જોઈ કુંભારને કહ્યુ કે, મારૂં વસ્ત્ર બળી ગયું. કુંભારે કહ્યું કે, તમારા મતમાં બળતું હોય તે બળ્યું એમ ન કહેવાય. તો તમે એમ કેમ બોલ્યાં? આ સાંભળી પ્રિયદર્શનાએ ભૂલ કબુલ કરી દુરાગ્રહ છોડ્યો અને જમાલીને સમજાવતાં સાધ્વીનું કહ્યુ તેણે માન્યું નહિ ત્યારે હજાર સાધ્વી સહિત પ્રિયદર્શના વીર-પ્રભુને શરણે ગઇ.

એક સમયે વીર પ્રભુ ચંપાનગરીમાં સમોસર્યા. ત્યાં જમાલી પણ આવ્યો અને પ્રભુને કહેવા લાગ્યો કે, હે ભગવાન! તમારા શિષ્યો તો છદ્મસ્થપણાથી પુરુષાર્થ ભ્રષ્ટ થશે હું તો કેવળી થયો છું. ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે, જો તું કેવળી થયો હો તો કહે કે આ લોક શાશ્વત છે કે અશાશ્વત છે? જીવ શાશ્વત છે કે અશાશ્વત? જમાલી તેનો ઉત્તર આપી શક્યો નહિ. ત્યારે પ્રભુ મહાવીરે કહ્યુ કે, આનો ઉત્તર તો મારા શિષ્યો પણ આપી શકે તેમ છે. લોક દ્રવ્યથી શાશ્વત છે. જીવ પણ દ્રવ્યથી શાશ્વત અને પર્યાયરૂપથી બન્ને અશાશ્વત છે.

એમ સમજાવવા છતાં જમાલીએ માન્યું નહિ. તે ત્યાંથી નીકળી પોતાને અને પરને બહુ ભમાવતા ઘણા વર્ષ શ્રમણ પર્યાયપાળી છઠ્ઠ અઠ્ઠમાદિક તપ કરતા વિચરી છેવટે અર્ધમાસની સંલેખણા કરી કાળધર્મ પામી તેર

સાગરોપમની સ્થિતિએ લાંતકદેવલોકની નીચે કિલ્વિષ દેવપણે ઉત્પન્ન થયો. ઉત્સુત્ર પ્રરૂપણા કરવાથી બહુ સંસાર ઉપાર્જન કર્યો. દેવ મનુષ્ય તિર્યંચના પાંચ પાંચ ભવ કરી તે સર્વ દુઃખનો અંત કરશે.

૨. તિષ્યગુપ્ત—રાજગૃહનગરમાં ગુણશીલક ચૈત્યમાં ચૌદપૂર્વી વસુ નામે આચાર્ય આવ્યા. તેનો શિષ્ય તિષ્યગુપ્ત નામે હતો. તે વખતે મુખેથી સર્વાત્મવાદ પૂર્વનું આલાપક ભણતાં. એક અંતિમ પ્રદેશ પણ ઓછો હોય ત્યાં સુધી જીવ ન કહેવાય તેમ શંકાશીલ તે આમલકલ્પા નગરીમાં ગયો ત્યાં તેને મિત્રશ્રી નામે શ્રાવકે પોતાને ઘરે ભિક્ષાર્થે નિમંત્રણ આપી તેડાવ્યો અને એક લાડુનો અંતિમ પ્રદેશ, એક સેવનિકાનો અંતિમ પ્રદેશ, એક ભાતનો દાણો, એક ઘીનું ટીપું એવી રીતે સર્વ વસ્તુનો એક એક અવયવ વહોરાવી કહ્યું કે, ભગવન્ ! આપને આપવાની બધી વસ્તુ વહોરાવી. અમને કૃતાર્થ કર્યા સાધુએ કહ્યું, અરે ભાઇ ! આ તેં શું દીધું? શું મારી મશ્કરી કરી, શ્રાવકે કહ્યું કે, તમારા સિદ્ધાંતને અનુસારે મેં પરિપૂર્ણ દીધું. અંતિમ અવયવ દેવાથી તે આખો અવયવી દીધો કહેવાય, કેમકે તમારા મત પ્રમાણે જીવનો અંતિમ પ્રદેશ જીવ કહેવાય તે મુજબ મેં વહોરાવ્યું છે. આ સાંભળી તિષ્યગુપ્તને પોતાની ભૂલ સમજાઇ ને વીર પ્રભુના જીવતાં ઠેકાણે આવ્યો.

૩. અવ્યક્તવાદી=વીર નિર્વાણથી બસો ચૌદ વર્ષે શ્વેતાંબીકાનગરીના પોલાસ ઉદ્યાનમાં આષાઢાચાર્ય

પોતાના શિષ્યોને આગાઢ યોગનું ઉદ્વહન કરાવતાં રાત્રીમાં અકસ્માત શૂળરોગથી મૃત થયા. સ્વર્ગે જઇ ઉપયોગ દઈ સ્નેહને લીધે પોતાના મૃતદેહમાં અધિષ્ઠાન કરી શિષ્યોને અવગાઢ યોગની ક્રિયાઓ પૂરી કરાવી. એક અન્ય નવીન આચાર્યને ત્યાં સ્થાપીત કરી સર્વેને પોતાનો વૃત્તાંત નિવેદન કરી પાછા પોતાના સ્થાને ગયા. શિષ્યો તે ગુરુનું સ્વરૂપ જોઈને મનમાં અવ્યક્ત મતને માનવા લાગ્યા. નથી જણાતું કે કોણ દેવ, કોણ શ્રમણ કોણ શ્રાવક આમ વિચારવા તથા બોલવા લાગ્યા, કોઈ કોઇને વંદન ન કરે એમ કરતાં સર્વ વ્યવહારનો તેઓએ લોપ કર્યો.

એક સમયે તે સઘળા રાજગૃહનગરમાં ગયા. ત્યાં મૌર્યવંશમાં ઉત્પન્ન થએલા અને પરમશ્રાવક એવા બળભદ્ર નામના રાજાએ તેઓને પ્રતિબોધ કરવા તે બધાયને ચોર છે એમ કહી પકડાવ્યા. લાકડીથી તથા મુઠીથી માર મરાવ્યો ત્યારે તે સાધુઓએ કહ્યું કે હે મહારાજ! તમે તો શ્રમણના ઉપાસક છો અને અમે શ્રમણ છીએ તો અમારા પર આવો અનર્થ શા સારૂં કરાવો છો ? રાજાએ કહ્યું કે, તમે આવું બોલો નહિ. તમારો અવ્યક્તમત છે. તદનુસાર તમે શ્રમણ છો, એમ અમે જાણતા નથી. અને અમે શ્રમણના ઉપાસક પણ નથી. આવી યુક્તિઓથી તેઓને પ્રતિબોધ કરી ઠેકાણે લાવ્યા. તેઓ અવ્યક્તમત મૂકી સાચા શ્રમણ બન્યા ને વ્યવહારી થયા.

૪. **ક્ષણક્ષયવાદી**=વીર નિર્વાણથી બસોવીશ વર્ષે મિથિલાનગરીના લક્ષ્મીગૃહ ઉદ્યાનમાં આર્ય મહાગિરિનો એક

કોડિન્ય નામે શિષ્ય હતો. તેનો એક શિષ્ય અશ્વમિત્ર નામે હતો. એક સમયે અનુપ્રવાદ પૂર્વનું નૈપુણિક નામનું વસ્તુ ભણતાં આ આલાપકનો પાઠ કરવા લાગ્યો. સવ્વે પડુપન્ન નેરઇયા વ્વુચ્છી જિસ્સ-તિ એવં જાવ વેમાણિયંતિ, આનો અર્થ તેણે એમ વિચાર્યો કે સર્વે નારકી તથા દેવોય વિચ્યુછેદ પામી જશે. આમાં રહસ્ય એ છે કે બધા નારકાદિ ક્ષણવિનશ્વર છે. આવી ક્ષણક્ષયવાદની પ્રરૂપણા કરતો કરતો એક સમયે તે શિષ્ય રાજગૃહનગરમાં ગયો.

ત્યાં શ્રાવકોએ પૈસા દઇ તૈયાર કરેલા જણો પાસે તેને કુટાવા માંડ્યો. ત્યારે તે બોલ્યો કે તમે શ્રાવક છો અને અમે સાધુ છીએ. કેમ અમને કુટાવો છો? શ્રાવકોએ કહ્યું કે, તમારા મત પ્રમાણે તમે અમને જે શ્રાદ્ધરૂપે જોયા તે તો બીજી ક્ષણમાં વિનષ્ટ થયા. અમે તો નવીન જ ઉત્પન્ન થયા. તેમ તમે યતિ પણ પૂર્વે જે દીઠા તે ઉત્તરક્ષણમાં વિનષ્ટ થયા. આ તો તમે પણ નવીન ઉત્પન્ન થયા. કારણ કે તમો ક્ષણક્ષયવાદી છો. તમારા મત પ્રમાણે સાધુ ને શ્રાવકો ઉત્તરક્ષણમાં તેના તે રહેતા નથી. આમ કહી તે શ્રાવકોએ સાધુઓને પ્રતિબોધ્યા. તેથી તેઓ પોતાની ભૂલ સમજી ઠેકાણે આવ્યા.

૫. ગંગાચાર્ય=એક સમયે બે ઉપયોગ માનનારની કથા. વીર નિર્વાણથી બસો અઠ્ઠાવીશ વર્ષે ઉલ્લુકા નદીના તીરે ખેટવનપુર સમીપે ઉલ્લુકાતીત નામનું વન છે. ત્યાં મહાગિરિનો શિષ્ય ધનગુપ્ત નામે હતો. તે ઉલ્લુકાતીતના

સામા તીર પર ઉભો અને તેનો શિષ્ય ગંગાચાર્ય પૂર્વ તીરે ઊભો. હવે તેને પોતાના ગુરુનું વંદન કરવા જવાની ઇચ્છાથી નદીમાં પડી તરી ઊતરતાં પોતે ટાલીઓ હોવાથી હેઠળ શીતળતા અને ઉપર તડકો લાગતાં બે ક્રિયાઓનો એક કાળે અનુભવ થતાં બે ઉપયોગ એક સમયે થાય નહિ એવું પ્રભુનું વચન અન્યથા માનવા લાગ્યો.

આચાર્યોએ ઘણી યુક્તિઓથી સમજાવ્યા પણ તેણે માન્યું નહિ. એક સમયે તે રાજગૃહના વીર પ્રભુ ઉદ્યાનમાં મણિનાયક યક્ષના ભવનમાં ઉતર્યો. ત્યાં વ્યાખ્યાન સાંભળવા આવતા લોકોની આગળ બે ક્રિયાઓનો એકી વખતે અનુભવ થાય છે. એમ પોતાના મતનું પ્રરૂપણ કરતાં યક્ષે મુદ્ગર ઉગામી કોપ દેખાડી તરછોડચો અને કહ્યું કે, અરે! મેં અહિં જ સમોસરેલા વીર પ્રભુને મુખેથી સાંભળ્યું છે કે બે ક્રિયાનો એકી વખતે અનુભવ નથી થતો. સમયની સૂક્ષ્મતાને લીધે અનુભવના અભિમાનની ભ્રાંતિ થાય છે. શું તું વીરથી પણ અધિક જ્ઞાની થયો? આવી રીતે યક્ષે તેને પ્રતિબોધી ઠેકાણે લાવ્યો. પછી પોતાનો મત મૂકી દીધો.

૬. રોહગુપ્તત્રિરાશીકમત = વીર નિર્વાણથી પાંચસો ચુંમ્માલીશ વર્ષે અંતરંજીકાપુરીમાં ભૂતગૃહ નામનું ચૈત્ય હતું. તેમાં શ્રી ગુપ્તનામે આચાર્ય સમોસર્યા તેનું વંદન કરવા પાસેના ગામમાંથી રોહગુપ્ત નામે શિષ્ય આવ્યો. તેણે એક પરિવ્રાજક કે જેણે પેટ ઉપર લોઢાનો પટ્ટો બાંધેલ છે, અને જાંબૂવૃક્ષની શાખા જેણે હાથમાં ધારણ

કરી છે. તેને પૂછ્યું કે આ શું? તેણે કહ્યું કે, જ્ઞાનથી મારૂં ઉદર ફુટી જાય માટે લોહપટ્ટ બાંધ્યો છે. અને જંબૂદ્વીપમાં મારી બરોબરીઓ કોઇ નથી. માટે જાંબુની ડાળી હાથમાં બાંધી છે. આમ બોલી તે પરિવ્રાજકે ઢોલ વગડાવ્યો કે આ વિશ્વમાં એવો કોઈ નથી કે જે મારી સાથે વાદ કરે.

આ સાંભળી રોહગુપ્તે કહ્યું કે, હું વાદ કરીશ. એમ બોલી ઢોલ વાગતો બંધ કર્યો તે પરિવ્રાજક તે પછી રાજદ્વારે ગયો. રોહગુપ્ત ગુરુ પાસે આવી પટહ બંધ કરાવ્યો ને સઘળો વૃત્તાંત કહ્યો. ત્યારે ગુરુએ કહ્યું કે, આ તેં ઠીક ન કર્યું. એ પરિવ્રાજક વિવિધ વિદ્યાવાળો છે. કદાચ તું તેને સ્યાદ્વાદ યુક્તિઓ વડે પરાજય પમાડીશ ત્યારે તે કુવિદ્યાઓના પ્રયોગથી તને ઉપદ્રવ કરશે. રોહગુપ્તે કહ્યું કે, હવે એવો પ્રસાદ કરો કે મારો વાદમાં જય થાય ને કોઇ ઉપદ્રવ ન થાય. ત્યારે ગુરુએ તેને મયુરી નકુળી વિગેરે વિદ્યાઓ આપી અભિમંત્રીત કરીને રજોહરણ દીધો અને કહ્યું કે મેં જે વિદ્યાઓ આપી તેથી તારો પરભવ નહીં થાય. પણ તેનો પરાભવ તારાથી ન થાય ત્યારે આ રજોહરણ તારે ભમાવવું. ગુરુને વંદન કરી રોહગુપ્ત રાજસભામાં ગયો. ત્યાં બેય જણા મળ્યા. રોહગુપ્ત બોલ્યો "આ બિચારો પરિવ્રાજક શું જાણે છે? હું જ તેને પૂર્વપક્ષ આપું છું.

એની મરજીમાં આવે તો પ્રશ્ન ભલે મને પૂછે? પરિવ્રાજકે વિચાર્યું કે એના જ સિદ્ધાંતને પૂર્વપક્ષ રૂપે

લઉં એટલે એ કંઈ પોતાના સિદ્ધાન્તનું ખંડન કરે નહિ. આમ વિચારી તે પરિવ્રાજકે કહ્યું કે, હું બે રાશી માનું છું. જીવ ને અજીવ, પુણ્ય ને પાપ, બુદ્ધિમાન રોહગુપ્તે ત્રણ રાશી કહી તેનું ખંડન કર્યું. જીવ, અજીવ ને નોજીવ, ત્રસાદિકતે જીવ, ઘટાદિક તે અજીવ અને છિન્ન પુછવાળી ગૃહ કોકીલા, આદિ, મધ્યને અંત્ય, વગેરે આવાં વચનોથી એ પરિવ્રાજકને ખૂબ રગડયો ત્યારે એ પરિવ્રાજકે રોહ-ગુપ્ત સામે વીંછી મુકયા. રોહગુપ્તે મયૂર મુકયા તે વીંછી ને ખાઈ ગયા.

પછી તેણે સર્પ મુકયા ને રોહગુપ્તે નોળીયા મુકયા તે સર્પોને ખાઈ ગયા પરિવ્રાજકે ઉંદરો મુકયા. રોહગુપ્તે બીલાડા મુકયા તે ઉંદરોને ખાઇ ગયા. પરિવ્રાજકે મૃગો મુકયા ને રોહગુપ્તે વ્યાઘ્રો મુકયા તે મૃગોનું ભક્ષણ કરી ગયા. પરિવ્રાજકે શૂકર મૂકયા, રોહગુપ્તે સિંહ મૂકયા તે શૂકરોને ખાઇ ગયા. એમ પરિવ્રાજક જે જે જીવને મૂકતો હતો. તેને રોહગુપ્ત તેના ભક્ષક જીવો મૂકી નાશ કરતો હતો. તે છેવટે પરિવ્રાજકે ગર્દભી મૂકી તેની સામે રોહગુપ્તે ગુરુએ મંત્રી આપેલું રજોહરણ ઠોકયું. તેથી તે ગર્દભી પરિવ્રાજક પર લાદ કરતી ચાલી ગઈ. પરિવ્રાજકનો પરાજય થતાં રાજાદિકે તેને રાજદ્વારની બહાર કાઢયો. હવે રોહ-ગુપ્તે ગુરુ પાસે જઇ સઘળું વાદ સ્વરૂપ કહ્યું, ત્યારે ગુરુએ કહ્યું કે કામ તો ઠીક કર્યું પણ હવે રાજસભામાં જઈ તેં ત્રિરાશીનું સ્થાપન કર્યું છે તેનો મિચ્છામિદુકકડં દઈ આવ, કેમ કે જિનશાસનમાં જીવ ને અજીવ બે રાશી જ

કહી છે. રોહગુપ્તે કહ્યું કે, "રાજસભામાં જઈ મિથ્યા દુષ્કૃત દઈ મારા પોતાના વચનને અપ્રમાણ કેમ કહું." ગુરુએ કહ્યું, તેમાં જરા પણ શરમાવું ન જોઇએ.

અવશ્ય ત્યાં જઇને મિથ્યાદુષ્કૃત દેવું, એમ વારં-વાર કહેવાથી રોહગુપ્તે ધૃષ્ટ બની કહ્યું કે રાશી ત્રણ છે એમાં કશો દોષ નથી, પછી ગુરૂ શિષ્ય વાદે ચઢયા રાજ-સભામાં ગુરુ શિષ્યને વાદ કરતાં છ મહિના નીકળી ગયા ત્યારે રાજાએ કહ્યું કે અમારૂં કામ બગડે છે માટે જલ્દી વાદની સમાપ્તિ કરો. ગુરુએ કહ્યું કે કાલે સવારે જ વાદનો નિર્ણય કરી નાખીશું. બીજે દિવસે સવારે રાજાદિ સર્વે-જનોને સાથે લઇ ગુરુ કૃત્રિકાપણે (ત્રણ લોકની વસ્તુ મળે તેવી દેવાધિષ્ઠિત દુકાન) આવ્યા અને જીવની માગણી કરતાં હાથી ઘોડા આદિ દેખાડયા. અજીવની માગણી કરતાં ઘડા વસ્ત્ર વગેરે બતાવ્યા. નોજીવની માગણી કરતાં માલિકે કહ્યું કે, નોજીવ જેવો પદાર્થ છે જ નહિ એમ એકસો ચાલીસ પ્રશ્ન પ્રકરણ વડે રોહગુપ્તને બોલતો બંધ કર્યો. તેને નિન્હવ કહી કાઢી મૂકયો. તેણે વૈશેષિકમત પ્રકટ કરી છ પદાર્થની સ્થાપના કરી તે ષડુલ્લક નિન્હવ તરીકે જાહેર થયો.

૭. ગોષ્ઠામાહિલ=જીવ અને કર્મનો બંધ લેપ જેવો પણ ખીરનીરની જેમ માન્યો નહિ. વીર નિર્વાણથી પાંચસો ચોરાશી વર્ષે દશપુર નગરમાં ઇક્ષુગૃહ નામના ઉદ્યાનમાં આર્યરક્ષિત સૂરિ આવ્યા. તેમની સાથે ગોષ્ઠામાહિલ, ફલ્ગુરક્ષિત ને દુર્બલિકા પુષ્પમિત્ર નામે ત્રણ શિષ્યો હતા.'

આ તરફ મથુરામાં અક્રિયાવાદ ઉઠયો. ત્યાં કોઇ પ્રતિવાદી ન હોવાથી ત્યાંના સંઘે આર્યરક્ષિતસૂરિને પધારવા વિનંતી કરી તેઓએ ગોષ્ઠામાહિલને વાદલબ્ધિમાન જાણી મોકલ્યા. તેણે ત્યાં જઇને રાજસભામાં વાદીને હરાવ્યો. મથુરાવાસી શ્રાવકોએ ગોષ્ઠામાહિલને ત્યાં ચોમાસુ કરાવ્યું. આર્યરક્ષિત સૂરિ પોતાનું મરણ નજીક જાણી પોતાની પાટે કોને સ્થાપવો તેની ચિંતા કરવા લાગ્યા. જે આચાર્ય પોતાની પાટે બીજા આચાર્યને સ્થાપી જતો નથી. તે મહા પાપી છે. એમ વિચારી સર્વ સંઘને તેડાવી કહ્યું કે ગોષ્ઠામાહિલ પ્રતિ હું ઘીના ઘડા જેવો રહ્યો છું.

મતલબ કે મેં તેને ભણાવ્યું તેમાં થોડું બાકી રહ્યુ છે. ફલ્ગુરક્ષિત પ્રતિ તેલના ઘડા જેવો છું. તેમાં પણ કંઇક બાકી રહી ગયું છે. જ્યારે દુર્બલિકા પુષ્પને ભણાવ્યો ત્યારે વટાણાના ઘડા જેવું કંઇ પણ બાકી રહ્યું નથી. (વટાણા કાઢતાં ઘડો તદ્દન સાફ થાય) તે સાંભળી સંઘે કહ્યું હે ભગવન્ ! દુર્બલિકા પુષ્પને આચાર્ય પાટે સ્થાપો કેમ કે તેજ સર્વવિદ્યા સંપન્ન હોવાથી યોગ્ય છે. સંઘનું વચન માન્ય કરી ગુરુ એ દુર્બલિકા પુષ્પને આચાર્યપદે સ્થાપી કહ્યું કે ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિત સાથે મારી જેમ વર્તવું. ફલ્ગુરક્ષિતાદિને કહ્યું કે તમારે દુર્બલિકા પુષ્પની સેવામાં રહેવું. એમ બંનેને હિતશિક્ષા આપી ગુરૂ અનશન લઈ કાળ કરી દેવલોકે ગયા. ગુરુનું દેવલોક ગમન સાંભળી ગોષ્ઠામાહિલ મથુરાથી ઉતાવળા દશપુર આવ્યા. સંઘે દુર્બલિકાપુષ્પને આચાર્યપદે સ્થાપ્યાની

વાત કરી. આ સાંભળી ગોષ્ઠામાહિલ જુદા ઉપાશ્રયે ઉતર્યા. એક વખત ઉપધિ ત્યાં મૂકી ગોષ્ઠામાહિલ દુર્બલિકા પુષ્પના ઉપાશ્રયે આવ્યા. ત્યાં સર્વ સાધુઓએ વંદનાદિ કર્યું. આચાર્યે કહ્યું કે, નોખા કેમ ઉતર્યા? અહીં આવીને રહો. પણ તેમણે આવવાની ઇચ્છા બતાવી નહિ અને પોતાના ઉપાશ્રયે ગયા. ત્યાં શ્રાવકોને ઉશ્કેરે પણ કોઈ તેનું માને નહિ. આચાર્ય વ્યાખ્યાન આપે ત્યારે સાધુઓ ગોષ્ઠામાહિલને બોલાવા જાય પણ તે આવે નહિ અને કહે કે એ નિષ્પાવઘટ (વાલના ઘડા જેવા) ની પાસે તમે જ અર્ધપૌરૂષી કરો. આચાર્ય અર્ધપૌરૂષી કરીને ઉઠે ત્યારે તેમનો વિંધ્ય નામે શિષ્ય બીજું વ્યાખયાન આપે. એક વખત તેણે ગુરુને પૂછયું કે અષ્ટમ કર્મપ્રવાદ પૂર્વમાં કર્મની પ્રરૂપણા કહી છે ત્યાં જીવને કર્મનો બંધ કેમ થાય છે?

આચાર્યે કહ્યું કે બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત આ ત્રણ ભેદથી આત્માને કર્મબંધ છે, તેમાં આત્મપ્રદેશોની સાથે કાચા સુતરથી બાંધેલ સોયોની પેઠે બદ્ધકર્મ કહેવાય છે. નિકાચીત તો નાપિતે કુટેલા સૂચી કલાપની પેઠે થાય છે. પ્રથમ તો જીવ રાગદ્વેષાદિ પરિણામ વડે કર્મ બાંધે છે. પાછળથી પરિણામને પકડી રાખી તે કર્મને સ્પૃષ્ટ કરે છે. તે અત્યંત સંક્લિષ્ટ પરિણામ વડે કરીને જ નિકાચીત ઉપક્રમ વગરનું કરે છે, તે ઉદયગત થાય ત્યારે જ જણાય છે, આ પ્રમાણે વિંધ્ય શિષ્યે કરેલા પ્રશ્નનું દુર્બલિકાપુષ્પ આચાર્યે નિરાકરણ કર્યું. તે પાસેના ઉપાશ્રયમાં બેઠેલા ગોષ્ઠામાહિલે સાંભળ્યું. ત્યાં બેઠા બેઠા જ તેણે

કહ્યું કે આવું તો અમારા ગુરુની સમીપે અમે સાંભળ્યું નથી. જો આ રીતે કર્મ બદ્ધ, સ્પૃષ્ટ અને નિકાચીત થાય તો મોક્ષ ન જ થાય. પણ જેમ કંચુક કંચુકીના શરીરને સર્વતઃ સ્પર્શ કરે છે તેમ કર્મ આત્મપ્રદેશોને સ્પર્શે છે. પણ ક્ષીરનીરની જેમ નહિ. તે કર્મ આત્મપ્રદેશોની સાથે બદ્ધ સ્પૃષ્ટ નિકાચીતભાવે કરી દૂધ પાણીની પેઠે એકીભાવને પામતા નથી જો તેમ થતું હોય તો કર્મોનો વ્યુચ્છેદ ન જ થાય. આવાં ગોષ્ઠામાહિલનાં વચન સાંભળી વિંધ્યે કહ્યું કે, "આચાર્ય તો પૂર્વોક્ત રીતે જ કહે છે. ગોષ્ઠામાહિલે કહ્યું કે, "આ વાત તે જાણતા નથી. વિંધ્યે તે વાત આચાર્યને કહી ત્યારે આચાર્યે કહ્યું કે ગોષ્ઠામાહિલનું વચન અસત્ય છે જેમ અમે કહ્યું તેમજ ગુરુએ કહ્યું છે.

જેમ તપેલા લોઢાના ગોળામાં અગ્નિ સર્વાત્મના સંબંધ પામે છે અને વિયુક્ત થાય છે તેમ આત્મપ્રદેશોની સાથે કર્મ સંબંધ થાય છે અને વિયુક્ત થાય છે. દૂધને પાણી એકમેક થઈ જાય છે. અને હંસની ચાંચ લાગતાં જુદું પડી જાય છે. તેમ કર્મનો સંયોગ–વિયોગ થાય છે. તે વાત ગોષ્ટામાહિલે માની નહિ.

એક વખત નવમા પૂર્વમાં પ્રત્યખ્યાનાધિકાર ગુરુ સાધુઓને ભણાવી રહ્યા હતા. તેમાં આચાર્યે કહ્યું કે સાધુમાં યાવજજીવ ત્રિવિધ પ્રાણાતિપાતને ત્રણ પ્રકારે પ્રત્યાખ્યાન કરું છું. આ વચનો સાંભળી ગોષ્ઠામાહિલ બોલ્યો કે, જાવજજીવ એમ ન કહેવું. એમ કહેવાથી સાવધિક થાય. તેથી પરલોકમાં

આશંસા થવાથી એ પ્રત્યાખ્યાનના ભંગનો સંભવ થાય. માટે પ્રત્યાખ્યાન તો નિરવધિક કહેવું. જેમ કે સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરૂં છું. અપરિમાણ ત્રિવિધનું ત્રણે પ્રકાર વડે, આવી રીતે પ્રત્યાખ્યાન કરવું. આમ જ્યારે ગોષ્ટામાહિલે કહ્યું ત્યારે વિંધ્યાદિ શિષ્યોએ પાછા સૂરિ આગળ આવીને ગોષ્ઠામાહિલે કહેલા વચનો કહી બતાવી પૂછ્યું ત્યારે સૂરિ બોલ્યા કે પ્રત્યાખ્યાનને કાળનો અવધિ તો અવશ્ય કરવો જોઇએ. એમ ન કરવાથી અમર્યાદાની આપત્તિ આવે તેથી અકાર્યતા થઈ જાય અને પરલોકમાં આશંસાના સંભવને લઇ પ્રત્યાખ્યાન ભંગ નથી થતો, જેમ હું જીવમાં સદોષ વસ્તુને નહિ જોઉં, મુવા પછી તો અરતિ અવશ્ય થવાની એટલે ત્યાં યથોક્ત નિર્વાહ થતાં પ્રત્યાખ્યાન ભંગ નથી થતો, તેમ પરલોકની આશંસા સંભાવનને લીધે પ્રત્યાખ્યાન ભંગ નથી થતો. આ દુર્બલિકા પુષ્પનું કથન સર્વેએ સ્વીકાર્યું. અન્ય ફલ્ગુરક્ષિત આદિક સ્થવીર તો એ જ પ્રમાણે માનવા લાગ્યા તથાપિ ગોષ્ટા-માહિલ તો એ સર્વે કંઈ જાણતા નથી એમ જ બોલે અને હું કહું છું એમ જ તીર્થંકરો કહી ગયા છે એમ સ્થાપન કરે. આચાર્યે કહેલું કે સ્થવીરોએ કહેલું માને નહિ ત્યારે સમસ્ત સંઘે શાસન દેવીને ઉદ્દેશી કાઉસ્સગ્ગ કર્યો. શાસનદેવી આવીને બોલ્યા, "સંઘ શું ફરમાવે છે? સંઘે કહ્યું કે શ્રીસીમંધર તીર્થંકર પાસે જઇને પૂછો કે ગોષ્ટામાહીલ કહે છે તે સાચું કે દુર્બલિકા પુષ્પાદિ કહે છે તે સાચું. અને અમને કાયોત્સર્ગનું બળ આપો, સંઘે

કાયોત્સર્ગ આદર્યો. શાસનદેવીએ ભગવન્ સમીપે જઈને સંઘે કહેલ પ્રશ્ન પૂછયો ત્યારે ભગવાને કહ્યું કે દુર્બલિકા પુષ્પાદિ સમ્યગવાદી છે અને ગોષ્ટામાહિલ મિથ્યાવાદી સપ્તમનિન્હવ સમજો. આ ભગવદ્વચન સાંભળી શાસનદેવીએ આવીને સંઘ આગળ કહી દેખાડયા. ગોષ્ટામાહીલ બોલ્યો કે, એ શાસન દેવતા અલ્પ સામર્થ્યવાળ છે.

ભગવાન પાસે કંઈ જ શક્તિ નથી. ત્યારે આચાર્યે એકાંતમાં એમ કહ્યું કે, આર્ય ! ભગવાનના કહેલાં વચન માની જાઓ. નહિતર સંઘ તમારો બહિષ્કાર કરશે. આમ કહેવા છતાંય તેઓ ન માન્યા. તે વારે આ સપ્તમ નિન્હવ છે. એમ કહી બાર પ્રકારના સંભોગમાં તેનો બહિષ્કાર કર્યો તેની સાથે બારે પ્રકારનો સંભોગ કરવો નહિ એવો સંઘે ઠરાવ કરી તેનો બહિષ્કાર કર્યો. તે બાર પ્રકાર કહે છે.

૧. ઉપધિ એટલે વસ્ત્રાદિભેટ, ૨. શાસ્ત્ર ભણવું ભણાવવું, ૩. અન્ન તથા પાણી, ૪. હાથ જોડવા, ૫. કંઈ વાંચવું વંચાવવું, ૬. અનુષ્ઠાન કરવું કરાવવું, ૭. આવે ત્યારે ઉભા થવું, ૮. ચીંધેલું કામ કરવું, ૯. ભક્તિ પ્રવૃત્તિ, ૧૦ સમુદાય મેળા વગેરેમાં પાસે બેસવું બેસાડવું, ૧૧. વાતચીત કરવી, ૧૨. નોતરાં દેવાં વગેરે. આ સાતે દેશ વિસંવાદી નિન્હવ કહ્યા. હવે પ્રસંગથી બહુતર વિસંવાદી બોટીક દિગંબર જૈનમતે નિન્હવ નિરૂપણ કરે છે. વીર નિર્વાણથી છસો નવ વર્ષે રથવીરપુરને વિષે દીપક ઉદ્યાનમાં આર્યકૃષ્ણ આચાર્ય પધાર્યા. એ નગરમાં એક શિવભૂતિ

નામનો સહસ્રમલ રાજાની સમીપે આવીને બોલ્યો કે, આપની સેવા કરવી છે.

રાજાએ કહ્યું કે, પરીક્ષા કરીને તને સેવાનો અવસર અપાશે. એક દિવસ અંધારી ચૌદસે રાજાએ તેને બોલાવી કહ્યું કે, આ ટાણે સ્મશાનમાં જાઓ. આ મદ્ય અને પશુનું બલીદાન આપવાનું છે. બેય વસ્તુ લઇને તે સ્મશાનમાં ગયો. રાજાએ તેને બીવરાવવા પુરુષોને છાનાં પાછળ મોકલ્યા. સહસ્રમલ ત્યાં બહુ ભૂખ્યો હતો તે પશુ મારીને માંસ ભક્ષણ કરી મદ્યપાન કરીને બેઠો. પેલા છાના પુરુષોએ બીવરાવવા માંડ્યો પણ તે જરાય બ્હીનો નહિ. સવારે રાજા પાસે આવી સહસ્રમલે કહ્યું કે બલિ દીધો. સેવકોએ પણ કહ્યું કે, અમે બહુ બીવરાવ્યો પણ જરાએ બ્હીનો નહિ ખરેખર વીર છે.

ત્યારે રાજાએ તેને પોતાની નોકરીમાં રાખ્યો. એક સમયે રાજાએ પોતાના સૈનિકોને મથુરા સર કરવા મોકલ્યા. તેની સાથે સહસ્રમલને મોકલ્યો. માર્ગમાં ચાલતાં પરસ્પર વાતો કરતાં સેવકો બોલ્યા કે, આપણે રાજાને કઈ મથુરા લેવી એ પુછવું ભુલી ગયા. સહસ્રમલ બોલ્યો કે જેટલી મથુરા હોય તેટલી. બે હોય તો બે લેવી. જ્યાં દુષ્કર લાગતી હોય ત્યાં હું જઇશ. આમ બોલીને તે પહેલાં પાંડુ મથુરામાં ગયો અને પોતાના બળે એ મથુરા લીધી. શૂર, દાની તથા વિદ્વાન એ ત્રણ પાસે જનો વસે છે અને તે ત્રણ જણ ગુણવાન થાય છે.

ગુણવાનને ધન આવી મળે છે. ધનથી શ્રી, શોભા, સંપત્તિ પ્રભાવ જામે છે અને તેથી રાજ્ય પમાય છે. પાંડુ મથુરાનગરી લઇને સહસ્રમલ પાછો આવ્યો ત્યારે રાજાએ પ્રસન્ન થઇને કહ્યું કે, હું તુષ્ટ થયો છું. તારી ઇચ્છા હોય તે માગ. ત્યારે તેણે કહ્યું કે, મને સર્વત્ર સ્વેચ્છા ભ્રમણ આપો. રાજાએ તેને જે માગ્યું તે આપ્યું. તે પછી એ સહસ્રમલ સર્વત્ર સ્વેચ્છા પ્રમાણે ભમે. રાત્રે બપોરે સવારે છેલ્લા પહોરે ફરતો ફરતો ગમે ત્યારે ઘરે આવે અને કોઇ વખતે ન પણ આવે જ્યાં સુધી તે ઘરે ન આવે ત્યાં સુધી તેની સ્ત્રી ભોજન કરે નહિ અને સૂએ પણ નહિ.

એક વખત બહુ કંટાળીને પોતાની સાસુને તેણીએ કહ્યું કે, મા ! તમારો પુત્ર કો'ક ટાંણે મધરાતે અને ક્યારેક છેલ્લા પહોરે ઘરે આવે છે.

ક્યારેક તો આવતા જ નથી. કટાંણે આવે છે. હું તો ભુખી ભુખી પીડાઉ ને રાતના ઉજાગરા વેઠું છું. સાસુએ કહ્યું કે, આ જ તારે બારણા બંધ કરીને સુઈ રહેવું હું જાગીશ. તે દિવસે એ જ પ્રમાણે કર્યું તે મધ્યરાત્રે આવ્યો અને બારણું ઉઘાડ એમ રાડ પાડી. ત્યારે માંહેથી મા એ જવાબ આપ્યો કે, જ્યાં બારણાં ઉઘાડાં હોય ત્યાં જા. તે તો રોષમાં ચાલી નીકળ્યો. માર્ગમાં કૃષ્ણાચાર્યનો ઉપાશ્રય ઉઘાડો જોઈ અંદર પ્રવેશ કર્યો. આચાર્યને જોઈ વંદન કરી બોલ્યો કે, મને દીક્ષા આપો, આચાર્યે આનાકાની કરતાં તેણે પોતાની મેળે લોચ કર્યો. ત્યારે આચાર્યે તેને સાધુ વેશ આપ્યો. તેને સાથે લઇ આચાર્યે અન્યત્ર વિહાર

કર્યો. કાળાંતરે પાછા ત્યાં આવ્યા એટલે રાજા વંદન કરવા આવ્યા. ગુરુની અનુજ્ઞા લઈ સહસ્રમલને પોતાના ઘરે બોલાવી રાજાએ રત્નકંબળ આપી તે લઈને ગુરુ પાસે આવ્યો. ગુરુએ પોતાને પૂછયા વગર રત્નકંબળ તેણે લીધો જાણી સહસ્રમલ ઉપાશ્રયમાંથી બહાર ગયો કે પેલો રત્નકંબળ લઈ તેના કટકા કરીને સાધુઓને પગ લુછવા આપી દીધા. સહસ્રમલ બહારથી આવ્યો તેનું સ્વરૂપ ગુરુ જાણી ગયા કે હજુ તે કષાય સહિત જ છે.

એક વખત ગુરુએ વ્યાખ્યાન ચાલતાં વચ્ચે જિન-કલ્પીનું વર્ણન ચલાવ્યું. પાણિપાત્ર તથા પતદ્ગ્રહધર એવા બે પ્રકારના જિનકલ્પી કહ્યા છે. તેમાં પણ અપ્રાવ-રણ તથા સપ્રાવરણ એટલે વસ્ત્ર રાખનારા તથા વસ્ત્ર રહિત એમ બે પ્રકારનો જિનકલ્પીમાર્ગ બતાવ્યો, સહસ્રમલે પુછયું શું એ માર્ગ હમણાં ન કરાય ? ગુરુએ કહ્યું કે, હાલમાં એ માર્ગ વ્યુચ્છિન્ન થયો છે. ત્યારે ફરી તેણે કહ્યું કે, જો આજે પણ એ માર્ગ ચલાવીએ તો વ્યુચ્છેદ ન થાય.

પરલોકાર્થીએ તો એ જ માર્ગ અનુષ્ટેય છે. સર્વથા નિષ્પરિગ્રહ રહેવું એ જ શ્રેયસ્કર છે. સૂરિએ કહ્યું, ધર્મના ઉપકરણને પરિગ્રહ ન કહેવાય. ચર્મચક્ષુથી ન જોઈ શકાય તેવાં ઘણાં જંતુઓ હોય છે. તેઓની દયાને અર્થે રજોહરણ રાખવાનું છે. આસન, શયન, સ્થાન, નિક્ષેપ, ગ્રહણ તથા ગાત્ર સંકોચનમાં તેનાથી પ્રથમ પ્રમાર્જન કરવાનું બની શકે છે. તેમજ સંપાતિમ મુખ્ય સૂક્ષ્મ જંતુઓ ચારે કોર વ્યાપક હોય છે.

તેની રક્ષા નિમિત્તે મુહપત્તિ સમજવાની છે. ક્યાંક ક્યાંક અન્ન પાનાદિકમાં જંતુઓ હોય છે તેની રક્ષા માટે પાત્રગ્રહણ ઇચ્છાય છે, સમ્યક્ત્વ જ્ઞાન શીલ અને તપ એ સિદ્ધિનાં સાધન મનાય છે. તેના ઉપગ્રહણાર્થે વસ્ત્ર ધારણ વિહિત છે. ટાઢ, વાયુ, તડકો, ડાંસ મસલાં ઇત્યાદિ જંતુઓથી ખેદિત મનુષ્યો સમ્યક્ત્વાદિકને વિષયે સારી રીતે ધ્યાન વિધાન નહિ કરી શકે. જો ઉપર કહેલાં ઉપકરણોનું ગ્રહણ ન કરે તો ક્ષુદ્ર પ્રાણીઓનું વિનાશ ન થઇ જાય અથવા જ્ઞાન ધ્યાનનો ઉપઘાત થાય તો તે મહોટો દોષ ગણાય. એ ધર્મોપકરણ રાખ્યા વિના જે મહાત્મા ઉપર કહેલા દોષોનું વર્જન કરી શકે તેણે ન ગ્રહણ કરવું ઠીક છે, એવો જે હોય તે તો સાક્ષાત્ જિનપ્રભુ જેવો જ ગણવા યોગ્ય છે.

જિનકલ્પી પ્રથમ સંઘયણવાળો હોય આ સમયમાં પ્રથમ સંઘયણનો અભાવ છે. તેથી જિનકલ્પીમાર્ગનું અનુષ્ઠાન નથી કરાતું. આ પ્રમાણે ગુરુએ ઘણું સમજાવ્યો પણ તે સમજ્યો નહિ. ઉલટો અસહનતાથી પોતે પહેરેલું આવરણ પણ ફેંકી નાખી વનમાં ચાલી નીકળ્યો. એક ઉદ્યાનમાં તે હતો ત્યાં તેની ઉત્તરા નામની બ્હેન વંદન કરવા આવી. ભાઇને વસ્ત્ર રહિત જોઈ તેણીએ પણ વસ્ત્ર ત્યજયાં. નગરમાં એકવાર બન્ને સાથે ભિક્ષાર્થે પેઠાં. ત્યાં ઉપર અટારીમાંથી ગણિકાએ દીઠાં.

અમારી જાતથી લોકો વિરક્ત ન થાઓ એમ માનીને તે ગણીકાએ એક સાડી પેલી સાધ્વીની છાતી પર ફેંકી.

એ સાધ્વી તો સાડી નહોતી ઇચ્છતી પણ તેના ભાઈએ આતો અંતરીક્ષથી દેવતાએ દીધી છે એમ કહ્યું. એટલે તેણીએ પહેરી લીધી. આ શિવભૂતિએ કોડીન્ન તથા કોટ્ટવીર એ નામના બે શિષ્યોને પ્રતિબોધ કરી દીક્ષા આપી તેઓનાથી આ બોટીકમત–મિથ્યા દર્શન પ્રવૃત્ત થયું. નૈયાયિકમાર્ગને સાંભળીને ઘણાય પરિભ્રષ્ટ થયા છે. આ બે પદ ઉપર આ સાત નિન્હવના ઉદાહરણ કહ્યાં છે.

**सुइं च लद्धुं सद्धं च, वीरियं पुण दुल्लहं ।**
**बहवे रोयमाणा वि, नो य णं पडिवज्जए ॥१०॥**

ધર્મ શ્રવણ મળ્યું તે સાંભળીને શ્રદ્ધા થઈ તો પણ સાંભળેલ ધર્મ પ્રમાણે વર્તવાનું સામર્થ્ય અતિ દુર્લભ છે. કેમકે ઘણા જનો ધર્મમાં રૂચિ ધારણ કરતા હોવા છતાં એ પ્રમાણે સંયમનું બરાબર પાલન કરી શકતા નથી.

**माणुसत्तम्मि आयाओ, जो धम्मं सोच्च सद्दहे ।**
**तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ॥११॥**

મનુષ્યત્વને વિષે આવેલો જીવ ધર્મને સાંભળીને શ્રદ્ધા કરે છે તે તપસ્વી પ્રાણી વીર્ય પામીને સંવર યુક્ત થઈ રજકર્મરૂપી રજને ખંખેરી નાખે છે.

**सोही उज्जुअभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।**
**णिव्वाणं परमं जाइ, घयसित्ति व्व पावए ॥१२॥**

સરળતાથી નિર્મળતા થાય છે તેથીએ શુદ્ધ થએલાનો ધર્મ સ્થિર થાય છે. અને તેથી સીંચેલા અગ્નિની જેમ તેજસ્વી મોક્ષગામી બને છે.

**विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खंतिए।**
**सरीरं पाढवं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥१३॥**

હે શિષ્ય તું કર્મના હેતુને શોધી કાઢ અને ક્ષમા વડે સંયમને એકત્ર કર. એમ કરવાથી પૃથ્વી વિકારભૂત આ શરીરને ત્યજીને મોક્ષમાર્ગે સંચરીશ.

**विसालिसेहिं सीलेहिं, जक्खा उत्तर उत्तरा।**
**महासुक्का व दिप्पंता मन्नंता अपुणच्चयं ॥१४॥**

એક બીજાથી શીલને લીધે સાધુઓ યક્ષદેવ થઇ ઉત્તરોત્તર ઉજ્જવળ તથા દીપતા અને ફરીને ચ્યુત થવાનું નથી એમ માનતા થાય છે.

**अप्पिया, देवकामाणं, कामरूवविउव्विणो।**
**उड्ढंकप्पेसु चिट्ठंति, पुव्वा वाससया बहु ॥१५॥**

વળી તે સાધુઓ દેવોના કામ ભોગ પ્રત્યે દેવ વૈભવ પામેલા તથા ઇચ્છા થાય તેવાં રૂપ ધારણ કરી શકે એવા તે દેવો ઘણાજ પૂર્વ વર્ષ શત પર્યંત ઉર્ધ્વકલ્પને વિષે સ્થિતિ ભોગવે છે. પૂર્વથી જઘન્ય પ્રકારે પલ્યોપમ ઘણાંક વર્ષશતથી એક પૂર્વ થાય અનેક પૂર્વશતથી એક સાગરોપમ થાય છે.

**तत्थ ठिच्चा जहाठाणं, जक्खा आउक्खए चुया।**
**उवेंति माणुसं जोणिं, से दसंगेऽभिजायए ॥१६॥**

તત્ર દેવલોકમાં યથાસ્થાન સ્થિતિ કરીને એ યક્ષો આયુ ક્ષય થવાથી દેવલોકથી ચ્યુત થઇને મનુષ્ય યોનિમાં આવે છે અને તે ત્યાં દશવિધ ભોગ સામગ્રીવાળો થાય છે.

**खेत्तं वत्थुं हिरण्णं च, पसवो दासपोरुसं ।**
**चत्तारि कामखंधाणि, तत्थ से उववज्जइ ॥१७॥**

ક્ષેત્ર=ગ્રામાદિક, વાસ્તુ=ઘર સુવર્ણ, પશુઓ નોકર ચાકર વગેરે ચાર સ્કંધ જ્યાં હોય ત્યાં તે ઉપજે છે.

**मित्तवं नायवं होइ, उच्चागोए य वण्णवं ।**
**अप्पायंके महापन्ने, अभिजाए जसो बले ॥१८॥**

મિત્રવાન તથા જ્ઞાતિ કુટુંબી જનવાળો થાય છે તથા ઉચ્ચ ગોત્રવાળો અને રૂપાળો તેમજ રોગ રહિત મહા-બુદ્ધિવાન વિનયવાન હોઈ યશ તથા બળવડે યુક્ત થાય છે.

૧. જેને મિત્ર હોય તે મિત્રવાન્, ૨. જ્ઞાતિ સ્વજન હોય તે જ્ઞાતિમાન્, ૩. ઉચ્ચગોત્ર હોય તે ઉચ્ચૈર્ગોત્ર, ૪. વર્ણવાન્ એટલે શરીરે રૂપાળો, ૫. અલ્પરોગી અથવા અલ્પમનઃ ક્ષોભવાળો, ૬. મહા બુદ્ધિશાળી, ૭. કુલીન તથા વિનીત, ૮. યશસ્વી, ૯. બળવાન એ પદમાં બન્ને ઠેકાણે પ્રત્યયનો લોપ સમજવો. ઉપરનું એક મળી દશ અંગ થયાં.

**भोच्चा माणुस्सए भोए, अप्पडिरूवे अहाउयं ।**
**पुव्विं विसुद्धसद्धम्मे, केवलं बोहिबुज्झिया ॥१९॥**

**चउरंगं दुल्लहं नच्चा, संजमं पडिवज्जिया ।**
**तवसा धुयकम्मंसे, सिद्धे हवइ सासए ॥२०॥**

એ મનુષ્ય ત્યાં જીવીત પર્યંત મનુષ્યના અનુપમ

ભોગો ભોગવીને પૂર્વ જન્મમાં વિશુદ્ધ ધર્મ યુક્ત સમ્યક્ત્વ જાણીને તદનંતર પૂર્વોક્ત મનુષ્યત્વ શ્રવણ શ્રદ્ધા, સંયમમાં વીર્ય એ ચતુરંગ દુર્લભ છે એમ જાણી સદોષ ક્રિયાથી ઉપશમ પામી સંયમ તપ વડે નાશ કર્યાં છે કર્મો જેણે તે સિદ્ધ થાય છે.

**લૌકિક દશવિધ ભોગ સામગ્રી નીચે મુજબ છે.**

૧. એકછત્રી રાજ્ય, ૨. સૌભાગ્યશાળી પત્નિ, ૩. પુત્ર પૌત્રાદિ પરિવાર, ૪. સુંદર રૂપ, ૫. કાવ્યચાતુરી, ૬. સુસ્વર, ૭. નિરોગી, ૮. ગુણનો પરિચય, ૯. સજ્જનપણું, ૧૦ સારી બુદ્ધિ. ધર્મથી ઉપરની દશ વસ્તુઓ મળે છે ને છેવટે મોક્ષ મળે છે.

---

## ચોથું અધ્યયન

**असंखयं जीवियं मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं।**
**एअं विजाणाहि जणे पमत्ते, किण्णु विहिंसा अजया गहिंति।१।**

હે શિષ્ય, આ જીવિત અસંસ્કૃત છે. તેથી તું પ્રમાદ ન કર, કારણ કે જરાવસ્થાને પહોંચેલા પુરુષને કોઇ પણ શરણ નથી તથા આ તું વિશેષે કરીને જાણ કે પ્રમાદી હિંસક સ્વભાવવાળા અને અજિતેન્દ્રિય એવા મનુષ્ય કોનું શરણ ગ્રહણ કરશે ?

**जे पावकम्मेहिं धणं मणूसा, समाययंती अमइं गहाय।**
**पहाय ते पासपयट्ठिए नरे, वेराणुबद्धा नरयं उवेंति।२।**

જે મનુષ્ય પાપકર્મ વડે ધન ઉપાર્જન કરે છે. તે

પૂર્વોપાર્જિત દ્વેષ બંધનથી બદ્ધ થએલા નરકે જાય છે. કેમકે એવી રીતે ધન મેળવીને તેઓ કુમતિ ગ્રહણ કરીને અર્થાત્ આ લોકમાં સુખનો હેતુ ધન વિચારીને પાપકર્મથી મેળવેલું તે ધન અંતે ત્યાગ કરી પુત્ર સ્રી ધન આદિક બંધનમાં જકડાએલા નરકે જાય છે. નરકે જનાર પુરુષની સાથે ધન કંઇ જતું નથી. કિંતુ મહારંભ પરિગ્રહ ને વશવર્તી એકાકીજ નરકે જાય છે. આ ગાથામાં જરાએ મરણ સમીપે દોરી લઈ જવાતા મનુષ્યને કોઈ રક્ષણ આપી શકતું નથી એમ કહ્યું. મતલબ કે મરણ વખતે શરણભૂત કોઇ થતું નથી.

**तेणे जहा संधिमुहे गहीए, सकम्मुणा किच्चइ पावकारी ।**
**एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मुक्ख अत्थि ।३**

જેમ પાપ કરનાર ચોર ખાતરના છિદ્રમાં ગ્રહણ કરાયો થકો પોતાના જ કર્મ વડે છેદાય છે. એ રીતે મનુષ્ય પરલોકમાં અને આ લોકમાં દુઃખ પામે છે. કરેલા કર્મોને ભોગવ્યા સિવાય ક્ષય થતો નથી.

**संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।**
**कम्मस्स ते तस्स उ वेयकाले, न बंधवा बंधवयं उवेंति ।४।**

સંસારને પામેલો જીવ પરને અર્થે અથવા સ્વપરને અર્થે જે ખેતી આદિ કર્મને કરે છે. તે પણ કર્મના ઉદયકાળે તે બંધુઓ બંધુપણાને પામતા નથી. અર્થાત્ પાપ બધાને માટે કરે છે. પણ તેને એકલાને જ ભોગવવું પડે છે.

वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठेव अणंतमोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥५॥

પ્રમાદી મનુષ્ય આલોકને વિષે અથવા પરલોકને વિષે ધન વડે રક્ષણને પામતો નથી. નાશ પામ્યો છે દીપક જેને એવા અનંત મોહવાળા પુરુષે ન્યાયમાર્ગ જોયા છતાં નથી જોયો એમ જાણવું, આ વિષયમાં વેશ્યાના ઘરે રહેલા પુરોહિત પુત્રનું દૃષ્ટાંત જાણવું. કોઈ નગરમાં ઇન્દ્ર મહોત્સવ વખતે રાજાએ નગરમાં પડહો વગડાવ્યો કે સર્વે પુરુષોએ નગરની બહાર આવવું, જે રહેશે તેનો મોટો દંડ થશે. આ સમયે રાજાના માનીતા પુરોહિતનો પુત્ર વેશ્યાના ઘરમાં પડેલો પડહો સાંભળવા છતાં નિકળ્યો નહિ. તેથી રાજપુરુષો તેને પકડી રાજા પાસે લાવ્યા. રાજાએ દેહાંત દંડની શિક્ષા કરી તેના પિતા પુરોહિતે રાજાનેસર્વસ્વ આપી પુત્રને છોડવા વિનંતી કરી પણ રાજાએ શુળીએ ચઢાવ્યો.

सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं, भारंडपक्खी व चरेऽप्पमत्ते ।६।

જાગતો પુરુષ તત્કાળ ઉત્પન્ન થએલી બુદ્ધિવાળો કાર્ય અકાર્યને વિષે જાણતો દ્રવ્ય અને ભાવથી સુતા હોય તો પણ તેમને વિષે વિશ્વાસ ન કરે. કારણ કે મરણ કાળ ક્ષણમાત્ર મહા ભયંકર છે. તથા શરીર પણ બળ રહિત છે તેથી કરીને પ્રમાદ રહિત ભારંડ પક્ષીની જેમ તું ચાલ.

चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मन्नमाणो ।
लाभंतरे जीवीय वुहइत्ता, पच्छा परिन्नाय मलावधंसी ।७।

ધર્મ સ્થાનોને વિષે જે કાંઇ આ ચારિત્રને વિષે પાસલાં જેવાં માનતો સાધુ એકબીજાને લાભ થયે જીવિતને વૃદ્ધિ પમાડીને પછી જ્ઞપરિજ્ઞાએ જાણીને કર્મરૂપ મળનો નાશ કરનાર થાય. મતલબ કે સાધુ સંયમ માર્ગે ચારિત્ર દુષણોનો વખતો વખત વિચાર કરતો રહી ધર્મ સ્થાનોમાં વિચરે કેવી રીતે? તો કે ગૃહસ્થ પરિચયાદિ બંધનો હેતુ હોવાથી પાસ જેવું માનતો જ્ઞાન દર્શન ચારિત્રનો વિશેષ લાભ હોય તો શરીરને આહારરૂપી ભાડું આપી પછી શરીર કામ ન આપે ત્યારે ભક્ત પ્રત્યાખ્યાન કરી શરીરને મળ સમજી ત્યજી દે. જેમ મૂળદેવ રાજાએ મંડક ચોરને પોતાની પાસે રાખી તેની બ્હેનને પરણીને ચોર પાસેથી ધીમે ધીમે બધું ચોરેલું ધન પાછું મેળવી જેનું હતું તેને આપી દીધું. પછી તે ચોર પાસે કંઈ પણ રહ્યું નહિ ત્યારે તેને શૂળીએ ચઢાવી મારી નાખ્યો. તેમ સાધુએ શરીર પાસે ભાડું આપી કામ લેવું અને પછી શરીર કામ ન આપે તો અનશન કરી કાયાને ત્યજી દેવી.

छंदं निरोहेण उवेइ मोक्खं, आसे जहा सिक्खियवम्मधारी।
पुव्वाइं वासाइं चरेऽप्पमत्तो, तम्हा मुणी खिप्पमुवेइ मुक्खं ।८।

જેમ શિક્ષા પામેલો બખ્તરને ધારણ કરનારો અશ્વ શિક્ષકની ઈચ્છા પ્રમાણે ચાલવાથી નિર્ભય સ્થાને પહોંચે છે. તેમ મુનિ ગુર્વાજ્ઞાપૂર્વક સ્વચ્છંદપણાના નિરોધે કરી મોક્ષ પામે છે. તેથી તે સાધુ પૂર્વ વર્ષો સુધી પ્રમાદ રહિત વિહાર કરવાથી શીઘ્ર મોક્ષને પામે છે.

**स पुव्वमेवं न लभेज्ज पच्छा, एसोवमा सासयवाइयाणं ।**
**विसीयई सिढिलं आउयम्मि कालोवणीए सरीरस्स भेए ।९।**

તે પુરુષ પ્રથમની જેમ પછી પણ અપ્રમત્તપણાને પામતો નથી. એમ કહેવું તે શાશ્વતવાદીની ઉક્તિ છે. એવો તેઓનો નિશ્ચિત નિયમ છે. કેમકે સાધુ શિથિલ થયે છતે અને શરીરનો ભેદ એટલે નાશ કાળ નજીક આવે સતે તે ખેદ પામે છે. તેથી પ્રથમથી જ પ્રમાદનો ત્યાગ કરવો.

**खिप्पं न सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहाय कामे ।**
**समिच्च लोयं समया महेसी, अप्पाणुरक्खी चरे अप्पमत्ते ।१०।**

હે પ્રાણી! શીઘ્રપણે વિવેક પામવા તું શક્તિમાન નથી. તે માટે સમ્યગ્ પ્રકારે કામને તજી સર્વ પ્રાણીના સમુહને સમતાપણે જાણીને મોક્ષને ઈચ્છનાર થઈ આત્માનું રક્ષણ કરનાર તથા પ્રમાદ રહિત તું વિચર. એક બ્રાહ્મણની સ્ત્રી આભૂષણ પહેરેલાં નિત્ય રાખતી. તેના પતિએ કહ્યું કે, ચોર લોકો જાણશે તો તને હેરાન કરશે તેણીએ કહ્યું કે, ચોરો આવશે તો હું તરત ઘરેણાં ઉતારી સંતાડી દઈશ. પછી ચોરો આવ્યા ત્યારે તે સ્ત્રી ઘરેણાં ઉતારી શકી નહિ, તેથી ચોરોએ તેના આભૂષણો ન નીકળવાથી તેના હાથપગ કાપીને ઘરેણાં લઈ ગયા.

એક વણિક પરદેશ ગયો. ત્યારે તેની સ્ત્રી પોતાના શરીરની જ સુશ્રુષા કરતી અને ઘરનાં કામ બરાબર સંભાળતી ન હતી. નોકર ચાકરો પ્રત્યે પણ બેદરકાર રહેતી. તેથી તેનાં નોકર ચાકરો નોકરી છોડી ચાલ્યાં ગયાં. તે વણિકે

ઘેર આવી ઘરની અવ્યવસ્થા જોઈ તે સ્ત્રીને કાઢી મુકી. બીજી સ્ત્રી પરણ્યો. તે સ્ત્રીને મુકી પરદેશ ગયો. હવે આ સ્ત્રી પ્રમાદ રહિત થઈ ઘર સાફ રાખતી અને નોકર ચાકર પાસે કામ લેતી અને તેમને ખુશ રાખતી હતી. વણીકે પરદેશથી આવી જોયું તો ઘરની આબાદિ ને સ્વચ્છતા જોઈ તેને અધીષ્ટાત્રી બનાવી. આ રીતે શિષ્ય ગુર્વાજ્ઞાપૂર્વક અપ્રમતપણે વિચરે.

**मुहुं मुहुं मोहगुणे जयंतं अणेगरूवा समणं चरं तं ।**
**फासा फुसंती असमं जसं च,न तेसि भिक्खू मणसा पउस्से।११**
**मंदा य फासा बहुलोहणिज्जा, तहप्पगारेसु मणं न कुज्जा ।**
**रक्खिज्ज कोहं विणएज्ज माणं, मायं न सेवेज्ज पयहिज्ज लोहं।**

વારંવાર મોહગુણને જીતી અનેક રૂપે ચરતા સાધુને રૂપ રસાદિક સ્પર્શે છે તે સારૂં નહિ માટે એ પાંચે ઇન્દ્રિયોના વિષયોને ભિક્ષુ મનથી પણ ચિંતવે નહિ. સ્પર્શ ઇન્દ્રિયાર્થ વિવેકીને મંદ કરનારા તેમજ બહુ લોભ ઉત્પન્ન કરનારા હોય છે. તેથી તેમાં મન ન કરે વળી ક્રોધનું નિવારણ કરે, ગર્વને વિનયવડે કરી ફેડી નાખે, કપટને સેવે નહિ અને લોભને પ્રકર્ષ કરીને ત્યજે. મતલબ કે પાંચે ઇન્દ્રિયોના વિષયોને તથા ક્રોધાદિ ચાર કષાયોને તજી સંયમને સારી રીતે પાળે.

**जे संखया तुच्छपरप्पवाई, ते पिज्जदोसाणुगया परज्झा ।**
**एए अहम्मे त्ति दुगुंछमाणो, कंखे गुणे जाव सरीरभेओ ।१३।**
**त्तिबेमि**

પરવાદીઓ પરની નિંદા કરનારા રાગદ્વેષથી ગ્રસ્ત

બનેલા અધર્મી કહેવાતા. તેના પરિચયને છોડી જ્યાં સુધી શરીરનું પતન ન થાય ત્યાં સુધી નિંદાનો ત્યાગ કરી જ્ઞાનાદિગુણો મેળવવામાં તત્પર રહે. એમ હું બોલું છું. એટલે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે.

---

## પાંચમું અધ્યયન

### પંડિતમરણ

**अण्णवंसि महोहंसि, एगे तिण्णे दुरुतरं ।**
**तत्थ एगे महापण्णे, इमं पण्हमुदाहरे ॥१॥**

કેટલાએક ગૌતમ આદિ મહાપુરુષો દુઃખે કરીને તરી શકાય એવા સંસાર સમુદ્રને પાર પામેલા પરંતુ તેમાં મોટી પ્રજ્ઞાવાળા તીર્થંકર તો આ પ્રશ્નને કહે છે.

**संति मे य दुवे ठाणा, अक्खाया मरणंतिया ।**
**अकाममरणं चेव, सकाममरणं तहा ॥२॥**

મરણ અવસ્થામાં થનારા બે સ્થાનો તીર્થંકરોએ કહ્યા છે. અકામમરણ એટલે બાલમરણ અને સકામમરણ એટલે પંડિતમરણ. મરણના સત્તર પ્રકાર છે ૧ આવીચી, અવધિ, અંતિમ, વલય, વશાર્ત, અંતઃશલ્ય, તદ્ભવ, પંડિત, બાલ, મિશ્ર, છદ્મસ્થ, કેવળી, વિહાયસ, ગૃદ્ધપૃષ્ટ, ભક્તપરિજ્ઞા, ઈંગિની અને પાદપોપગમન

**बालाणं अकामं तु, मरणं असइं भवे ।**
**पंडियाणं सकामं तु, उक्कोसेणं सइं भवे ॥३॥**

બાળમૂર્ખનું મરણ ઈચ્છાપૂર્વકનું નથી પણ અણગમતાં

મરે છે તેથી અકામમરણુ કહેવાય છે. અને તે વારંવાર થાય છે. પંડિતોનું સકામ મરણુ ઉત્કૃષ્ટ ગણાય છે તે એક જ વાર થાય છે અને શેષ ચારિત્રવાનને સાત આઠ-વાર થાય છે.

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
कामगिद्धे जहा बाले, भिसं कूराइं कुव्वइ ॥४॥

તેમાં પહેલું સ્થાન અકામમરણુ એટલે ઇન્દ્રિય સુખમાં લાલસાવાળા તથા ક્રૂર વિષયીજીવો વારંવાર અકામમરણુ પામ્યા કરે છે. શક્તિ વિના મનથી દુષ્કર્મો કરી ફરીફરીને મરે છે.

जे गिद्धे कामभोएसु, एगे कूडाय गच्छइ ।
न मे दिट्ठे परे लोए, चक्खूदिट्ठा इमा रई ॥५॥

કામભોગમાં જે રચ્યાપચ્યા રહે છે. તે ક્રૂર કર્મ કરનાર નરકે જાય છે. જે કામભોગમાં ગૃદ્ધ રહે છે, તે મૃષા ભાષણુ વગેરેમાં પ્રવર્તે છે. તેને કોઈ પૂછે કે તમે કંઈ ધર્મ કરો ત્યારે તે ઉત્તર આપે છે કે મને પરલોક દેખાતો નથી, મને તો આ કામભોગથી થતા સુખમાં પ્રીતિ પ્રત્યક્ષ અનુભવાયછે. પ્રત્યક્ષ સુખી પરોક્ષ સુખને કોણુ વળગે?

हत्थागया इमे कामा, कालिया जे अणागया ।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ॥६॥

આ કામભોગ હાથમાં આવેલા સ્વાધીન રહ્યા છે. તેમ જે આવતા જન્મમાં થવાના હોય તે આગામી કામ-

ભોગ સુખ તો તે કાળે થવાના હોવાથી અનિશ્ચિત છે. કોણ જાણે છે કે પરલોક છે કે નથી ?

**जणेण सद्धिं होक्खामि, इइ बाले पगब्भइ ।**
**कामभोगाणुराएणं, केसं संपडिवज्जई ॥७॥**

લોકની સાથે હું પણ ભોગો ભોગવીશ. આ પ્રમાણે અજ્ઞાની માણસ ધીટ્ઠો થઈને બોલે છે, વળી તે કામભોગના અનુરાગે કરીને ક્લેશને પામે છે.

**तओ से दंडं समारभंई, तसेसु थावरेसु य ।**
**अट्ठाए य अणट्ठाए, भुयग्गामं विहिंसइ ॥८॥**

તે કામભોગના અનુરાગથી તે જીવ ત્રસ અને સ્થાવર જીવોને પ્રયોજન વિના મન, વચન, કાયદંડને આરંભે છે, પ્રાણીઓના સમુહની હિંસા કરે છે. ધન મેળવવા પંચેન્દ્રિય જીવની વિશેષે કરી હિંસા કરે છે.

**हिंसे बाले मुसावाई, माइल्ले पिसुणे सढे ।**
**भुंजमाणे सुरं मंसं, सेयमेयं ति मन्नइ ॥९॥**

હિંસક સ્વભાવવાળા અજ્ઞાની મૃષાવાદી થાય છે તથા માયાવી તથા પિશુન તથા શઠ, તથા મદિરા, માંસને ખાતો સતો આ કલ્યાણકારક છે એમ માને છે.

**कायसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।**
**दुहओ मलं संचिणइ, सिसुणागु व्व मट्टियं ॥१०॥**

કાયા અને વચન વડે ગર્વિષ્ટ તથા ધન અને સ્ત્રીઓને વિષે આસક્તિવાળો રાગદ્વેષે કરીને કર્મમળનો સંચય કરે છે. બાંધે છે. જેમ અળશીયો બહાર માટીથી લીંપાતો જાય છે

અને અંદર પણ માટી ખાતો જાય છે. માટીથી બહાર નીકળે તો સૂર્યના તાપથી તરફડીને વિનાશ પામી માટીમાં ઉમેરો કરે છે તેમ મૂર્ખ કર્મમળને વધારે છે.

**तओ पुट्ठो आयंकेणं, गिलाणो परितप्पइ ।**
**पभीओ परलोगस्स, कम्माणुप्पेहि अप्पणो ॥११॥**

પછી મૃત્યુ કરનારા રોગવડે પરાભવ પામેલો તથા પરલોકથી ભય પામેલો તથા પોતાના અશુભકર્મનો વિચાર કરતો તે ખેદ પામે છે.

**सुया मे नरए ठाणा, असीलाणं च जा गइ ।**
**बालाणं कूरकम्माणं, पगाढा जत्थ वेयणा ॥१२॥**

મેં નરકમાંના સ્થાનો સાંભળ્યાં. વળી શીલભ્રષ્ટ કુત્સિત આચરણ કરનારની જે ગતિ થાય તે પણ જાણી, જે ગતિમાં ક્રુર કર્મ કરનારા બાલમૂર્ખો કે જેઓ પોતાના જ હિતનો સ્વયં વિધ્વંસ કરે છે તેઓને ત્યાં નરકમાં મર્મ-ભેદક વેદના થાય છે.

**तत्थोववाइयं ठाणं, जहा मेऽयमणुस्सुयं ।**
**अहाकम्मेहिं गच्छंतो, सो पच्छा परितप्पइ ॥१३॥**

નરકમાં ઉપપાત થાય તે સ્થાને મુહૂર્તની અંદર છેદન–ભેદન, તાડન તર્જન–આદિક યાતનાઓ દેવાય છે તે સ્થાન મેં સાંભળેલું છે. આમ નિશ્ચિત ચિંતન કરતા તે પામર પશ્ચાત્ આયુ ક્ષય થતાં કર્મ પ્રમાણે નરકાદિ ગતિ પામી પરિતાપ કરે છે.

जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं ।
विसमं मग्गं ओइण्णो, अक्खे भग्गम्मि सोयइ ॥१४॥

જેમ કોઈ ગાડાવાળો રાજમાર્ગ છોડીને વસમે માર્ગે ઉતરી ગાડાનો ધરો ભાંગે ત્યારે શોક કરે છે અરે મને ધિક્કાર છે, જાણી જોઈને મેં અવળે માર્ગે ઉતરી ધરો ભાંગ્યો, એમ મનમાં પશ્ચાત્તાપ કરે છે.

एवं धम्मं विउकम्मं, अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयइ ॥१५॥

એ જ પ્રકારે ધર્મનું ઉલ્લંઘન કરી અધર્મને માર્ગે ઉતરી બાળમૂર્ખ મૃત્યુ મુખ થઈને શોક કરે છે, જેમ ધરો ભાંગતાં ગાડાવાળો કરે તેમ.

तओ से मरणंतम्मिं बाले संतसई भया ।
अकाममरणं मरई, धुत्ते व कलिणा जिए ॥१६॥

તદનંતર તે મૂર્ખ મરણાંત ભયથી સંત્રાસ પામી અકામ મરણને પ્રાપ્ત થાય છે. મરતી વેળાએ જેમ કોઇ જુગારીઓ કપટી જુગારીએ જીતી લેતાં સઘળું દ્રવ્ય હરાઈ જવાથી શોક કરે કે મેં આની સાથે રમીને સઘળું દ્રવ્ય ગુમાવ્યું. તેમ તે મૂર્ખ અકામ મરણે મરતો શોક કરે છે.

एयं अकाममरणं, बालाणं तु पवेइयं ।
एत्तो सकाममरणं, पंडियाणं सुणेह मे ॥१७।

અજ્ઞાનીજનોનું અકામ મરણ કહ્યું. હવે પંડિતોનું સકામ મરણ જે હું કહું તે તમે શ્રવણ કરો.

**मरणं पि सपुण्णाणं, जहा मेऽयमणुस्सुयं ।**
**विप्पसण्णमणाघायं, संजयाणं वुसीमओ ॥१८॥**

પુણ્યવાન તથા સંયમવાન જનોનું જેવું મરણ મેં સાંભળ્યું છે તે સકામ મરણ. હે ભવ્ય જીવો ! તે વિશેષતઃ કષાયાદિ મલરહિત હોવાથી નિર્મલ તથા જેમાં યત્નવાન રહેનાર અન્ય જીવોના સંયમ જીવિતનો નાશ નથી તેવું જિતાત્માનું સકામમરણ સાંભળો.

**न इमं सव्वेसु भिक्खुसु, न इमं सव्वेसु ऽगारिसु ।**
**नाणासीला अगारत्था, विसमसीला य भिक्खुणो ॥१९॥**

આ પંડિત મરણ દરેક સાધુને નથી થતું પણ કોકને જ થાય છે, તેમ સર્વ ગૃહસ્થને પણ થતું નથી પણ કોકને જ થાય છે. કારણ કે ગૃહસ્થો ભિન્નભિન્ન આચરણવાળા હોય છે. અને સાધુઓ પણ એક બીજાથી મળતા ન આવે તેવા શીલવાન હોય છે. કોઈક નિદાન સહિત તપવાળા અને કોઈક નિયાણા રહિત તપવાળા હોય છે. કોઈ નિર્મળ ચારિત્રવાળા અને કોઇ બકુશ ચારિત્રવાન હોય છે. આથી સર્વેને પંડિતમરણ થતું નથી. વેષધારીને તો થાય જ નહિ.

**संति एगेहिं भिक्खूहिं, गारत्था संजमुत्तरा ।**
**गारत्थेहि य सव्वेहिं, साहवो संजमुत्तरा ॥२०॥**

કેટલાક નિન્હવ અને ભગ્ન ચારિત્રીયા કરતાં ગૃહસ્થો પણ દેશવિરતીપણાથી અધિક સારા હોય છે. તેઓમાં સરસવ તથા મેરૂ જેટલું અંતર હોય છે. તેમજ દ્વિવિધ તથા ત્રિવિધ પ્રત્યાખ્યાન ધારણ કરનારા ગૃહસ્થો

કરતાં સત્તર પ્રકારના સંયમવાળા, છ કાયના રક્ષક સાધુઓ અધિક શ્રેષ્ઠ હોય છે.

**चीरायिणं नगिणिणं, जडी संघाडिमुंडिणं ।**
**एयाइं वि न तायंति, दुस्सीलं परियागयं ॥२१॥**

આ બધાં દ્રવ્યલિંગ જેવાં કે વલ્કલ, મૃગચર્મ, નગ્નપણું, જટાધારી, વસ્ત્રખંડની કંથા રાખવી, મસ્તકે મુંડીત થવું. દીક્ષિતને શરણ નથી દેતાં. દુરાચારી સાધુને એ દ્રવ્યલિંગ દુષ્કર્મ વિપાકથી રક્ષણ આપી શકતાં નથી તો પછી મોક્ષ તો ક્યાંથી જ આપી શકે.

**पिंडोलए व्व दुस्सीले, नरगाओ न मुच्चइ ।**
**भिक्खाए वा गिहत्थे वा, सुव्वए कम्मई दिवं ॥२२॥**

પરદત્ત અન્નગ્રાસને સેવનાર ભિક્ષુ પણ જો નરકથી મુક્ત ન થાય તો પછી કષાયાદિ યુક્ત તો નરકથી કેમ મુક્ત થાય? સાધુ હોય કે ગૃહસ્થ હોય એ બેયના મધ્યમાં જે શોભન વ્રત આચરતો હોય તે જ સ્વર્ગે જાય. ભિક્ષુપણ દુર્ધ્યાન કરવાથી દ્રમકની જેમ સાતમી નરકે જાય છે.

**अगारि सामाई अंगाइं, सड्ढी काएण फासए ।**
**पोसहं दुहओ पक्खं, एगरायं न हावए ॥२३॥**

ગૃહસ્થ નિઃશંકિત નિઃકાંક્ષિત નિર્વિચિકિત્સા, તથા અમૂઢદૃષ્ટિ વગેરેને શરીરે કરી અડકે છે. શ્રદ્ધાવાન તેમજ ચૌદસ પૂર્ણિમા અમાવાસ્યા આદિ પર્વણીએ પૌષધ બરાબર કરે તેમાં એક રાત્રી કે એક દિન છોડે નહિ. આ

પૌષધ પાળવાનું સામાયિકના અંગરૂપે સિદ્ધ હોવા છતાં અધિક આદર દર્શાવવા માટે કહેલ છે.

एवं सिक्खासमावन्ने, गिहिवासे वि सुव्वए ।
मुच्चई छविपव्वाओ, गच्छे जक्खसलोगयं ॥२४॥

ધર્મ શિક્ષા પામેલો દેશવિરતીધર ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મ કરી ઔદારિક શરીરથી મુક્ત થાય છે એટલે દેવ થાય છે. અને પંડિતમરણે તો નહિ પણ બાળપંડિત મરણે દેવ થાય છે.

अह जे संवुडे भिक्खू, दोण्हं अन्नयरे सिया ।
सव्वदुक्खपहीणे वा, देवे वावि महिड्ढिए ॥२५॥

હવે જે સાધુ પંચાશ્રવનો નિરોધ કરનારો હોય તે સર્વ પ્રકારના દુઃખોથી રહિત એવા મોક્ષમાં અથવા મોટી સમૃદ્ધિવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ, અવિ-રતિ, કષાય, પ્રમાદ ને યોગ એ પાંચ આશ્રવ કહેવાય છે.

उत्तराइं विमोहाइं, जुईमंताऽणुपुव्वसो ।
समाईण्णाई जक्खेहिं, आवासाइं जसंसिणो ॥२६॥
दीहाउआ इड्ढिमंता, समिद्धा कामरुविणो ।
अहुणोववन्नसंकासा, भुज्जो अच्चिमालिप्पभा ॥२७॥
ताणि ठाणाणि गच्छंति, सिक्खित्ता संजमं तवं ।
भिक्खाए वा गिहित्थे वा, जे संति परिनिव्वुडा ॥२८॥

જે સાધુઓ અથવા ગૃહસ્થો ગુરુ પાસેથી ઉપદેશ દ્વારા સંયમ તથા તપ આદરી કષાય અને મલથી રહિત

થાય ત્યારે તેઓ અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થતા દેવોને મિથ્યાત્વનો અભાવ હોવાથી સમ્યક્ત્વ સદ્યઃ થાય છે. તથા અજ્ઞાન રહિત દીપ્તિયુક્ત આહ્લાદપૂર્વક જેમાં રહેવાય છે એવા સ્થાનો પામે છે. તે સાધુ તથા ગૃહસ્થ પલ્યસાગરોપમજીવી બને છે. તે દેવો હેમ રત્નાદિ સમૃદ્ધિ સંપન્ન સ્વેચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા હમણાં જ ઉત્પન્ન થયા હોય તેવા તેજસ્વી કોટીસૂર્ય સમાન જ્યોતિ વડે શોભતા એવા તે સાધુઓ અથવા ગૃહસ્થો તપે કરી પૂર્વોક્ત સ્થાનોને પ્રાપ્ત થાય છે. આમ આ ત્રણે ગાથાનો સાથે અર્થ કર્યો છે. સાધુ ઉત્કૃષ્ટથી અનુત્તરે જાય છે અને શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે જાય છે.

**तेसिं सोच्चा सपुज्जाणं, संजयाणं वुसीमओ ।**
**न संतसंति मरणंते, सीलवंता बहुस्सुया ॥२९॥**

શીલવાન સાધ્વાચાર સંપન્ન તથા બહુશ્રુત સાધુ પુરુષો મરણ સમીપ આવે ત્યારે જરા પણ સંત્રાસ પામતા નથી કેમકે તે સત્પૂજ્ય સંયમવાન તેમજ જિતેન્દ્રિય ભાવિત ભિક્ષુઓની સ્થાન પ્રાપ્તિ સાંભળીને હૃદયમાં નરકાદિકનો ત્રાસ રહેતો નથી.

**तुलिया विसेसमादाय, दया धम्मस्स खंतिए ।**
**विप्पसीएज्ज मेहावी, तहाभूएण अप्पणा ॥३०॥**

બુદ્ધિમાન સાધુ કષાયાદિકથી રહિત આત્મા થઈ પ્રસન્ન રહે તે કહે છે. બાલમરણ અને પંડિતમરણ બન્નેની તુલના કરી. એ બેમાંથી વિશિષ્ટતા ગ્રહણ કરીને દશવિધયતિધર્મની વિશેષતા સમજીને કષાયાદિકથી વિરક્ત થાય.

तओ काले अभिप्पेए, सड्ढी तालिसमंतिए ।
विणएज्ज लोमहरिसं, भेयं देहस्स कंखए ॥३१॥

કષાયોપશમ થયા પછી હવે મરણ ભલે થાય એવી મનોદશા થાય ત્યારે તે સાધુ ગુરુ સમીપે દેહભેદની આકાંક્ષા કરે. જેવો હર્ષ દીક્ષા અવસરે હોય તેવો હર્ષ સંલેખના વખતે રાખીને જરા પણ ભય ન પામે.

अह कालंमि संपत्ते, आघायाय समुस्सयं ।
सकाममरणं मरइ, तिण्हमन्नयरं मुणी ॥३२॥ त्तिबेमि

જયારે મરણ પ્રાપ્ત થાય ત્યારે કાર્મણ તથા ઔદારિક બન્ને શરીરનો ત્યાગ કરીને ભક્તપરિજ્ઞા, ઈંગિની કે પાદપોપગમને પંડિત મરણે કરે. ૧. ચતુર્વિધ આહારનો ત્યાગ તે ભક્તપરિજ્ઞા, ૨ મંડળની બહાર ન નીકળવું તે ઈંગિની, ૩. છેલ્લી વૃક્ષની ડાળી પેઠે પડખું બદલાવે નહિ તે.

## છઠ્ઠું અધ્યયન

जावंतऽविज्जापुरिसा, सव्वे ते दुक्खसंभवा ।
लुप्पंति बहुसो मूढा, संसारंमि अणंतए ॥१॥

જેટલા તત્ત્વજ્ઞાન રહિત પુરુષો છે તે સંસારમાં વારંવાર લોપાય છે. દુઃખના સ્થાનરૂપ આ સંસારમાં આધિ વ્યાધિ વિયોગાદિથી પીડાય છે.

समिक्खं पंडिए तम्हा, पासजाईपहे बहू ।
अप्पणा सच्चमेसिज्जा, मित्तिं भूएसु कप्पए ॥२॥

તે કારણ માટે પંડિત પુરુષ એકેન્દ્રિયાદિ જાતિને

પમાડે તેવા માર્ગને જોઇને પોતાની મેળે જ સંયમને ઇચ્છે તથા સર્વ પ્રાણીઓને વિષે મૈત્રીભાવ કરે. સત્સંગ કરે.

**माया पिया न्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।**
**नालं ते मम ताणाय, लुप्पंतस्स सकम्मुणा ॥३॥**

માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, ભાર્યા, પુત્રરૂપે માનેલા તથા પોતે જ ઉત્પન્ન કરેલા પુત્રો તે સર્વે પોતાના કર્મે કરીને પીડા પામતા એવા મારા રક્ષણ માટે સમર્થ નથી.

**एयमट्ठं सपेहाए, पासे समियदंसणे ।**
**छिंद गेद्धिं सिणेहं च, न कंखे पुव्वसंथवं ॥४॥**

સમ્યગ્દર્શની પુરુષ ઉપર કહેલો અર્થ પોતાની બુદ્ધિ વડે જોઇ વિષય લોલુપતાને અને સ્ત્રી પુત્રાદિના પ્રેમને છોડે. પૂર્વ પ્રસંગને યાદ કરે નહિ.

**गवासं मणिकुंडलं, पसवो दासपोरुसं ।**
**सव्वमेयं चइत्ताणं, कामरूवी भविस्ससि ॥५॥**

બળદ અને ઘોડો, મણીઓ અને કુંડલ વગેરે આભૂષણો તથા બકરાદિ પશુઓ, નોકર, ચાકરો આ સર્વેને તજીને સંયમ પરિપાલન કર.

**थावरं जंगमं चेव, धणं धन्नं उवक्खरं ।**
**पच्चमाणस्स कम्मेहिं, नालं दुक्खाओ मोयणे ॥६॥**

ઘર વગેરે સ્થાવર, જંગમ, પુત્રાદિ, દ્રવ્ય, ધાન્ય, ઘરવખરી પોતાના કર્મ વડે પમાતા એવા જીવને દુઃખથી મુક્ત કરવા સમર્થ નથી.

अज्झत्थं सव्वओ सव्वं, दिस्स पाणे पियायए ।
न हणे पाणिणो पाणे, भयवेराओ उवरए ॥७॥

ભય અને વેરથી નિવૃત્તિ પામેલા સાધુએ સર્વ પ્રકારે સર્વ સુખ દુઃખાદિ આત્મામાં રહેલું જાણીને સર્વ પ્રાણીઓને પોતાનો આત્મા જ પ્રિય હોય છે. એમ જાણીને કોઇ પ્રાણીની હિંસા કરવી નહિ.

आयाणं नरयं दिस्स, नायएज्ज तणामवि ।
दोगुंछी अप्पणो पाए. दिन्नं भुंजेज्ज भोयणं ॥८॥

ધન ધાન્યનો પરિગ્રહ નરકરૂપ જાણીને તૃણ સરખી પારકી વસ્તુ ગ્રહણ કરવી નહિ. પરંતુ પોતાના આત્માની દુગંછા કરનાર સાધુ ધર્મ નિર્વાહ કરવા આ દેહને ભાડું દેવું પડે છે એમ વિચારી પોતાના પાત્રમાં ગૃહસ્થે નાખેલું ભોજન વાપરે, અદત્તાદાન ને પરિગ્રહ બે આશ્રવમાં બીજા ત્રણ આશ્રવોનો પણ નિરોધ સમજી લેવો.

इहमेगे उ मन्नंति, अप्पच्चक्खाय पावगं ।
आयरियं विदित्ताणं, सव्वदुक्खाणं मुच्चइ ॥९॥

આ સંસારમાં કપિલાદિ જ્ઞાનવાદીઓ એમ માને છે કે હિંસાદિનું પચ્ચક્ખાણ કર્યા વિના પોતપોતાના મતમાં નિર્દિષ્ટ અનુષ્ઠાન સમૂહને જાણીને સર્વ દુઃખથી મુક્ત થવાય છે. જ્યારે જૈનદર્શન જ્ઞાનક્રિયા બેથી મોક્ષ માને છે. જ્યારે કપિલાદિ જ્ઞાનવાદીઓ કેવળ જ્ઞાનને જ મુક્તિનું અંગ માને છે.

भणंता अकरेंता य, बंधमोक्खपइण्णिणो ।
वायाविरियमेत्तेण, समासासेंति अप्पयं ॥१०॥

જ્ઞાન ભણુતા પણ મોક્ષના ઉપાયનું અનુષ્ઠાન નહિ કરતા તથા બંધમોક્ષની વાતો કરનારા ફક્ત જ્ઞાનનેજ મુક્તિના અંગ તરીકે સ્વીકાર્ય પચ્ચક્ખાણ તપ વ્રત પૌષધ આદિની નિંદા કરે છે ને પોતાના આત્માને આશ્વાસન આપે છે.

न चित्ता तायए भासा, कुओ विज्जाणुसासणं ।
विसन्ना पावकम्मेहिं, बाला पंडियमाणिणो ॥११॥

પોતાને પંડિત માની જ્ઞાનનો અહંકાર કરનારા એમ નથી જાણુતા કે જુદી જુદી ભાષાઓ કંઈ દુઃખથી રક્ષણ નહિ આપે. રોહિણી વગેરે ષોડશ વિદ્યાઓ નરકથી રક્ષણ કરે નહિ. વિદ્યાઓથી પાપ કર્મ બાંધી ક્લેશ પામે છે.

जे केइ सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।
मणसा कायवक्केणं, सव्वे ते दुक्खसंभवा ॥१२॥

જે કોઈ શરીરને વિશે આસક્ત છે. વર્ણ સૌંદર્ય સ્પર્શાદિ વિષયોમાં આસક્ત હોય છે તે સર્વે મન વચન કાયા વડે દુખનાં સ્થાનરૂપ થાય છે.

आवन्ना दीहमद्धाणं, संसारंमि अणंतए ।
तम्हा सव्वदिसं पस्सं, अप्पमत्तो परिव्वए ॥१३॥

આ અનંત સંસારમાં અઢાર ભાવદિશાને પામ્યા સતા દુઃખ ભોગવે છે, તેથી સર્વ દિશા જોઈને સાધુ

પ્રમાદ રહિત સંયમમાર્ગમાં વિચરે. ૧. પુઢવિ ૨ જલ ૩ જલણુ ૪. વાઉ ૫. મૂળ ૬. ખંધ ૭. અગ્ર ૮. પર્વબીજ ૯–૧૧ વિગલેન્દ્રિ ૧૨. પંચેન્દ્રિય ૧૩. નારક ૧૪. દેવ ૧૫. સમુર્છિમ ૧૬. સૂક્ષ્મ પુદ્ગલ ૧૭. સ્નાતક ૧૮. તનુજ ૧૬. કર્મભૂમિ ૧૭ અકર્મભૂમિ ૧૮. અંતરદ્વીપના મનુષ્યો.

**बहिया उड्ढमादाय, नावकंखे कयाइ वि ।**
**पुव्वकम्मक्खयट्ठाए, इमं देहं समुद्धरे ॥१४॥**

સંસારથી બહાર રહેલા (ઉંચે મોક્ષને ગ્રહણુ કરીને) મોક્ષની અભિલાષાએ કદાચિત વિષયનો અભિલાષ ન કરે. પૂર્વે કરેલાં કર્મનો ક્ષય કરવા આ દેહનું પાલન કરવું યોગ્ય છે.

**विविच्च कम्मुणो हेउं, कालकंखी परिव्वए ।**
**मायं पिंडस्स पाणस्स, कडं लद्धूण भक्खए ॥१५॥**

અવસરનો જાણુ સાધુ કર્મના હેતુને આત્માથી જુદા કરીને સંયમમાર્ગમાં વિચરે. જેટલા આહાર પાણીથી સંયમ નિર્વાહ થાય તેટલો જ પરિમિત અને ગૃહસ્થે પોતાના માટે કરેલો જ આહારજ લે, પણુ કરાવે નહિ.

**सन्निहिं च न कुव्विज्जा, लेवमायाए संजए ।**
**पक्खीपत्तं समादाय, निरवेक्खो परिव्वए ॥१६॥**

સંયમી સાધુ લેપ માત્રથી પણુ પાત્રા લેપાય તેટલો પણુ ઘી ગોળ આદિક પદાર્થોનો સંચય ન કરે. જેમ પંખી આહાર કરીને પોતાની પાંખ માત્ર લઇને ઉડી જાય છે તેમ સાધુઓ પણુ આહાર વાપરી પાત્રાં સાફ કરે.

**एसणासमिओ लज्जू, गामे अणियओ चरे ।**
**अप्पमत्तो पमत्तेहिं, पिंडवायं गवेसए ॥१७॥**

એષણા સમિતિમાં તત્પર અને લજ્જાવાન ગામ નગરમાં એક ઠેકાણે નિયત વાસ ન કરતાં પ્રમાદ રહિત વિચરે. અણધાર્યા ગૃહસ્થને ત્યાંથી ભિક્ષા ગોતી ને ગ્રહણ કરે. બેંતાલીશ દોષ રહિત આહાર લે.

**एवं से उदाहु अणुत्तरनाणी, अणुत्तरदंसी अणुत्तरनाणदंसण धरे**
**अरहा नायपुत्ते, भगवं वेसालिए वियाहिए. त्ति बेमि॥१८॥**

સર્વોત્કૃષ્ટ જ્ઞાનદર્શનવાળા મહાવીર પ્રભુએ સિદ્ધાર્થના પુત્ર અતિશયો વડે યુક્ત ત્રિશલાના પુત્રે આ પ્રમાણે કહ્યું છે તે હું તને કહું છું, એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

## સાતમું અધ્યયન

**जहाऽएसं समुद्दिस्स, कोइ पोसेज्ज एलयं ।**
**ओदणं जवसं देज्जा, पोसेज्जा वि सयंगणे ॥१॥**

જેમ કોઈ નિર્દય પુરુષ પરોણાને ઉદ્દેશીને પોતાના આંગણે ઘેટાને પાળે છે. એ ઘેટાને સારૂ ઘાસ અનાજ આપી પોષણ કરે છે તે જોઇ આંગણામાં બાંધેલી ગાયનો વાછડો ધાવવું છોડી દઈ ખિન્ન થયો. તેની માતાએ પૂછ્યું કે વત્સ! દૂધ કેમ પીતો નથી? તેણે કહ્યું કે હે–મા! જો તો ઘરનાં બધા માણસો આ ઘેટાનું કેવું લાલન પાલન કરે છે. હું તો મંદભાગી છું કે સુકું ઘાસ પણ માંડ

મળે છે. નિર્મળ પાણી પીવા મળતું નથી. માતાએ પુત્રને કહ્યું કે. આ આતુર ચિન્હો છે "ઘેટાંના જેમ મરવા પડેલો આતુર જે માગે તે પથ્ય હોય કે અપથ્ય હોય તે બધુંય તેને આપે છે. પણ જ્યારે તેને મારશે ત્યારે તું જોઈશ. એમ કરતાં એક દિવસ તે ગૃહસ્થને ઘેર મહેમાનો આવ્યા. ત્યારે તેઓના માટે પેલો ઘેટો મરાતો તે વાછડે દીઠો. તે વખતે પણ એ વાછડો ધાવતો રહી જઈ ઉભો રહ્યો. ત્યારે તેની મા ગાય બોલી કે, હે પુત્ર! શું તું બ્હીનો! મેં તને પૂર્વે કહ્યું હતું કે, આ આતુર ચિન્હ છે તે યાદ નથી આવતું કે આ ઘેટાને ભાત ચરાવીને ખૂબ લાલન કર્યું તેનેજ આ ટાણે મારે છે. તને તો સુકું ઘાસ ખવડાવે છે. તારે આ ટાણે જરાએ બીવાનું કારણ નથી તને કોઇ મારશે પણ નહિ.

માના આવા આવા વચનો સાંભળીને તે વાછડે સુખેથી નીર ને સ્તનપાન કર્યું. એમ—જે પુરુષ પોતાને ભાવતા વિવિધ પ્રકારના આ સ્વાદમાં લંપટ થઇ અધમ આચરણ કરે છે તે નરકનું આયુષ્ય બાંધે છે.

**तओ से पुट्ठे परिवूढे, जायमेए महोदरे ।**
**पीणिए विउले देहे, आएसं परिकंखए ॥२॥**

ત્યારપછી પુષ્ટ થએલો લડવામાં સમર્થ વૃદ્ધિ પામ્યો છે તથા મોટા ઉદરવાળો અને ખવરાવી પીવરાવી સંતુષ્ટ કરેલો તે ઘેટો વિશાલ દેહ થએ છતે પરોણાને ઇચ્છે છે. પરોણાની વાટ જોતો થાય છે.

जाव न एइ आएसे, ताव जीवइ सो दुही ।
अह पत्तंमि आएसे, सीसं छेत्तूण भुज्जइ ॥३॥

જ્યાં સુધી પરોણો આવ્યો નથી ત્યાં સુધી તે દુઃખી થતો નથી પછી પરોણો આવે છતે મસ્તક છેદીને મહેમાનની સાથે ઘરધણી પણ ખાય છે

जहा से खलु उरब्भे, आएसाए समीहिए ।
एवं बाले अहम्मिट्ठे, ईहई नरयाउयं ॥४॥

જેમ નિશ્ચે તે ઘેટો પરોણાને ઈચ્છતો થયો એ જ પ્રકારે અતિ અધર્મી એવો મૂઢ નરકના આયુષ્યને ઈચ્છે છે.

हिंसे बाले मुसावाई, अद्धाणंमि विलोवए ।
अन्नदत्तहरे तेणे, माई कं नु हरे सढे ॥५॥
इत्थीविसयगिद्धे य, महारंभपरिग्गहे ।
भुंजमाणे सुरं मंसं, परिवूढे परंदमे ॥६॥
अयकक्करभोई य, तुंदिल्ले चियलोहिए ।
आउयं नरए कंखे, जहाएसं व एलए ॥७॥

હિંસક, અજ્ઞાની, મૃષાવાદી, વટેમાર્ગુને લુંટનાર, અદત્ત ગ્રહણ કરનાર, ઘોર માયાવી કોનાં દ્રવ્યનું હરણ કરૂં ? શઠ તથા સ્ત્રીમાં આસક્ત, મદિરા માંસના ભક્ષણમાં હૃષ્ટ થએલો, તેથી કરીને બીજાઓનું દમન કરનાર તથા બકરાના કર્કર શબ્દવાળા પકાવેલ માંસને ખાનાર તેથી કરીને મોટા પેટવાળો એને પુષ્ટ રૂધિરવાળો મૂઢ નરકને વિષે જવાને ઈચ્છે છે. જેમ હૃષ્ટ પુષ્ટ ઘેટો પરોણાને (મરણને) ઈચ્છે છે. તેમ તે નરકને ઇચ્છે છે.

**आसणं सयणं जाणं, वित्तं कामाणि भुंजिया ।**
**दुस्साहडं धणं हिच्चा, बहुं संचिणिया रयं ॥८॥**
**तओ कम्मगुरू जंतू, पच्चुप्पन्नपरायणे ।**
**अए व्व आगयाएसे, मरणंतंमि सोयइ ॥९॥**

આસન, શયન, વાહન, દ્રવ્ય અને કામોને ભોગવીને તથા દુઃખે કરીને મેળવી શકાય તેવા ધનને તજીને આઠ પ્રકારના કર્મનો સંચય કરીને ત્યારપછી કર્મવડે વિષય સુખમાં લીન પ્રાણી મરણ નજીક આવે છતે શોક કરે છે. જેમ ઘેટો પરોણો આવે છતે શોક કરે છે તેમ તે શોક કરે છે.

**तओ आउपरिक्खीणे, चुया देहा विहिंसगा ।**
**आसुरीयं दिसं बाला, गच्छंति अवसा तमं ॥१०॥**

ત્યારપછી વિવિધ પ્રકારે હિંસા કરનારા મૂઢ આયુષ્ય ક્ષીણ થયે છતે દેહથી ચ્યવ્યા થકા પરાધીન એવા અંધકારવડે યુક્ત અસુર સંબંધી નરક પ્રત્યે જાય છે. ત્યાં પરમાધામી પીડે છે.

**जहा कागणिए हेउं, सहस्सं हारई नरो ।**
**अपच्छं अंबगं भोच्चा, राया रज्जं तु हारए ॥११॥**

જેમ કોઈ માણસ એક કાકિણીને કારણે હજાર રૂપીયાને ગુમાવે તથા કોઇ રાજા અપથ્ય એવા આમ્રફળને ખાઇને રાજ્યને ગુમાવે છે. કાકિણી લેવા હજાર રૂપીયા ભરેલી વાંસ કોઇ જગ્યાએ છુપાવીને ગયો ત્યાં કાકિણી મળી નહિ. અને વાંસ કોઇ ઉપાડી ગયુ તેથી

ઉભય ભ્રષ્ટ થયો. એક રાજાને આમ્રફળ બહુ ખાવાથી કોલેરા થયો. વૈદ્યે ઉપચાર કરી મટાડીને કહ્યું હવે પછી આમ્રફળ ખાશો તો મરી જશો. પછી તે જંગલમાં ભુલો પડીને એક આમ્રવૃક્ષ નીચે બેઠો. ઉપરથી પાકું આમ્રફળ પડ્યું તે ખાધુંને મરણ પામ્યો. તેમ, જે મનુષ્યો કામભોગ ભોગવી દુઃખી થાય છે તેને પાછળથી શોક ઘણો થાય છે.

**एवं माणुस्सगा कामा, देवकामाण अंतिए ।**
**सहस्सगुणिया भुज्जो, आउ कामा य दिव्विया ॥१२॥**

દેવના કામભોગની પાસે મનુષ્ય ભવના કામો કાકિણી તુલ્ય છે તથા તે કામભોગથી દિવ્ય કામભોગો ભોગવાય તે હજાર ગુણા છે તેમજ દેવનું આયુષ્ય મનુષ્યના આયુષ્યથી હજાર ઘણું વધારે છે.

**अणेगवासानउया, जा सा पन्नओ ठिई ।**
**जाणि जीयंति दुम्मेहा, ऊणवाससयाउए ॥१३॥**

પ્રજ્ઞાવાન! જે તે પ્રસિદ્ધ એવી અનેક દેવની પલ્યોપમ સાગરોપમની નિવૃત્ત વર્ષોની સ્થિતિ છે કે જે વિષયી પ્રાણીઓ ઓછા આયુષ્યમાં હારી જાય છે. મતલબ કે મનુષ્યના તુચ્છ ભોગોમાં રાચીને દેવનું સુખ મેળવવાનું હારી જાય છે.

**जहा य तिन्नि वाणिया, मूलं घेत्तूण निग्गया ।**
**एगोऽत्थ लहए लाभं, एगो मूलेण आगओ ॥१४॥**
**एगो मूलं पि हारित्ता, आगओ तत्थ वाणिओ ।**
**ववहारे उवमा एसा, एवं धम्मे वियाणह ॥१५॥**

જેમ ત્રણ વણિકો મૂળ મૂડીને ગ્રહણ કરી બહાર નિકળ્યા. તેમાં એક વણિક લાભને મેળવે છે અને બીજો મૂળ ધન પાછું લઇ આવ્યો પણ લાભ થયો નહિ અને ત્રીજો મૂળ મૂડી ગુમાવીને આવ્યો. આ વ્યવહારની ઉપમા ધર્મમાં તમારે પણ જાણવી.

**माणुसत्तं भवे मूलं, लाभो देवगई भवे ।**
**मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं धुवं ॥१६॥**

મનુષ્યપણું મૂળ મૂડીરૂપ છે. તથા લાભના જેવી દેવગતિ છે. મૂળ મૂડીનો નાશ થવા વડે જીવોને નારકી અને તિર્યંચપણું પ્રાપ્ત થાય છે.

**दुहओ गई बालस्स, आवई वहमूलिया ।**
**देवत्तं माणुसत्तं च, जं जिए लोलयासढे ॥१७॥**

મૂર્ખની આપત્તિ અને વધ એવી નરકને તિર્યંચ એ બે ગતિ થાય છે, જેથી લંપટપણાએ કરીને જીતાએલો શઠ એવો તે દેવપણું અને મનુષ્યપણું હારી ગયો છે.

**तओ जिए सइं होइ, दुविहं दोग्गइं गए ।**
**दुल्लहा तस्स उम्मुग्गा, अद्धाए सुइगदवि ॥१८॥**

ત્યારપછી હારી ગએલો તે મૂર્ખ સદા નરક તિર્યંચાદિ દુર્ગતિને પામેલો એવો જ હોય છે તે મૂર્ખને ઘણો કાળ ગએ છતે પણ નરક તિર્યંચાદિ ગતિથી નીકળવું દુર્લભ છે.

卐

एवं जियं सपेहाए, तुलिया बालं च पंडियं ।
मूलियं ते पवेसंति, माणुसिं जोणिमेंति जे ॥१९॥

આ પ્રમાણે મૂર્ખને જીતાએલો જોઇને તથા મૂર્ખની અને પંડિતની તુલના કરીને જે મનુષ્યસંબંધી યોનિને પામે છે. તે મૂળ ધનને જાળવી રાખનાર બીજા વણીક જેવો છે.

वेमायाहिं सिक्खाहिं, जे नरा गिहिसुव्वया ।
उवेंति माणुसं जोणिं, कम्मसच्चा हु पाणिणो ॥२०॥

જે મનુષ્યો વિવિધ પ્રકારની શિક્ષાવડે કરીને ગૃહસ્થી છતાં મનુષ્યસંબંધી યોનિને પામે છે. તે સત્ય કર્મવાળા હોય છે.

जेसिं तु विउला सिक्खा, मूलियं ते अइच्छिया ।
सीलवंता सवीसेसा, अदीणा जंति देवयं ॥२१॥

પરંતુ જેઓને વિપુલ શિક્ષા હોય છે તેઓ મૂળ ધનરૂપ ઓળંગીને શીલવંત ઉત્તરોત્તર ગુણ અંગીકાર કરનારા દીનતા રહિત દેવલોકમાં જાય છે.

एवमदीणवं भिक्खुं, आगारिं च वियाणिया ।
कहण्णु जिच्चमेलिक्खं, जिच्चमाणे न संविदे ॥२२॥

એજ રીતે દીનતા રહિત એવા સાધુને અને ગૃહસ્થીને જાણીને કેવી રીતે દેવત્વાદિ લાભને હારી જાય તથા હારતો થતો કેમ ન જાણે. મતલબ કે પંડિત પુરુષ ધર્મમાર્ગમાં સાવધાન રહે.

**जहा कुसग्गे उदगं समुद्देण समं मिणे ।**
**एवं माणुस्सगा कामा, देवकामाण अंतिए ॥२३॥**

જેમ કુશના અગ્ર ભાગ પર રહેલા જળના બિંદુને સમુદ્રના જળની સાથે માપ કરે એજ રીતે મનુષ્ય સંબંધી ભોગો દેવભોગની પાસે બિન્દુ સમાન છે.

**कुसग्गमेत्ता इमे कामा, संनिरुद्धंमि आउए ।**
**कस्स हेउं पुराकाउं, जोगक्खेमं न संविदे ॥२४॥**

સમ્યગ્ પ્રકારે આયુષ્યને વિષે આ કામભોગો કુશના અગ્રભાગ પર રહેલા બિન્દુ સમાન છે. કયા હેતુને આશ્રીને યોગક્ષેમને જાણતો નથી એ આશ્ચર્ય થાય છે. પ્રાપ્તિ તે યોગ નેરક્ષણ તે ક્ષેમ જાણવું. મતલબ કે ધર્મ કરવાથી દેવલોકના સુખ મળે છે.

**इह कामाणियट्टस्स, अत्तट्ठे अवरज्झइ ।**
**सोच्चा नेयाउयं मग्गं, जं भुज्जो परिभस्सइ ॥२५॥**

આ મનુષ્ય ભવમાં કામાસક્ત મનુષ્યોનો આત્માર્થ લાભ નાશ પામે છે. જે માટે ન્યાયી એવા મુક્તિમાર્ગને સાંભળીને વારંવાર ભ્રષ્ટ થાય છે. આ પાંચ દૃષ્ટાંતમાં ક્રમથી અપાય, બહુલત્વ તુચ્છત્વ, આય, વ્યયથી લાભ, હારણ તથા સમુદ્ર જળ દૃષ્ટાંત એ સકલ જાણીને આ નર-ભવમાં કામભોગથી અનિવૃત્ત કોઇ ભારે કર્મીજીવ–વિષયી જીવનો મોક્ષ થતો નથી કારણ કે તે જીવ નૈયાયિકમાર્ગને મોક્ષમાર્ગ તરીકે સાંભળી સંસારરૂપી ખાડામાં પડે છે.

इह कामाणियट्टस्स, अत्तट्ठे नावरज्झइ ।
पूइदेहनिरोहेणं, भवे देवि त्ति मे सुयं ॥२६॥

આ કામભોગથી નિવૃત્ત મનુષ્યોનો આત્માર્થ નાશ પામતો નથી. દુર્ગંધી દેહના નાશ વડે તે દેવરૂપ થાય છે એ પ્રમાણે મેં સાંભળ્યું છે.

इड्ढी जुई जसो वण्णो, आउं सुहमणुत्तरं ।
भुज्जो जत्थ मणुस्सेसु, तत्थ से उववज्जइ ॥२७॥

સર્વોત્કૃષ્ટ એવી ઋદ્ધિ તથા દ્યુતી તથા યશ, વર્ણ, આયુષ્ય ને સુખ આ છ વસ્તુઓ જ્યાં ઉત્કૃષ્ટ હોય ત્યાં તે વારંવાર ઉત્પન્ન થાય છે.

बालस्स पस्स बालत्तं, अहम्मं पडिवज्जिया ।
चिच्चा धम्मं अहम्मिट्ठे, नरए उववज्जइ ॥२८॥

હે શિષ્ય ! તું મૂર્ખનું મૂર્ખપણુ જો, અધર્મી મનુષ્ય અધર્મને અંગીકાર કરીને ધર્મનો ત્યાગ કરી નરકને વિષે ઉત્પન્ન થાય છે.

धीरस्स पस्स धीरत्तं, सच्चधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे, देवेसु उववज्जइ ॥२९॥

હે શિષ્ય ! પંડિતનું ધીરત્વ જો એ સર્વ ધર્મને અનુવર્તનાર અર્થાત્ ક્ષાંતિ આદિ દશ ધર્મને અનુકુળ જેનું આચરણ છે. તે ધર્મિષ્ઠ ધીર પુરુષ અધર્મનો ત્યાગ કરી દેવોમાં ઉત્પન્ન થાય છે.

तुलियाण बालभावं, अबालं चेव पंडिए ।
चइऊण बालभावं, अबालं सेवए मुणी ॥३०॥

આ પ્રમાણે પંડિત એવો સાધુ બાલપણાની અને પંડિતપણાની તુલના કરીને બાળપણાનો ત્યાગ કરી અબાલપણાનું સેવન કરે. એ પ્રમાણે હું કહું છું. સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે.

---

## અધ્યયન આઠમું કપિલમુનિ

કૌશામ્બી નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતાં ત્યાં ચૌદ વિદ્યામાં પારંગત કાશ્યપ નામે બ્રાહ્મણને યશા નામે પત્નિથી કપિલ નામે પુત્ર થયો. કાશ્યપ બ્રાહ્મણ મૃત્યુ પામતાં રાજાએ તેના અધિકાર પર બીજા બ્રાહ્મણને મુકચો તે એક વખત ઘોડા પર બેસી માથે છત્ર ધરીને નગરમાં જતો હતો. ત્યારે કપિલની માતા તેને જોઈ રૂદન કરવા લાગી. કપિલે માતાને રૂદન કરવાનું કારણ પૂછતાં તેણીએ કહ્યું કે, તારા પિતા આ પ્રમાણે નગરમાં ફરતા હતા પણ તું અભણ હોવાથી રાજાએ તારા પિતાનો અધિકાર તને આપ્યો છે. કપિલે કહ્યું, હું ભણીશ. માતાએ કહ્યું કે, અહિયાં આ બ્રાહ્મણની બીકથી કોઈ તને ભણાવશે નહિ માટે તારે ભણવું હોય તો શ્રાવસ્તીનગરીમાં તારા પિતાનો મિત્ર ઇન્દ્રદત્ત રહે છે, ત્યાં જા તો તે તને ભણાવશે. આ સાંભળી કપિલ શ્રાવસ્તી નગરે ઇન્દ્રદત્ત પાસે ગયો. ઇન્દ્રદત્તના પુછવાથી તેણે માતાએ કહેલી બધી હકીકત કહી ત્યારે ઇન્દ્રદત્તે પોતાની પાસે રાખી ભણાવવાનું શરૂ કર્યું. તેને ભોજનની

વ્યવસ્થા શાલીભદ્ર નામે શેઠને ત્યાં કરાવી. કપિલ રોજ શાલીભદ્રને ઘેર જમતો હતો.

એક વખત તે શેઠની દાસી તેના પર આસક્ત થઈ. પરિણામે દાસીને ગર્ભ રહ્યો. ત્યારે તેણે કપિલને કહ્યું કે, હવે તારે મારૂં ભરણપોષણ કરવું પડશે. આ સાંભળી કપિલ બહુ ચિંતામાં પડ્યો. તેને રાત્રે ઉંઘ પણ આવે નહિ. કપિલને ચિંતાતુર જાણી સ્ત્રીએ કહ્યું કે, આ ગામમાં ધન નામે શેઠ છે. તેને સવારમાં જઈ કોઇ આશીર્વાદ આપે તો તેને બે માસા સુવર્ણ આપે છે. તે લાવો તો આપણો વ્યવહાર ચાલશે. કપિલ મધ્યરાત્રે ઉઠી શેઠને ઘેર જવા નિકળ્યો. રસ્તામાં જતા કપિલને ચોર જાણી કોટવાળે પકડ્યો અને રાજા પાસે લઇ ગયો. રાજાએ પુછ્યું "તું કોણ છે. અને મધ્યરાત્રે શા માટે નિકળ્યો હતો." તેણે સાચી હકીકત રાજાને કહી. રાજા તેના સત્ય વચનથી ખુશ થઈ વરદાન માગવા કહ્યું. એટલે શું શું માગવું? અને કેટલું માગવું તે વિચારવા લાગ્યો ત્યારે રાજાએ કહ્યું કે, જાઓ સામે અશોકવાટીકામાં વિચાર કરીને આવો. કપિલે ત્યાં જઈ વિચાર્યું કે, જો બે માસા સુવર્ણ માગું તો સ્ત્રીને માટે કપડાં લાવી શકાય પણ આભરણ અલંકાર લાવી શકાય નહિ માટે સો માસા સુવર્ણ માંગું. વળી વિચાર થયો કે જો રાજા વરદાન દેવા તૈયાર છે તો આખા જન્મનું દારિદ્ય ત્રૂટે તેટલું શા માટે ન માગવું એટલે અનુક્રમે હજાર લાખ ક્રોડ માગવા ઈચ્છા કરી તો પણ તેની ઇચ્છાની તૃપ્તિ થઈ નહિ. ત્યારે તેનો વિચાર

બદલાયો કે બે માસા સુવર્ણ લેવા નિકળ્યો હતો અને રાજાની પાસે ક્રોડ ઘણું માગવાની ઇચ્છાથી પણ સંતોષ થતો નથી. તેનું કારણ :–

जहा लाहा तहा, लोहो लाहा लोहो पवड्ढइ ।
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥१॥

જેમ લાભ થાય તેમ લોભ થાય, લાભથી લોભ વધે છે. બે માસા લેવા નિકળેલ ક્રોડથી પણ સંતોષ થયો નહિ માટે તૃષ્ણાને ધિક્કાર છે. ઇચ્છા આકાશ સમી છે. આકાશનો અંત આવે પણ ઇચ્છાનો અંત આવતો નથી. એમ વિચારી સ્વયંબુદ્ધ કપિલે પોતાના મસ્તકે લોચ કર્યો. શાસનદેવતાએ તેને રજોહરણાદિ આપ્યું. એટલે દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે સંયમી થઇ રાજા પાસે આવ્યા. રાજાએ કહ્યું શું વિચાર્યું ?

કપિલે સર્વ હકીકત કહી છેવટે કહ્યું કે મારી ઇચ્છા તૃપ્ત ન થતાં મેં સંયમ લીધું છે. રાજા તેને ક્રોડ સુવર્ણ આપવા માંડ્યા. પણ તે લીધા વિના ત્યાંથી નિકળી ગયા અને છ મહીના સુધી વિચરતા ને સંયમ સારી રીતે પાળતાં તેમને કેવળજ્ઞાન થયું. તેથી જાણ્યું કે રાજગૃહ નગર તરફના બળભદ્રાદિક ચોરોને મારાથી પ્રતિબોધ થશે એમ જાણી ત્યાં ગયા. ચોરોએ તે શ્રમણને જોઈ કહ્યું કે "નૃત્ય કરો" કેવળીએ કહ્યું કે કોઈ વગાડનાર હોય તે નૃત્ય કરૂં. હવે ચોર લોકો તાલી પાડવા લાગ્યા અને કપિલ કેવળી નીચે મુજબ શ્લોક બોલી નૃત્ય કરવા લાગ્યા.

**अधुवे असासयम्मी, संसारम्मि दुक्खपउराए ।**
**किं नाम होज्ज तं कम्मयं, जेणाहं दुग्गइं न गच्छेज्जा ॥१॥**

હે મનુષ્યજનો ! આ સંસારમાં એવું તે કયું ક્રિયાનુષ્ઠાન છે કે જે કર્મ વડે કરીને હું દુર્ગતિ ન પામું આ સંસાર અસ્થિર તથા અનિત્ય, દુઃખથી ભરેલો, જન્મ જરા મરણાદિ દુઃખોથી અને દુર્ગતિથી બચાય એવું કયુ કર્મ છે?

**विजहित्तु पुव्वसंजोगं, न सिणेहं कहिंचि कुव्वेज्जा ।**
**असिणेहसिणेहकरेहिं, दोसपओसेहि मुच्चए भिक्खू ।२।**

સાધુ તે પૂર્વના સંજોગોને તજીને કાંઈ પણ પરિગ્રહને વિષે સ્નેહને કરે નહિ. સ્નેહ કરનારાઓમાં પણ સ્નેહ રહિત એવા સાધુ દોષ પ્રદોશથી મુકાય છે.

**तो नाणदंसणसमग्गो, हियनिस्सेसाए सव्वजीवाणं ।**
**तेसिं विमोक्खणट्ठाए, भासई मुणिवरो विगयमोहो ॥३॥**

ત્યાર પછી કેવળજ્ઞાન-દર્શનવડે તથા મોહનીય ક્ષીણ થયું છે એવા કપિલ નામના મુનિવર સર્વ જીવોના હિતને માટે તે ચોરોના વિશેષે કરીને મોક્ષ માટે કહે છે.

**सव्वं गंथं कलहं च, विप्पजहे तहाविहं भिक्खू ।**
**सव्वेसु कामजाएसु, पासमाणो न लिप्पई ताई ॥४॥**

સાધુ કર્મબંધના સર્વ પ્રકારના પરિગ્રહનો તથા કલહનો ત્યાગ કરે ( બાહ્ય—અભ્યંતર પરિગ્રહ તથા ક્રોધાદિ ચાર કષાયનો ત્યાગ કરે, વળી તે સાધુ સર્વ ઇન્દ્રિયના વિષયમાં વિષયવિપાકને વિચારતો આસક્ત થતો નથી. સર્વજીવોને અભયદાન દેનાર થાય છે.

भोगामिसदोसविसन्ने, हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।
बाले य मंदिए मूढे, बज्झई मच्छिया व खेलम्मि ॥५॥

વિષયમાં આસક્ત થયેલો ત્યાં મંદ અને મૂઢ એવો અજ્ઞાની માણસ શ્લેષ્મને વિષે માખીની જેમ બંધાય છે.

दुपरिच्चया इमे कामा, नो सुजहा अधीरपुरिसेहिं ।
अह संति सुव्वया साहू, जे तरंति अतरं वणिया वा ।६।

આ શબ્દાદિ કામો કષ્ટથી નિવારી શકાય તેવા છે. તેથી તે અધીર પુરુષોથી સુખે તજી શકાય તેવા નથી પણ સુસાધુઓ જેમ વહાણવટી વ્યાપારીઓ વહાણ વડે મહાસમુદ્રને તરી જાય છે. તેમ સંસારસમુદ્રને તરીને પાર પામે છે.

समणानुएगे वयमाणा, पाणवहं मिया अयाणंता ।
मंदा निरयं गच्छंति, बाला पावियाहिं दिट्ठीहिं ॥७॥

અમે સાધુ છીએ એમ બોલતા અન્ય તીર્થીઓ વિવેક રહિત મંદ અજ્ઞાની છે. તેઓ પાપના હેતુરૂપ દૃષ્ટિવડે પ્રાણીના વધને નહિ જાણતા થકા નરકમાં જાય છે. બ્રહ્મને બ્રાહ્મણ, ઈંદ્રને ક્ષત્રિય, મરૂદને વૈશ્ય અને તમસૂને શૂદ્ર માને છે.

न हु पाणवहं अणुजाणे, मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवायरिएहिं अक्खायं, जेहिं इमो साहुधम्मो पन्नत्तो ॥८॥

પ્રાણવધની અનુમોદના કરનારો કદાપિ સર્વ દુઃખોથી મુકાતો નથી એ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે. તેમ

આચાર્યોએ સાધુધર્મ કહ્યો છે (મતલબ કે પાંચે મહાવ્રતો નવકોટીએ શુદ્ધ પાળવાનાં છે.)

**पाणे य नाइवाएज्जा, से समीए त्ति वुच्चई ताई ।**
**तओ से पावयं कम्मं, निज्जाइ उदगं व थलाओ ॥९॥**

જે પ્રાણીનો વિનાશ ન કરે તે સમિતિવાળો કહેવાય છે. જેમ સ્થળ થકી પાણી જતું રહે તેમ સમિતિ પાળવાથી પાપકર્મ જતું રહે છે.

**जगनिस्सिएहिं भूएहिं, तसनामेहिं थावरेहिं च ।**
**नो तेसिमारभे दंड, मणसा वयसा कायसा चेव ॥१०॥**

જગતને આશ્રયી ત્રસ અને સ્થાવર પ્રાણીઓને વિષે હિંસારૂપ દંડને આરંભે નહિ. મન વચન કાયાથી કોઈ પણ પ્રાણીનો વધ કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ.

**सुद्धेसणाओ नच्चाणं, तत्थ ठवेज्ज भिक्खू अप्पाणं ।**
**जायाए घासमेसेज्जा, रसगिद्धे न सिया भिक्खाए ॥११॥**

સાધુ શુદ્ધ એષણાને જાણીને એ એષણાને વિષે આત્માને સ્થાપન કરે. ભિક્ષાને ખાનાર સાધુ યાત્રાને માટે ગ્રાસની ગવેષણા કરે પરંતુ રસગૃદ્ધિ થાય નહિ. કેવળ શરીર નિર્વાહ માટે આહાર લે પણ રસ લંપટી બને નહિ. નિર્દોષને રસકસ વગરનો આહાર પેટને ભાડુ આપવા પુરતો કરે. સ્વાદ માટે કરે નહિ.

**पंताणि चेव सेवेज्जा, सीयपिंडं पुराणकुम्मासं ।**
**अदु बुक्कसं पुलागं वा, जवणट्ठाए निसेवए मंथुं ॥१२॥**

શરીર પોષણ માટે અસ્વાદિષ્ટ આહાર લે. શીત જુના અડદ, મગ અથવા કુસકા, ચોળા, વટાણા, બોરનો ભુક્કો વગેરે રૂક્ષ અંતપ્રાંત પદાર્થો વાપરે વૃદ્ધ અને ગ્લાન હોય તો શરીરને સુખાકારી આહાર લે. કારણ કે શરીર વડે ધર્મ સાધી શકાય છે.

**जे लक्खणं च सुमिणं, अंगविज्जं च जे पउंजंति ।**
**न हु ते समणा वुच्चंति, एवं आयरिएहिं अक्खायं ॥१३॥**

જે લક્ષણવિદ્યા, સ્વપ્નશાસ્ત્ર, અંગવિદ્યાના શાસ્ત્રને સાધુઓ વાપરે છે તે મુનિ કહેવાતા નથી. એમ આચાર્યોએ ફરમાવ્યું છે. સાધુએ મિથ્યાશ્રુત જાણી તેનો ઉપયોગ કરવો નહિ. જયોતિષનિમિત્ત, અક્ષર, કૌતુક, આદેશ, ભૂતિકર્મ ઇત્યાદિ સાધુ કરે કે અનુમોદે તો તેના તપનો ક્ષય થાય છે.

**इहजीवियं अणियमेत्ता पब्भट्ठा समाहिजोएहिं ।**
**ते कामभोगरसगिद्धा, उववज्जंति आसुरे कायं ॥१४॥**

આ જીવિતને અનિયમિત રાખીને સમાધિ ભ્રષ્ટ થયા હોય અને કામભોગમાં આસક્ત હોય તેઓ મરીને અસુર-નિકાયમાં ઉત્પન્ન થાય છે.

**तत्तो वि य उव्वट्टित्ता, संसारं बहुं अणुपरियटंति ।**
**बहुकम्मलेवलित्ताणं, बोही होइ सुदुल्लहा तेसिं ॥१५॥**

તે અસુરનિકાયમાંથી નીકળીને ઘણા સંસારને વિષે નિરંતર પરિભ્રમણ કરે છે. તથા કર્મના લેપથી લીંપાયેલા તેઓની બોધિ (જિનધર્મની પ્રાપ્તિ) અત્યંત દુર્લભ થયા છે.

कसिणं पि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ॥१६॥

જે એક માણસને ધન ધાન્યાદિથી પૂર્ણ એવો સમગ્ર લોક આપી દે તો પણ તે લોકના દાન વડે પણ તે માણુસ સંતુષ્ટ થતો નથી. આ આત્મા દુઃખે કરીને પુરાય એવો છે. અર્થાત્ પુરાતો નથી.

जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥१७॥

જેમ લાભ તેમ લોભ થાય છે. લાભથી લોભ વધે છે. બે માસા સુવર્ણને માટે કરેલું કાર્ય કોટી દ્રવ્ય વડે પણ પૂર્ણ થયું નહિ.

नो रक्खसीसु गिज्झेज्जा, गंडवच्छासुऽणेगचित्तासु ।
जाओ पुरिसं पलोभित्ता, खेल्लंति जहा व दासेहिं ॥१८॥

ગુમડા જેવા કુચ છે. અને ચંચળ ચુક્ત એવી રાક્ષસી જેવી સ્ત્રીઓને વિષે અભિલાષા કરવી નહિ. વળી જે સ્ત્રીઓ પુરુષને વચનથી લોભ પમાડીને જેમ દાસની સાથે ક્રીડા કરે તેમ ક્રીડા કરે છે. સ્ત્રીઓને વશ થયેલા પુરુષો દાસની જેમ વર્તે છે.

नारीसु नोवगिज्झेज्जा, इत्थी विप्पजहे अणगारे ।
धम्मं च पेसलं नच्चा, तत्थ ठविज्ज भिक्खू अप्पाणं ॥१९॥

સાધુ સ્ત્રીઓની અભિલાષા ન કરે. તેનો ત્યાગ કરે, અને ધર્મને જ અત્યંત મનોહર જાણીને તેમાં પોતાના આત્માને સ્થાપે.

**इइ एस धम्मे अक्खाए कविलेणं च विसुद्धपन्नेणं ।**
**तरिहिंति जे उ काहिंति, तेहिं आराहिया दुवे लोगे ॥२०॥**

આ પ્રકારે પૂર્વે કહેલો સાધુધર્મ નિર્મળ જ્ઞાનવાળા કપિલ મુનિએ કહ્યો છે. જે મનુષ્યો ધર્મ કરશે. તેણે આ લોકને પરલોક બન્ને લોક આરાધ્યા ગણાશે, એમ હું કહું છું.

આ પ્રમાણે કપિલકેવળીનો બોધ સાંભળી કેટલાક એક ગાથાથી, કેટલાક બે ગાથાથી એમ પાંચસો ચોરો પ્રતિબુદ્ધ થઈ દીક્ષિત થયા. આ રીતે આઠમું કપિલીયાધ્યયન પુરૂં થયું.

---

## નવમું અધ્યયન–નમિપ્રવ્રજ્યા

ચારે પ્રત્યેકબુદ્ધો એક કાળે દેવલોકથી ચ્યવ્યા. એક કાળે જન્મ્યા. કોઈપણ એક વસ્તુ જોઈ બોધ પામ્યા. દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તે ચારેનાં નામો, કયા દેશમાં ઉત્પન્ન થયા તે તથા તેમનું દરેકનું ચરિત્ર કહેવાય છે. કરકંડુ કલિંગ દેશમાં, દુર્મુખ પંચાળમાં, નમિરાજા વિદેહમાં અને નગાતિ ગાંધારદેશમાં રાજા થયા.

ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ચેટક રાજાની પુત્રી પદ્માવતી નામે પ્રિય પટ્ટરાણી હતી. તે રાણી ગર્ભવતી થતાં દોહદ ઉત્પન્ન થયો કે હું પુરુષનો વેશ ધારણ કરૂં. મારા પતિ મારા પર છત્ર ધારણ કરે અને હું હાથી પર બેસી બગીચામાં ફરૂં. આ

દોહદ રાજાને કહી શકી નહિ. તેથી તે દુર્બળ થવા લાગી, રાજાએ દુર્બળતાનું કારણ પૂછતાં તેણે દોહદની વાત કરી.

રાજાએ રાણીના કહેવા મુજબ તેને હસ્તિપર બેસાડી તેના મસ્તક પર છત્ર ધારણ કરતો રાજા પાછળ બેઠો. તે સમયે મેઘ વરસવાથી વનનાં પુષ્પોની ગંધથી અને જળથી ભીંજાએલી માટીની ગંધથી હાથી ઉન્મત્ત થઈ અટવી તરફ દોડવા લાગ્યો. પાછળ ઘોડેસ્વારો અને સૈનિકો દોડ્યા પણ હાથીને પહોંચી શકયા નહિ. એ હાથી જંગલમાં ઘણે દૂર ગયો જાણી રાજાએ રાણીને કહ્યું કે આગળ જે વડ આવે છે તેની એક શાખા તું પકડીને ટીંગાજે. હું પણ ડાળી પકડી લઈશ પછી ભલે હાથી ગમે ત્યાં જાય.

વડ આવતાં રાજાએ ડાળ પકડી લીધી પણ રાણી સગર્ભા હોવાથી ડાળ પકડી શકી નહિ તેથી હાથી તેણીને ઘણે દૂર જંગલમાં લઇ ગયો. રાજાનું સૈન્ય આવતાં રાજા દુઃખીત હૃદયે ચંપાનગરીમાં ગયો અને હાથી સરોવરમાં પાણી પીવા ઉતરતાં રાણી વૃક્ષની શાખાને પકડી નીચે ઉતરી. તે વિચારવા લાગી કે હિંસક પ્રાણીઓથી પ્રમાદવશાત્ મારૂં મૃત્યું થાય તો દુર્ગતિ થશે. એમ માની અપ્રમત્ત બની આરાધના કરવા લાગી.

સર્વ જીવોની ક્ષમાપના, દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના અને ચાર શરણાંને યાદ કરવા લાગી. પછી મનમાં નવકારનું સ્મરણ કરતી એક દિશા તરફ જવા લાગી. ત્યાં આવેલ તાપસે તેને જોઇ પૂછ્યું કે, હે વત્સે!

તું કોની પ્રિયા અને કોની પુત્રી છું ? તે કહે. અમારાથી કોઇ જાતનો ભય રાખીશ નહિ. રાણીએ તાપસને બધી હકીકત કહી ત્યારે તાપસે કહ્યું કે, ચેટક રાજા મારા મિત્ર હતા. તેથી આ તારૂં પોતાનું ઘર સમજી આશ્રમમાં આવીને રહે.

એમ કહી તાપસ પોતાના આશ્રમે લઇ ગયો અને ફળાહાર કરાવી તેની ક્ષુધા શાંત કરી પછી તે તાપસ રાણીના દેશને સીમાડે મૂકી આવ્યા અને કહ્યું કે, હળ ખેડેલી સદોષ ભૂમિ અમારે ઓળંગાય નહિ. તેથી હું અહિંથી પાછો જઇશ. આ માર્ગ દંતપુર જાય છે. દંતપુરમાં દંતવક્ત્ર રાજા છે. ત્યાંથી સારો સાથ મળે તેની સંગાથે તારા નગરમાં જજે. એમ કહી તાપસ પોતાના આશ્રમે ગયો.

રાણી દંતપુરમાં જઇ એક સાધ્વીઓનો ઉપાશ્રય જોઈ તેમાં ગઇ સાધ્વીએ પૂછતાં તેણીએ પોતાની બધી હકીકત કહી. પણ પોતાને ગર્ભ રહ્યો છે તે વાત કરી નહિ અને સાધ્વીના ઉપદેશથી તેજ વખતે દીક્ષા ગ્રહણ કરી. થોડા વખત પછી તેનું ઉદર વધેલું જોઈ સાધ્વીએ પૂછ્યું, ત્યારે તેણીએ કહ્યું કે, વ્રત લેવામાં વિઘ્ન થાય તેથી કહ્યું ન હતું. સાધ્વીએ તેને એકાંત પ્રદેશમાં રાખી દિવસો પુરા થતાં તે પદ્માવતી સાધ્વીને પુત્ર જન્મ્યો.

તે પુત્રને રાતા ધાબળામાં વીંટી પિતાની નામવાળી મુદ્રિકા ચિન્હિત કરી સ્મશાનમાં મૂકી આવી. ત્યાં સ્મશાનનો રખેવાળ ચંડાળ આવ્યો ને ધાબળામાં વીંટેલા

બાળકને જોઈ પોતાના ઘેર લઈ જઈ પત્નિને સોંપ્યો. આ બધું ગુપ્ત રીતે ઉભી રહેલી સાધ્વીએ જોયું. પછી તેણે ઉપાશ્રયે આવી ગુરુણીને કહ્યું કે, મને મરેલું બાળક અવતરેલું હતું તેથી સ્મશાનમાં મૂકી આવી છું. ચંડાળે તે બાળકનું ઘણું તેજ જોઈ તેનું અવર્ણિક નામ પાડયું.

સાધ્વી પણ પુત્ર સ્નેહને લીધે ચાંડાલ વાસમાં જઈ પુત્રની ખબર લેતી આવે છે. પુત્રને આખા શરીરે ખંજવાળ આવતી જોઇને તેણીએ વિચાર્યું કે, મેં ગર્ભાવસ્થામાં શાકાદિનું બહુ ભોજન કરેલું તેનું આ પરિણામ છે. હવે તે બાળક રમતમાં બીજાં છોકરાઓને કહે કે, હું તમારો રાજા છું. તમે મારા સામંત છો.

તેથી મને કર આપવો જોઇએ. માટે મારા શરીરે ખણો. આમ કહી પોતાના શરીરને ખણાવતો હોવાથી તેનું કરકુંડુંનામ પાડયું. સાધ્વી તેના માટે મોદક વગેરે વહોરી લાવી તેને ખવરાવતી અને રાજી થતી હતી. એમ કરતાં તે બાળક છ વર્ષનો થતાં તેના પિતાએ સ્મશાનની રક્ષાનું કામ તેને સોંપ્યું એક વખતે તે બાળકે ત્યાંથી જતા બે સાધુને પરસ્પર વાત કરતા સાંભળ્યા કે આ સ્મશાનમાં ઉગેલો વાંસ મૂળથી ચાર આંગળ કાપીને પોતાની પાસે રાખે તો અવશ્ય રાજા થાય. આ વાત ત્યાં ઉભેલા એક બ્રાહ્મણે પણ સાંભળી તે વાંસ કાપીને લઈ જવા મંડ્યો. ત્યારે તેના હાથમાંથી કરકંડુએ ઝુંટાવી લઈ કહ્યું કે, મારા સ્થાનમાં ઉગેલો વાંસ તું કેમ લઈ જાય છે?

પછી તે બન્ને વચ્ચે કજીયો થતાં તેઓ નગરના અધિપતિઓ પાસે ગયા. તેઓએ બાળકને કહ્યું કે, આ વાંસને તારે શું કરવું છે? તેણે કહ્યું કે, એ વાંસ મને રાજ્ય આપશે. અધિકારીઓ હસીને તે બાળકને કહેવા લાગ્યા કે, ભલે વાંસ તું લે પણ જ્યારે તને રાજ્ય મળે ત્યારે એક ગામ આ બ્રાહ્મણને જરૂર આપજે. બાળક તે વાત કબુલ કરી વાંસ લઈ પોતાને ઘેર ગયો. પેલો બ્રાહ્મણ બીજા બ્રાહ્મણો સાથે મળીને કરકંડુને મારવાની તૈયારી કરતા જોઈ તેનો ચંડાળ પિતા પોતાનાં બૈરા છોકરાં લઇને આ દેશ છોડી પરદેશ ચાલ્યા ગયા. અને કંચનપુર આવ્યા. ત્યાંનો રાજા અપુત્રીઓ ગુજરી જવાથી મંત્રીઓએ ઘોડાને અધિવાસિત કરી છૂટો મૂકયો. તે ઘોડો નગર બહાર જયાં ચંડાળ કુટુંબ સુતું હતું ત્યાં આવી કરકંડુ સામે જોઈ હેષારવ કર્યો. એટલે નાગરિકોએ કરકંડુને શુભ લક્ષણવાળો જાણી જય જય શબ્દ કર્યો. વાજીંત્રો વાગ્યાં. તેના મસ્તક પર છત્ર ધરાયું. મંત્રીઓએ નવાં વસ્ત્ર પહેરાવી કરકંડુને ઘોડા પર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો.

બ્રાહ્મણો આ તો મ્લેચ્છ છે એમ કહી તેની અવગણના કરવા લાગ્યા. ક્રોધ પામેલા કરકંડુએ પોતાની પાસે જે દંડ હતો તે ઉગામ્યો. એટલે તેના અધિષ્ઠાયિક દેવોએ આકાશવાણી કરી કે જે કોઈ આ રાજાની અવગણના કરશે તેના મસ્તકે આ દંડ પડશે.

આમ કહી કરકંડુ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી! તે જોઇ

બ્રાહ્મણો કરકંડુની સ્તુતિ કરવા લાગ્યાં અને આશીર્વાદ આપવા લાગ્યા.

કરકંડુએ બ્રાહ્મણોને કહ્યુ કે આ બધા ચંડાળોને સંસ્કાર આપીને બ્રાહ્મણ બનાવો. કારણ તમારા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, જાતિથી બ્રાહ્મણ નહિ પણ સંસ્કારથી બ્રાહ્મણ કહેવાય છે.

આથી ભયભીત બનેલા બ્રાહ્મણોએ રાજાના હુકમથી બધા ચંડાળોને બ્રાહ્મણ બનાવ્યા. મંત્રીઓએ કરકંડુનો રાજ્યાભિષેક કર્યો. તે બહુ પ્રતાપી થયો. તેની ખબર પડતાં પેલો બ્રાહ્મણ કરકંડુ રાજા પાસે આવ્યો. રાજાએ તેને ઓળખી વરદાન માગવા કહ્યું.

તેણે કહ્યું કે, ચંપાનગરીમાં મારૂં મોટું ઘર છે. તો તેની નજીકનું કોઇ ગામ આપો. કરકંડુએ ચંપાનરેશ દધિવાહન પર આજ્ઞા પત્ર લખ્યો કે આ બ્રાહ્મણને એક ગામ તમારા દેશમાંનુ આપશો.

દધિવાહન રાજાએ ઈન્કાર કરતાં કરકંડુ ક્રોધ પામ્યો ને પોતાના તમામ સૈન્ય સાથે ચંપાનગરી આવી શહેરને ઘેરો ઘાલીને રહ્યો. દધિવાહન પણ રક્ષણ માટે કિલ્લામાં બધો બંદોબસ્ત કરી નગર બહાર સૈન્ય લઇને લડવા માટે આવ્યો.

યુદ્ધની વાત સાંભળી કરકંડુની માતા પદ્માવતી સાધ્વી કરકંડુ પાસે આવી કહેવા લાગી કે, હે કરકંડુ ! હું તારી માતા છું અને દધિવાહન રાજા તારા પિતા છે અને જે

ચંડાળ માતાપિતા છે તે તો પાલક માતાપિતા છે. એમ કહીને મુદ્રારત્ન બતાવી સાચી વાત સમજાવી. છતાં કરકંડુ પિતાને નમવા તૈયાર થયો નહિ. તેથી સાધ્વી દધિવાહન રાજા પાસે ગઈ અને કરકંડુ તમારો પુત્ર છે એમ કહી બધી હકીકત સમજાવી.

દધિવાહન રાજા પ્રસન્ન થયો અને પોતે ચાલીને કરકંડુ પાસે આવ્યો અને વત્સ ઉઠો કહીને તેણે આલિંગન આપી ભેટી પડયો, કરકંડુ પણ પિતા જાણી દધિવાહનને નમી પડયો. પછી દધિવાહને પોતાનું રાજ્ય કરકંડુને આપી દીક્ષા ગ્રહણ કરી. કરકંડુ બન્ને રાજ્યનું પાલન કરતો ચંપાનગરીમાં રહેવા લાગ્યો. કરકંડુને ગાયોના ટોળાં બહુ જ ગમતાં હોવાથી ઘણાં ગોકુળ બનાવ્યાં હતાં. તેમાં એક વાછડાને સ્ફટિક સમાન જોઈને ગોવાળોને ભલામણ કરી કે આ વાછડાને પેટ ભરીને ખવરાવજો. હવે તે વાછડો ખૂબ રૂષ્ટ પુષ્ટ બની બીજા બળદોને ત્રાસ આપતો હતો, છતાં રાજા તેના પર પ્રેમ દર્શાવતો હતો!

રાજા કેટલાક વર્ષ સુધી ગોકુળમાં જઇ શકયા નહિ. એક વખત તેમનો વાછડો યાદ આવતાં તે ગોકુળમાં ગયા અને તે ન દેખાવાથી ગોપાળોને પૂછતાં જીર્ણ વૃદ્ધ અને પડી ગયેલા દાંતવાળો તે વાછડો બતાવ્યો.

આ ઉપરથી રાજાને વૈરાગ્ય થયો કે સંસાર અનિત્ય છે. જે વસ્તુ આજે સુંદર દેખાય છે તે કાળે કરીને ખરાબ

થઇ જાય છે અને ખરાબ વસ્તુ સારી થઈ જાય છે પર્યાયો ફર્યા કરે છે. મોક્ષ અવસ્થામાં જ ફેરફાર થતો નથી. સાદિ અનંતસ્થિતિ મોક્ષમાં જ છે.

એમ વિચારી તેઓ પ્રત્યેકબુદ્ધ વૈરાગી થયા. શાસનદેવીએ તેમને સાધુ વેશ આપ્યો. તેઓ વિહાર કરતા ક્ષીતિપ્રતિષ્ઠિત નગરની બહાર ચાર દ્વારના દેવકુળમાં ઉતર્યા. બીજા ત્રણ દ્વારેથી અનુક્રમે દ્વિમુખ, નમિ. નગાતિ પ્રત્યેક બુદ્ધો પ્રવેશ્યા. તે ચારેનો આદર સત્કાર ચાર મુખવાળા યક્ષે કર્યો. કરકંડુ મુનિએ પોતાના અંગની ખરજ મટાડવા કાન ઉપર રાખેલી શલાકા કાઢી.

તે જોઇ દ્વિમુખે કહ્યું કે, દેશ, નગર, રાજ્ય, અંતઃપુર આ બધાનો ત્યાગ કર્યો. હવે સંચય કેમ કરો છો ! કરકંડુ મુનિ તેનો પ્રત્યુત્તર આપવા જતા હતા તેટલામાં નમિરાજાએ કહ્યું કે, બધાં રાજ્ય કાર્ય છોડ્યાં હવે આ શું શિક્ષા કાર્ય આદર્યું !

તેનો ઉત્તર દ્વિમુખ આપવા જતા નગાતિરાજર્ષિ બોલ્યા કે, જ્યારે તમે રાજ્યનો ત્યાગ કરી મુક્તિ પામવા ઉત્સાહ કરો છો ત્યારે કોઇને કંઇ પણ કહેવાનું તમને ઘટતું નથી. તે વખતે કરકંડુ બોલ્યા કે સાધુઓનું હિત કહેવાય, દોષ કહેવાય નહિ. ખરજ મટાડવા કાન પર રાખેલી શલાકા પણ સાધુને અયુક્ત છે પણ એ પીડા આમ સહન ન થઇ શકવાથી મેં શાલકા રાખી છે. ચારે મુનિઓ પરસ્પર સંબુદ્ધ થઈ સત્યવાદી સંયમ આરાધક થઈ કેવળજ્ઞાન પામ્યા અને ચારે સાથે મોક્ષે ગયા.

ચેટક રાજાની એક પુત્રી પ્રભાવતી વિતભયપટનના રાજા ઉદાયીને પરણી હતી, બીજી શીવા ઉજ્જૈનીના રાજા ચંડપ્રદ્યોતને, ત્રીજી મૃગાવતી કોશંબીના રાજા શતાનીકને, ચોથી જયેષ્ઠા મહાવીર પ્રભુના ભાઇ નંદીવર્ધનને, પાંચમી ચેલણા રાજગૃહીના રાજા શ્રેણીકને પરણી હતી.

સુજયેષ્ઠાને ધારેલો પતિ ન મળવાથી તેણીએ દીક્ષા લીધી હતી. પદ્માવતી સહિત આ સાતે બહેનો મહાસતીઓ હતી. પ્રભાવતીને અભિચિ, શીવાને પાલક, પદ્માવતીને કરકંડુ, મૃગાવતીને વત્સરાજ ઉદાયનને, ચેલણાને કુણીક વગેરે પુત્રો હતા.

પ્રભુ મહાવીરના મામા ચેટક રાજા બાર વ્રતધારી શ્રાવક હતા. કોણીક સાથેના યુદ્ધમાં પરાભવ પામી આપઘાત કરવા જતાં ધરણેન્દ્ર પોતાના આવાસમાં લઈ ગયો હતો.

સુજયેષ્ઠા ઉપાશ્રયની અગાશીમાં નગ્નપણે આતાપના લેતી હતી. તેને આકાશમાંથી જતાં વિદ્યાધરે જોઇ. મોહ પામી ભ્રમરના રૂપે તેણીને ભોગવી. સુજયેષ્ઠાને ગર્ભ રહ્યા. તેને સત્યકી નામે પુત્ર થયો. રોહીણી વિદ્યા સાધી અજેય બન્યો. સમકિતધારી છતાં પરસ્ત્રી સેવનમાં લંપટી બન્યો. ચંડપ્રદ્યોતે ઉમા વેશ્યા દ્વારા તેનો નાશ કરાવ્યો. તે મરીને નરકે ગયો. તેનો એક શિષ્ય સ્વર્ગે ગયો.

તેણે ઉજ્જૈની નગરી પર શીલા વિકુર્વી કહ્યું કે જે અવસ્થામાં મારા ગુરુનો વધ કર્યો તે અવસ્થામાં તેની પૂજા કરશો તો જીવાડીશ. નગરજનોએ કબુલ કર્યું. ત્યારથી

મહાદેવના લીંગની પૂજા શરૂ થઇ. શીક્ષા સંહરી લઇ તે દેવ ચાલ્યો ગયો. સર્વ દેવોનું મસ્તક પૂજાય છે. પણ આ અગ્યારમા રૂદ્ર સત્યકીનું લીંગ પૂજાય છે. તે કલીયુગનો પ્રભાવ.

## બીજા પ્રત્યેકબુદ્ધ દ્વિમુખ ચરિત્ર

કંપીલપુરમાં જયવર્મા રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણીયલ વનમાલા નામે રાણી હતી. એક દિવસે રાજાએ શિલ્પીઓને બોલાવી મહાન અદ્‌ભૂત રચનાવાળો આસ્થાન મંડપ બનાવવા કહ્યું. વાસ્તુવિદ્યામાં પ્રવીણ કારીગરોએ શુભમુહૂર્તે ખાતમુહૂર્ત શરૂ કર્યું. એ ભૂમિ ખોદતાં મણિ રત્ન જડેલો ઉજ્જવળ મુકુટ જોવામાં આવ્યો. રાજાએ તે મુકુટ મહોત્સવપૂર્વક રાજમહેલમાં લાવીને મૂકયો. આસ્થાનમંડપ તૈયાર થતાં રાજા તે મુકુટ મસ્તકે ધારણ કરી, સુવર્ણના સિંહાસન પર બેઠા. તે વખતે મુકુટના પ્રભાવે રાજાનાં બે મુખ દેખાવા લાગ્યાં. તે ઉપરથી લોકોએ રાજાનું અપરનામ દ્વિમુખ પાડયું. અવંતીના રાજા ચંડપ્રદ્યોતનને ખબર પડતાં તેણે દુત મોકલી મુકુટની માગણી કરી. જો નહિ આપો તો રાજા તમારો ઘાત કરી મુકુટ લઈ જશે. દુતે જયવર્મા પાસે આ પ્રમાણે માગણી કરતાં દ્વિમુખે દૂતને કહ્યું કે, તારા સ્વામીને કહેજે કે તારી પટરાણી શીવાદેવી, અનલગિરિ હાથી, અગ્નિભીરૂરથ અને લોહજંઘદૂત એ ચારે રત્નો મને સોંપી દે. એમ કહી દૂતને કાઢી મૂકયો. દૂતે તે વાત ચંડપ્રદ્યોતને કહેતાં તે ચતુરંગ સૈન્ય સજી પાંચાલ દેશના સીમાડે

આવ્યો. દ્વિમુખ રાજા પણ પોતાના સાત પુત્રો સાથે સૈન્ય લઈ સામે આવ્યા. ભયંકર યુદ્ધ થયું. ચંડપ્રદ્યોતનું સૈન્ય ભાગી ગયું. જયવર્મા રાજાએ ચંડપ્રદ્યોતને પકડી બાંધીને પોતાના નગરમાં લઈ ગયો અને સત્કારપૂર્વક રાખ્યો. એક વખત ચંડપ્રદ્યોતે દ્વિમુખ રાજાની પુત્રી મદન મંજરીને જોઈ વિચાર્યું કે, જો આ મારી પત્ની થાય તો મારું જીવીત સફળ થાય અને હું જીવતાં સુધી દ્વિમુખ રાજાનો સેવક થઈને રહું. આ વાત પહેરેગીરે જાણી. દ્વિમુખરાજાને તે વાત જણાવી એટલે ચંડપ્રદ્યોતને રાજ-સભામાં તેડાવી અર્ધાસને બેસાડયો. ચંડપ્રદ્યોતે દ્વિમુખ રાજાને હાથ જોડી કહ્યું કે મારી તમામ રાજલક્ષ્મી અને મારા પ્રાણ પણ તમારે આધીન છે. આજથી હું તમારો હંમેશનો સેવક છું. દ્વિમુખ રાજાએ ચંડપ્રદ્યોતનો આવો ભાવ જાણી પોતાની પુત્રી મદનમંજરી તેને પરણાવી અને અવંતીનું રાજ્ય તેમજ કન્યાદાન વખતે આપેલું દ્રવ્ય સાથે તેમના દેશ પહોંચાડયા પછી એક વખત નગરજનોએ ઈન્દ્રસ્તંભ ઉભો કરી તેની પૂજા કરી, દ્વિમુખ રાજાએ પણ તેની પૂજા કરી. ઓચ્છવ પૂરો થતાં બીજે દિવસે તે ઈન્દ્ર-સ્તંભની શોભા નષ્ટ પામી. તે જોઈ દ્વિમુખ રાજાએ વિચાર્યું કે ઇન્દ્રસ્તંભથી જેમ સંસારી જીવો પણ ભિન્ન-ભિન્ન અવસ્થાને પામે છે તેનું મૂળ કારણ રાગદ્વેષ છે. તેનો નાશ સમતાથી થાય. મમતાના પરિત્યાગથી સમતા પ્રાપ્ત થાય. મમતાનો પરિત્યાગ સંયમ લીધા વિના થાય નહિ. આવા વિચારથી તેઓ સંયમ લેવા તૈયાર થયા

ત્યારે શાસનદેવે સાધુવેશ આપ્યો. તેઓ સ્વયમેવ પ્રત્યેકબુદ્ધ થયા. વિહાર કરતા અનુક્રમે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની બહાર ચાર દ્વારવાળા દેવકુળમાં આવ્યા. ત્યાં ચારે પ્રત્યેકબુદ્ધો મળ્યાની વાત અગાઉ કહી દીધી છે.

## રાજા પ્રત્યેકબુદ્ધ નમિ રાજર્ષિનું ચરિત્ર

માલવદેશમાં સુદર્શનપુરમાં મણિરથ રાજા રાજ્ય કરતા હતા. તેને યુગબાહુ નામે નાનો ભાઈ હતો. તેની મદનરેખા નામે સ્ત્રી હતી. તે શ્રાવિકા બારવ્રતધારી અને અદ્‌ભૂત રૂપવાળી હતી. એક વખત રાજા મણિરથ તેને જોઈ કામવશ બની પુષ્પ–તાંબુલ–વસ્ત્રાલંકાર મોકલવા લાગ્યો. મદનરેખા જેઠને વડીલ જાણી તે વસ્તુ સ્વીકારતી હતી. એક વખત એકાંતમાં મણિરથે મદનરેખાની આગળ કામભોગની ઈચ્છા કરી. મદનરેખાએ કહ્યું, કે તમે વડીલ થઈને આવું અયુક્ત કેમ બોલો છો ? અગ્નિમાં બળી મરવું સારૂં પણ કુલાચાર રહિત જીવવું સારૂં નહિ. એમ ઘણું સમજાવ્યા છતાં મણિરથે માન્યું નહિ અને વિચાર્યું કે જ્યાં સુધી મારો ભાઈ યુગબાહુ જીવતો હશે ત્યાં સુધી મદનરેખા મને વશ થશે નહિ આમ વિચારી તેને મારવાનો લાગ શોધવા લાગ્યો. તે પછી એક વખતે મદનરેખાએ સ્વપ્નમાં પૂર્ણ ચંદ્ર જોયો. તેણીએ સ્વપ્નની વાત પોતાના પતિ યુગબાહુને કહી. યુગબાહુએ કહ્યું, કે તને ઉત્તમ પુત્ર થશે. પછી મદનરેખાને જે જે દોહદ ઉત્પન્ન થયા તે તે દોહદ યુગબાહુએ પુર્યાં. એક વખત તેઓ બન્ને ઉદ્યાનમાં ફરવા ગયા. રાત્રી

પડતાં ત્યાં જ કદલીગૃહમાં સુઇ ગયા. લાગ સાધીને રાત્રે મણિરથ ત્યાં આવ્યો. પહેરેગીરે યુગબાહુને જગાડી કહ્યું કે તમારા મોટાભાઇ મણિરથ બહાર ઉભા છે. યુગબાહુ બહાર આવી મોટાભાઈને નમવા લાગ્યો એટલે મણિરથે તેના સ્કંધપર ખડ્ગ ફેંકયું અને ભૂલથી પડી ગયું તેમ બચાવ કરવા લાગ્યો. યુગબાહુએ તેની ચેષ્ટા જાણી તેની ઉપેક્ષા કરી કહ્યું કે "અહિંથી જાઓ" એટલે મણિરથ જલ્દી ચાલ્યો ગયો. ચંદ્રયશને ખબર પડતાં તે વૈદ્યને તેડીને ત્યાં આવ્યો પણ યુગબાહુની અંતિમ અવસ્થા જાણી વૈદ્યે કહ્યું કે, હવે ધર્મ જ આપનું પરમ ઔષધ છે. એટલે મદનરેખા પતિને નિર્યામણા કરાવા લાગી. સ્રી, પુત્ર, ધન ઉપરથી મમતા ઉતારો. ચાર શરણાં અંગીકાર કરો. સર્વ જીવોને ખમાવો, સર્વ પાપોની સિદ્ધની સાક્ષીએ આલોચના કરો, પંચ પરમેષ્ટિનું સ્મરણ કરો. શુભ ભાવના ભાવો. આવાં મદનરેખાનાં વચનો શ્રદ્ધાપૂર્વક સાંભળી યુગબાહુ પંચ પરમેષ્ટિનું સ્મરણ કરતા કાળ કરી દેવલોકે ગયા પછી મદનરેખાએ વિચાર્યું કે મણિરથ મારા શિયળનો નાશ કરે તે અગાઉ મારે નિકળી જવાનો અવસર છે એમ, વિચારી એકલી જંગલમાં ચાલી ગઇ. માર્ગમાં ભૂલી પડી ને મોટી અટવીમાં આવી પડી. રાત્રી નિંદ્રામાં વીતી ગઈ. પ્રભાત થતાં દેવ ગુરુનું સ્મરણ કરતા જાગી, શીલના પ્રભાવે તેણીને કોઈ ભય નડયો નહિ. એક રાત્રે તેણીએ પુત્રને જન્મ આપ્યો. તે બાળકને બાપના નામવાળી વીંટી પહેરાવી રત્નકંબલથી

વીંટાળીને પવિત્રભૂમિમાં બાળકને મુકી તળાવમાં શોચાર્થે સ્નાન કરવા ગઈ. સ્નાન કરતાં જળ હસ્તિએ સુંઢથી પકડીને આકાશમાં ઉછાળી ત્યાંથી આકાશમાર્ગે જતા વિદ્યાધરે તેને જોઇ ઝીલી લીધી અને પોતાના સ્થાને લઇ ગયો. તેણે વિદ્યાધરને પોતાની હકીકત કહી, છેવટે કહ્યું કે, મારા પુત્રને અહિં લઈ આવો અગર મને ત્યાં મૂકી દ્યો. વિદ્યાધર તેના ઉપર રાગી થઇ કહેવા લાગ્યો કે ગંધાર દેશમાં રત્નવાહ નામે નગરમાં મણિચૂડ નામે વિદ્યાધરેન્દ્ર રહે છે. તેની પ્રિયા કમલાવતીએ મણિપ્રભ નામે પુત્રને જન્મ આપ્યો. તે હું જયારે યુવાવસ્થા પામ્યો ત્યારે બન્ને શ્રેણીનું રાજ્ય મને આપીને મણિચૂડે દીક્ષા લીધી. તે ચારણ-મુનિ ચતુર્જ્ઞાની થઈ હમણાં નંદીશ્વરદ્વીપમાં યાત્રાએ આવ્યા છે. હું તેમને વંદન કરવા જતો હતો તેટલામાં તને જોઈ પડતી ઝીલી લીધી ને અહીં લાવ્યો છું. પ્રજ્ઞપ્તિ વિદ્યાથી તારા પુત્રની હકીકત જાણી લીધી છે. તેને મિથિલા-પુરીના રાજા પદ્મરથ ઘોડાથી હરાએલો બાળક પાસે આવ્યો ને રૂપવાન જોઈ ઉપાડી પોતાની પત્નીને સોંપ્યો છે. ત્યાં તે બાળક અત્યંત સુખ ભોગવે છે. જો તું મારી પત્ની થા તો હું તારો સેવક બનીને રહીશ. મદનરેખાએ વિચાર્યું કે, આ મારા શીલનો ભંગ કરે તે પહેલાં નંદીશ્વરદ્વીપની યાત્રા કરાવી તેના પિતામુનિને વંદન કરે ત્યાં સુધી કાળ વિતાવી દેવો ઠીક છે, મુનિના ઉપદેશથી તે સુધરી જશે એવું વિચારી વિદ્યાધરને કહ્યું કે, હમણાં મને નંદીશ્વરની યાત્રા કરાવો પછી તમારૂં કહ્યું

વિચારીશ. મણિપ્રભ તેના વચનથી હર્ષ પામી તેણીને વિમાનમાં બેસાડી નંદીશ્વરદ્વીપે લઈ ગયો.

ત્યાં શાશ્વત જિનોને વંદન કરી પ્રાસાદ મંડપમાં બેઠેલ ચારણ શ્રમણ મણિચૂડને વંદન કર્યા. મુનિએ મદનરેખાને સતિ અને મણિપ્રભને લંપટી જાણી ઉપદેશની ધારા વરસાવી. તેથી મણિપ્રભનો કામ શાંત થઇ ગયો અને મદનરેખાને પોતાની માતા ને બહેન તુલ્ય માનવા લાગ્યો.

મદનરેખાએ મુનિને પોતાના પુત્રના કુશળ સમાચાર પૂછતાં મુનિએ તેના પૂર્વભવ સાથેની અત્યાર સુધીની બધી હકીકત જણાવતાં કહ્યું કે જંબુદ્વીપની પુષ્પકલાવતી વિજયમાં મણિ તોરણાપુરીમાં મિતયશા નામે ચક્રવર્તી રાજા હતો. તેને પુષ્પાવતી નામે રાણીથી પુષ્પસિંહ ને રત્ન સિંહ નામે બે પુત્રો થયા. તેમને રાજ્ય સોંપી ચક્રવર્તિએ દીક્ષા લીધી. બન્ને રાજપુત્રોએ ચોરાશી લાખ પૂર્વ સુધી રાજ્ય કર્યું

પછી બન્નેએ દીક્ષા લીધી અને સોળ લાખ પૂર્વ દીક્ષા પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામી અચ્યુતકલ્પે સામાનિક દેવો થયા. ત્યાંથી ચ્યવી ધાતકીખંડના ભરતમાં હરિષેણ રાજાની સમુદ્રદત્તા રાણીની કુક્ષીએ સાગર અને દેવદત્ત નામે બે સહોદર ભાઈઓ થયા.

એક વખતે બન્ને ભાઈઓ દૃઢસુવ્રત નામે બારમા તીર્થંકરના શાસનમાં સદ્‌ગુરુ પાસે દીક્ષા લીધી. બીજે દિવસે વિજળી પડવાથી કાળ કરી મહાશુક્ર દેવલોકમાં

મહાસમૃદ્ધિવાળા દેવો થયા. એક વખત તે બન્ને દેવો આ ભરતક્ષેત્રમાં નેમિ જિનેશ્વર પાસે જઈ પૂછવા લાગ્યા કે, હે પ્રભો ! અમારા બન્નેનો સંસાર ક્યાં સુધી ચાલુ રહેશે. ભગવાને કહ્યુ કે, તમારા બેમાંથી એક મિથિલાપુરીમાં પદ્મરથ નામે રાજા થશે, એ જ પદ્મરથ રાજાને ઘોડો દૂર અટવીમાં લઈ ગયો.

એ રાજાએ તારો પુત્ર દીઠો ને મિથીલામાં લઈ જઈ પત્નીને સોંપ્યો. તે દિવસે રાજાએ પુત્રનો જન્મોત્સવ ઉજવ્યો. આ વાત ચાલતી હતી, તેવામાં અંતરીક્ષમાંથી એક વિમાન ઉતર્યું. તેમાંથી નીકળીને એક દેવે આવી મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા આપી પ્રથમ પ્રણામ કર્યો પછી મુનિને વંદન કરીને બેઠો. મણિપ્રભ વિદ્યાધરે તેને ઉલટા ક્રમે વંદન કેમ કર્યું તેમ પૂછતાં દેવે કહ્યું કે હું પૂર્વભવમાં યુગબાહુ રાજા હતો. મારા મોટા ભાઇ મણિરથે મને ઘાયલ કર્યો, મરતી વખતે મારી પ્રિયા આ મદનરેખાએ મને આરાધના કરાવી. તેના પ્રભાવથી હું બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. મેં ધર્માચાર્ય તરીકે પ્રથમ તેણીને વંદન કર્યું હતું.

એ પ્રમાણે વિદ્યાધરને પ્રતિબોધ આપી. મદનરેખાને કહ્યુ કે, "તારૂં શું પ્રિયે કરૂં તે કહે." તેણીએ કહ્યુ કે, મને તો મુક્તિ જ પ્રિય છે. બીજું કંઇ પ્રિય નથી. તો પણ પુત્રનું મુખ જોવા ઉત્સુક છું. તો મને મિથિલાપુરી લઈ જાઓ ત્યાં હું પુત્ર મુખ જોઇ આત્મહિત સાધીશ. દેવે તેને મિથિલાપુરી પહોંચાડી.

મદનરેખાએ પ્રથમ જિનમંદિરમાં જઈ ચૈત્યવંદન કર્યું. પછી શ્રમણીના ઉપાશ્રયમાં આવી સાધ્વીઓને વંદન કર્યું. પ્રવર્તિનીએ તેને ધર્મનો ઉપદેશ આપી કહ્યું કે માતા પિતા, પુત્ર, સ્ત્રી સર્વેનો સંબંધ અનેક વાર થયો છે. તે સઘળું વિનશ્વર છે. ધર્મ એક શાશ્વત છે. આ સાંભળી મદનરેખા પ્રતિબોધ પામી.

પછી દેવે કહ્યું કે હવે ચાલો તમારા પુત્રને જોવા જઈએ. ત્યારે મદનરેખાએ કહ્યું કે ભવની વૃદ્ધિ કરે તેવા પ્રેમરાગનું હવે મને પ્રયોજન નથી. એમ કહી સાધ્વી પાસે દીક્ષા લીધી. દેવ પોતાને ઠેકાણે ગયો. મિથીલામાં પદ્મરથ રાજાને ત્યાં બાળક જેમ જેમ મોટો થાય છે તેમ તેમ બીજા રાજાઓ આવી પદ્મરથને નમે છે. તેથી પુત્રનું નામ નમિરાજા પાડ્યું. મોટો થતાં આ બાળકે આચાર્યોની સેવા કરી, સકળ કળા સંપાદન કરી અનુક્રમે યુવાવસ્થા પામ્યો. ત્યારે રાજાએ એક હજાર ને આઠ કન્યાઓ પરણાવી. તેને પોતાનું રાજ્ય આપી પ્રવ્રજ્યા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. નમિરાજા ન્યાયપૂર્વક રાજ્ય સંભાળવા લાગ્યા.

મણિરથ યુગબાહુને મારી ઘેર ગયો ત્યાં જ તેને સર્પ ડંસવાથી મરણ પામી ચોથી નરકે ગયો. તેની ઉત્તર ક્રિયા કરી મંત્રીઓએ રાજ્ય ચંદ્રયશાને આપ્યું. તે પણ ન્યાયપૂર્વક રાજ્ય ચલાવે છે. એક વખત નમિરાજાનો ધવળ-હસ્તિ આલાનસ્તંભ ઉખેડી બીજા હાથી, ઘોડા અને મનુષ્યોને ત્રાસ પમાડતો ચંદ્રયશા રાજાના નગર પાસે આવ્યો. ચંદ્રયશાએ સુભટો મોકલી હાથીને વશ કરી પકડી

મંગાવ્યો. આ વાતની ખબર પડતાં નમિરાજાએ દૂત મોકલી હાથી પાછો મંગાવ્યો. પણ ચંદ્રયશાએ તે દૂતનું અપમાન કરી કાઢી મુકયો.

દૂતે ઉશ્કેરવાથી નમિરાજા ક્રોધ પામી સૈન્ય લઇ લડવા માટે સુદર્શનપુર આવ્યો. ચંદ્રયશા તેનો સામનો કરવા નિકળતાં અપશુકન થયા. તેથી કિલ્લામાં રહ્યા. નમિરાજાના સૈન્યનું કિલ્લા પર રહેલા ચંદ્રયશાના સૈન્યે નાશ કરવા માંડયું. એટલે નમિરાજાએ કોટ તોડવા અનેક ઉપાયો યોજ્યા. આ અવસરે મદનરેખા સાધ્વી ગુરુણીની આજ્ઞા લઈ પ્રથમ નમિરાજાના સૈન્યમાં આવ્યા અને નમિરાજાને કહ્યુ કે પોતાની મેળે આવેલા હાથીને પકડી લીધો તેમાં આટલું મોટું યુદ્ધ શા માટે આરંભ્યું છે? મોટાભાઈ સાથે યુદ્ધ કરવું તમને શોભતું નથી. આ સાંભળી નમિરાજાએ કહ્યું કે અમો બન્ને ભિન્ન ભિન્ન કુળમાં ઉત્પન્ન થએલાને ભાઇ કેમ કહો છો ત્યારે મદનરેખા સાધ્વીએ કહ્યુ કે હું તમારી માતા છું અને યુગબાહુના તમો બન્ને દીકરા છો. પદ્મરથરાજા તમારા પાલક પિતા હતા.

પછી નમિરાજાએ યુગબાહુના નામવાળી વીંટી જોઇને સાધ્વીની વાત સત્ય માની કહ્યું કે, આપની વાત તદ્દન સાચી છે. પરંતુ મોટાભાઇ વાત્સલ્યથી મારી સામા આવે તો હું તેમનો ઉચિત વિનય જરૂર કરીશ. આ સાંભળી સાધ્વી દુર્ગના દ્વારે થઈ રાજમહેલમાં જઈ ચંદ્રયશાને મળ્યા ને સઘળી હકીકત જણાવી. તેથી ચંદ્રયશા ભાઇને મળવા નગર બહાર નિકળ્યા. નમિરાજા મોટાભાઇને સામા

આવતા જોઈ સિંહાસન પરથી ઉતરી મસ્તક નમાવી ભાઈને પગે લાગ્યા. બન્ને ભાઇ પરસ્પર ભેટી પડ્યા. લોકોએ તેમને સહોદર ભાઈ તરીકે ઓળખ્યા. તે જ વખતે ચંદ્ર-યશાએ લઘુબંધુ નમિરાજાને સુદર્શનપુરનું રાજ્ય આપી દીક્ષા લીધી. હવે નમિરાજા બન્ને રાજ્યના માલિક થયા.

એક વખત તેમને પૂર્વકર્મના દોષથી શરીરમાં દાહ-જ્વર થયો. છ માસ સુધી તેની પીડાથી રાજાને ઉંઘ આવતી નથી. અંતઃપુરની રાણીઓના પગના ઝાંઝરના શબ્દો કાનમાં શૂળની જેમ ખુંચવા લાગ્યા. દાહજ્વરની શાન્તિ માટે રાણીઓ ચંદન ઘસતી ત્યારે કંકણનો અવાજ ખમાતો ન હતો. એટલે એક સૌભાગ્ય ચિહ્ન રાખી બીજાં કંકણો ઉતારી નાખ્યાં. તે વખતે નમિરાજાએ સેવકને પૂછ્યું કે હવે કંકણનો અવાજ કેમ સંભળાતો નથી.

સેવકે કહ્યું કે, આપને પીડા થતી હોવાથી એકેક કંકણ રાખી બીજાં કંકણો ઉતારી નાખ્યાં છે. તેથી અવાજ થતો નથી. આ સાંભળી નમિરાજા બોધ પામી વિચારવા લાગ્યા કે, સંયોગથી દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે. હવે જો હું આ રોગથી મુક્ત થાઉં તો સર્વ સંગનો ત્યાગ કરી દીક્ષા લઉં. એકલા રહેવામાં મજા છે. બે હોય ત્યાં ખટપટ થાય છે. આજે તેમને નિદ્રા આવી, તેમાં હાથી પર આરૂઢ થઈ મંદારગિરિ પર ચઢ્યો તેવું સ્વપ્ન જોઇને જાગ્યા. તેમનો દાહજ્વર મટી ગયો. સ્વપ્નનો વિચાર કરતાં મેં આવો પર્વત ક્યાંક જોયો છે એમ ઉહાપોહ કરતાં પૂર્વ-ભવનું સ્મરણ થયું. હું મહાશુક્રકલ્પમાં દેવ હતો, ત્યારે

અર્હંતનો જન્માભિષેક કરવા આવ્યો હતો. તે જ ક્ષણે નમિરાજાએ રાજ્ય તજી દીક્ષા લીધી. ઇન્દ્ર તેમની પરીક્ષા કરવા બ્રાહ્મણનું રૂપ લઇને આવ્યા. અને પ્રણામ કરી પૂછવા લાગ્યા તે, બીના આગળ કહેવાશે.

**चइऊण देवलोगाओ, उववन्नो माणुसम्मि लोगंमि ।**
**उवसंतमोहणिज्जो, सरई पोराणियं जाइं ॥१॥**
**जाइ सरित्तु भयवं, सयंसंबुद्धो अणुत्तरे धम्मे ।**
**पुत्तं ठवेत्तु रज्जे, अभिणिक्खमई नमी राया ॥२॥**

દેવલોકથી ચ્યવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા. જેમના મોહનો નાશ થયો છે તેવા નમિરાજા પૂર્વની જાતિને સંભારે છે. પૂર્વની જાતિનું સ્મરણ કરીને સર્વોત્કૃષ્ટ ચારિત્ર· ધર્મનો પોતાની મેળે બોધ પામી પુત્રને રાજ્ય પર સ્થાપી દીક્ષા લીધી.

**सो देवलोगसरिसे, अंतेउरवरगओ वरे भोए ।**
**भुंजित्तु नमी राया, बुद्धो भोगे परिच्चयइ ॥३॥**

અંતઃપુરમાં રહેલા તે નમિરાજા દેવલોક જેવા ઉત્તમ એવા ભોગોને ભોગવીને પ્રતિબોધ પામ્યા થકા ભોગોનો ત્યાગ કર્યો.

**मिहिलं सपुरजणवयं, बलमोरोहं च परियणं सव्वं ।**
**चिच्चा अभिनिक्खंतो, एगंतमहिडिढओ भयवं ॥४॥**

બીજાં નગરો અને જનપદ મિથિલાનગરીને, ચતુરંગી સેનાને તથા અવરોહ ને પરિવાર એ સર્વને તજી દઇને દીક્ષા લીધેલા નમિરાજર્ષીએ દ્રવ્યથી હું કોઇનો નથી એવી ભાવનાનો આશ્રય કર્યો.

कोलाहलगभूयं, आसी मिहिलाए पव्वयंतमि ।
तइया रायरिसिंमि, नमिंमि अभिणिक्खमंतंमि ॥५॥

તે વખતે પ્રવજ્યા લીધેલા નમિરાજર્ષી ઘર બહાર નીકળે છતે મિથિલાને વિષે કોલાહલ થયો છે જેમાં એવું ઘર કોલાહલથી વ્યાપ્ત થયું.

अब्भुट्ठियं रायरिसिं, पव्वज्जाठाणमुत्तमं ।
सक्को माहण वेसेणं, इम्मं वयणमब्बवी ॥६॥

ઉત્તમ એવા દીક્ષાના સ્થાનને વિષે ઉદ્યમવંત થએલા નમિરાજર્ષી પાસે શક્રેન્દ્ર બ્રાહ્મણ રૂપે આવીને આ પ્રમાણે બોલ્યા

किण्णु भो अज्ज मिहिला, कोलाहलगसंकुला ।
सुव्वंति दारुणा सद्दा, पासाएसु गिहेसु य ॥७॥

હે મુનિ! આજ મિથિલાનગરીમાં પ્રાસાદો અને ઘરોને વિષે કોલાહલે કરીને વ્યાપ્ત એવા ભયંકર શબ્દો શેના સંભળાય છે?

एयमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेन्दं इणमब्बवी ॥ ८॥

આ અર્થને સાંભળીને ત્યારપછી તેના હેતુ કારણો વડે પ્રેરણા કરાએલા નમિરાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આ પ્રમાણે વચન બોલ્યા.

मिहिलाए चेइए वच्छे, सीयच्छाए मणोरमे ।
पत्तपुप्फफलोवेए, बहूणं बहुगुणे सया ॥९॥

वाएण हीरमाणंमि, चेइयंमि मणोरमे ।
दुहिया असरणा अत्ता, एए कंदंति भो खगा ॥१०॥

મિથિલાનગરીમાં ચૈત્યને વિષે શીતળ છાયાવાળો મનોહર પત્ર, પુષ્પ અને ફળો વડે કરીને સહિત સદા ઘણા પક્ષીઓને બહુ ગુણકારી વૃક્ષ છે. તે મનોહર વૃક્ષ વાયુ વડે જેમ તેમ ફેંકતે છતે હે બ્રાહ્મણ! દુઃખી શરણ રહિત પીડીત થએલા આ પક્ષીઓ આક્રંદ કરે છે

एयमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्ववी ॥११॥

આ અર્થને સંભળીને ત્યા પછી હેતુના કારણથી પ્રેરાએલા દેવેન્દ્ર નમિરાજા પ્રત્યે આ પ્રમાણેના વચનો બોલ્યા.

एस अग्गी य वाऊ य, एयं डज्झइ मंदिरं ।
भयवं अंतेउरं तेणं, कीस णं नात्रपेक्खह ॥१२॥

આ અગ્નિ અને વાયૂ તમારા મહેલને બાળે છે તેથી હે ભગવન્! તમારા અંતઃપુની સન્મુખ કેમ તમે જોતા નથી?

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेन्दं इणमब्बवी ॥१३॥

આ અર્થને સાંભળીને ત્યારપછી હેતુના કારણથી પ્રેરાએલા નમિરાજ દેવેન્દ્ર પ્રતિ આ પ્રમાણે બોલ્યા–

सुहं बसामो जीवामो, जेसि मो नत्थि किंचण ।
मिहिलाए डज्झमाणीए, न मे डज्झइ किंचणं ॥१४॥

સુખે કરીને અમે વસીએ છીએ અને જીવીએ છીએ. જે અમારૂં કંઈ પણ બળતું નથી. મિથિલાનગરી બળતે સતે મારું કંઈ પણ બળતું નથી. તેથી કરીને જ્ઞાનદર્શન યુક્ત મારો આત્મા જ શાશ્વત છે. શેષ સર્વે સંયોગ કલ્પેલા છે. મારાથી ભિન્ન છે. તેનો વિનાશ થતાં મારું કંઈ બગડતું નથી.

चत्तपुत्तकलत्तस्स, निव्वावारस्स भिक्खुणो ।
पियं न विज्जइ किंचि, अप्पियं पि न विज्जइ ॥१५॥

પુત્ર કલત્ર પરિવારને ત્યજી દીધો છે, ખેતી આદિ વ્યાપર રહિત ભિક્ષુને કાંઈ પણ પ્રિય નથી તેમજ અપ્રિય પણ કાંઇ નથી.

बहुं खु मुणिणो भद्दं, अणगारस्स भिक्खुणो ।
सव्वओ विप्पमुक्कस्य, एगंतमणुपस्सओ ॥१६॥

સર્વ પરિગ્રહથી વિમુક્ત હું એકલો વિચરતો ઘર રહિત એવા મુનિને ભિક્ષુક છતાં ઘણું સુખ છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥१७॥

આ અર્થને સાંભળી હેતુ કારણ વડે પ્રેરીત નમિ-રાજર્ષી પ્રત્યે દેવેન્દ્ર આવું વચન બોલ્યા.

पागारं कारइत्ताणं, गोपुरट्टालगाणि य ।
उस्सूलगसयग्घीओ, तओ गच्छसि खत्तिया ॥१८॥

કિલ્લો, દરવાજા, અને ઝરૂખા, ખાઇ, મોટી તોપ, એ સર્વે કરાવીને ત્યારપછી હે ક્ષત્રિય તમે જાઓ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥१९॥

આ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમિરાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આવું વચન બોલ્યા.

सद्धं नगरं किच्चा, तवसंवरमग्गलं ।
खंती निउणपागारं, तिगुत्तं दुप्पधंसयं ॥२०॥
धणुं परक्कमं किच्चा, जीवं च इरियं सया ।
धिइं च केयणं किच्चा, सच्चेण पलिमंथए ॥२१॥
तवनारायजुत्तेण, भित्तूणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो, भवाओ परिमुच्चए ॥२२॥

શ્રદ્ધાને નગરરૂપ કરીને બાહ્ય તપરૂપ સંવરને કમાડની અર્ગલા કરીને શાંતિરૂપી પ્રાકારને કરીને ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત બીજાથી પરાભવ ન પમાડી શકાય તેવો પ્રાકાર કરીને પરાક્રમરૂપી ધનુષ વડે કરીને ઇર્યાસમિતિને હંમેશાં ધનુષની પ્રત્યંચારૂપ કરીને ધર્મ પરની રતિને ચેતનરૂપ સત્યતાથી તે ધનુષને બાંધી તપરૂપી બાણ વડે યુક્ત એવા કર્મરૂપી બક્ખતરને ભેદીને કર્મરૂપી સંગ્રામને જીતેલા સાધુ સંસાર થકી મુક્ત થાય છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥२३॥

એ અર્થને સાંભળી હેતુ કારણ વડે પ્રેરાએલ ઇન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આવું વચન બોલ્યા.

पासाए कारइत्ताणं, वद्धमाणगिहाणि य ।
वालग्गपोइयाओ य, तओ गच्छसि खत्तिया ॥२४॥

પ્રાસાદો તથા વર્ધમાન ઘરો તથા છાપરાં માળ વગેરે કરાવીને ત્યારપછી હે ક્ષત્રિય તમે જાઓ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥२५॥

એ અર્થને સાંભળી હેતુ કારણ વડે પ્રેરાએલ ઇન્દ્રને નમિરાજર્ષી આ પ્રમાણે બોલ્યા.

संसयं खलु सो कुणई, जो मग्गे कुणइ घरं ।
जत्थेव गंतुमिच्छेज्जा, तत्थ कुव्वेज्ज सासयं ॥२६॥

જે માણસ માર્ગમાં ઘર કરે છે તે માણસની અને એવો સંશય કરે છે તેથી જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જ પોતાનો આશ્રય કરવો જોઇએ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥२७॥

આ અર્થને સાંભળી હેતુ કારણ વડે પ્રેરીત ઇન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આવું વચન બોલ્યા.

आमोसे लोमहारे यय गंठिभेए य तक्करे ।
नगरस्स खेमं काऊण, तओ गच्छसि खत्तिया ॥२८॥

લુંટારાઓ, સર્વસ્વ ખુંચવી લેનારા, ગાંઠ કાપનારા, ચોરોનો વિનાશ વડે નગરનું રક્ષણ કરીને હે ક્ષત્રિય ! તમે જાઓ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेंदं इणमब्बवी ॥२९॥

આ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરાએલા નમિરાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આ પ્રમાણે વચન બોલ્યા.

असइं तु मणुस्सेहिं, मिच्छा दंडो पजुज्जइ ।
अकारिणोऽत्थ बज्झंति, मुच्चइ कारओ जणो ॥३०॥

અનેકવાર મનુષ્યો વડે મિથ્યાદંડ કરાયા છે. આ જગતમાં ચોર્યાદિ નહિ કરનારાઓ બંધાયા છે. અને ચોરી કરનારા છુટી ગયા છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥३१॥

આ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત દેવેન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આવું વચન બોલ્યા.

जे केइ पत्थिवा तुज्झ, नानमंति नराहिवा ।
वसे ते ठावइत्ताणं, तओ गच्छसि खत्तिया ॥३२॥

હે નરાધિપ! જે કોઈ રાજાઓ તમને નમતા ન હોય તેઓને વશ કરીને ત્યારપછી હે ક્ષત્રિય તમે જાઓ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेंदं इणमब्बवी ॥३३॥

આ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમી રાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આવું વચન બોલ્યા.

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ।।३४।।

જે દુર્જય એવા સંગ્રામને વિષે લાખો સુભટોને જીતે તે કરતાં જે એક આત્માને જ જીતે તો તેનો ઉત્કૃષ્ટ જય છે.

अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेवमप्पाणं, जइत्ता सुहमेहए ।।३५।।

આત્માની સાથે જ તું યુદ્ધ કર. બાહ્ય શત્રુઓની સાથે યુદ્ધ કરવાથી શું ફળ છે? કેવળ આત્મા વડે આત્માને જીતી સાધુ મુક્તિ સુખ પામે છે.

पंचिंदियाणि कोहं, माणं मायं–तहेव लोहं च ।
दुज्जयं चेव अप्पाणं, सव्वं अप्पे जिए जियं ।।३६।।

દુર્જય એવી પાંચે ઇન્દ્રિયો, ક્રોધ માનમાયા લોભ અને દુર્જય એવું મન એ સર્વ આત્મા જીતાયે સર્વ જીતાયા છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ।।३७।।

એ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત દેવેન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આવું વચન બોલ્યા.

जइत्ता विउले जन्ने, भोइत्ता समणमाहणे ।
दत्ता भोच्चा य जिट्ठा य, तओ गच्छसि खत्तिया ।।३८।।

વિસ્તીર્ણ એવા યજ્ઞો કરાવીને શ્રમણ બ્રાહ્મણને

ભોજન કરાવીને દાન આપીને ભોગો ભોગવીને તથા યજ્ઞો કરીને ત્યારપછી હે ક્ષત્રિય તમે જાઓ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेंदं इणमब्बवी ॥३९॥

એ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમિરાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આવું વચન બોલ્યા.

जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।
तस्सा वि संजमो सेओ, अदिंतस्स वि किंचण ॥४०॥

જે મનુષ્ય મહીને મહીને દશ લાખ ગાયોનું દાન આપે તે કરતાં કંઈ પણ દાન ન કરનારનું સંયમ વધારે પ્રશસ્ત છે સાધુ સર્વ ત્યાગીને નિકળ્યા છે. તે દાની ગૃહસ્થ કરતાં ઉત્તમ છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इमब्बवी ॥४१॥

એ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમિરાજર્ષીને દેવેન્દ્ર આ પ્રમાણે બોલ્યા.

घोरासमं चइत्ताणं अन्नं पत्थेसि आसमं ।
इहेव पोसहरओ, भवाहि मणुयाहिवा ॥४२॥

ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને બીજા ચારિત્ર આશ્રમને તમે સેવો છો તે શું યોગ્ય છે? આ સંસારમાં રહ્યા થકા તમે પૌષધવ્રતમાં રક્ત થાઓ તે ઉત્તમ છે.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देवेंदं इणमब्बवी ॥४३॥

એ અર્થ સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમિરાજર્ષી દેવેન્દ્રને આ પ્રમાણે બોલ્યા.

**मासे मासे तु जो बालो, कुसग्गेण तु भुंजए ।**
**न सो सक्खायधम्मस्स, कलं अग्घइ सोलसिं ॥४४॥**

જે બાળ અજ્ઞાની મહીને મહીને કુશના અગ્રભાગ પર રહે એટલું ભોજન કરે તે માણસ જિનપ્રરૂપીત મુનિની સોળમી કળાને પણ લાયક થાય નહિ.

**एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।**
**तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥४५॥**

એ અર્થ સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત દેવેન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આ પ્રમાણે બોલ્યા.

**हिरण्णं सुवण्णं मणिमुत्तं, कंसं दूसं च वाहणं ।**
**कोसं वड्ढावइत्ताणं, त्तओ गच्छसि खत्तिया ॥४६॥**

ઘડેલું સોનું, સુવર્ણ, મણિ, કાંસુ વિવિધ જાતના વસ્ત્રો વાહનો તથા ખજાનાની વૃદ્ધિ કરીને પછી હે ક્ષત્રિક તમે (મુનિ થાઓ) જાઓ.

**एयमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥४७॥**

એ અર્થ સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત નમિરાજર્ષી દેવેન્દ્ર પ્રત્યે આ પ્રમાણે બોલ્યા.

**सुवण्णरुपस्स ऊ पव्वया भवे,**
**सिया हु केलाससमा असंखया ।**

नरस्स लुद्धस्स न तेहिं किंचि,
इच्छा उ आगाससमा अणंतिया ॥४८॥
पुढवी साली जवा चेव, हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स, इइ विज्जा तवं चरे ॥४९॥

સુવર્ણ ને રૂપાના કદાચિત કૈલાસ પર્વત જેટલા અસંખ્ય પર્વતો હોય તે વડે લોભી મનુષ્યોને જરા પણ તૃપ્તિ થતી નથી. મનુષ્યની ઇચ્છા આકાશ તુલ્ય અનંતી છે. સમગ્ર પૃથ્વી, ધાન્ય, પશુ, સુવર્ણાદિ એકની તૃપ્તિ માટે સમર્થ નથી એમ જાણી ચારે પ્રકારનો તપ કરવો.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥५०॥

એ અર્થને સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત દેવેન્દ્ર નમિરાજર્ષી પ્રત્યે આ પ્રમાણે બોલ્યા.

अच्छेरयमब्भुदए, भोए चयसि पत्थिवा ।
असंते कामे पत्थेसि, संकप्पेण विहन्नसि ॥५१॥

હે પાર્થિવ! આ તો આશ્ચર્ય છે કે તમે આવા હોવા છતાં રમણીય ભોગોને તજો છો અને અવિદ્યમાન સ્વર્ગાદિકામભોગની ચાહના કરો છો એમાં તમારો દોષ નથી પણ અતિ લોભનો જ પરિણામ છે. વિવેકી મનુષ્ય લબ્ધને છોડી અલબ્ધનો અભિલાષ કરે નહિ.

एयमट्ठं निसामित्ता, हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥५२॥

એ અર્થ સાંભળીને હેતુ કારણ વડે પ્રેરીત દેવેન્દ્રને નમિરાજર્ષી આ પ્રમાણે બોલ્યા.

**सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा ।**
**कामे य पत्थेमाणा, अकामा जंति दोग्गइं ॥५३॥**

શબ્દાદિ કામ ભોગો શલ્યરૂપ છે. કામો વિષ જેવાં છે. કામો સર્પની ઉપમાવાળા છે. કામોની સ્તુતિ કરતા (ઝંખના) છતા પ્રાણીઓ કામની પ્રાપ્તિ રહિત દુર્ગતિમાં જાય છે.

**अहे वयइ कोहेणं, माणेणं अहमा गई ।**
**माया गई पडिग्धाओ लोभाओ दुहओ भयं ॥५४॥**

પ્રાણી ક્રોધ વડે નરકાદિ ગતિમાં જાય છે. માન વડે અધમગતિમાં, માયા વડે સારી ગતિનો નાશ થાય છે લોભથી બન્ને પ્રકારનો ભય પ્રાપ્ત થાય છે આ લોકને પરલોકમાં દુઃખ જ પ્રાપ્ત થાય છે.

**अवउज्झिऊण माहणरुवं, विरूविउण इंदत्तं ।**
**वंदइ अभित्थुणंतो, इमाहि महुराहि वग्गूहिं ॥५५॥**

તદનંતર ઇન્દ્રે બ્રાહ્મણ રૂપ બદલીને પોતાનું ઉત્તર રૂપ પ્રગટ કરી મધુર વાણી વડે સ્તુતિ કરતાં નમિરાજર્ષીને વંદન કર્યું.

**अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ ।**
**अहो निरक्किया माया, अहो लोभो वसीकओ ॥५६॥**

અહો તમે ક્રોધને જીત્યો, અહો તમે માનનો

પરાજય કર્યો, અહો તમે માયાને દૂર કરી, અહો તમે લોભને વશ કર્યો છે.

**अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।**
**अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा ॥५७॥**

અહો તમારૂં સરળતાપણું, તમારૂં માર્દવપણું, અહો તમારી ઉત્તમ ક્ષમા અને અહો તમારી ઉત્તમ નિર્લોભતા.

**इहं सि उत्तमो भंते, पच्छा होहिसि उत्तमो ।**
**लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ॥५८॥**

હે ભગવંત! તમે આ લોકને વિષે ઉત્તમ ગુણવાળા છો પરલોકમાં ઉત્તમ થશો કર્મ રહિત અત્યંત ઉત્કૃષ્ટ સિદ્ધિ સ્થાનને પામશો.

**एवं अभित्थुणंतो, रायरिसिं उत्तमाए सद्धाए ।**
**पायाहिणं करेंतो, पुणो पुणो वंदई सक्को ॥५९॥**

આ પ્રમાણે ઉત્તમ શ્રદ્ધા વડે નમિરાજર્ષીને સ્તુતિ કરતા તથા પ્રદક્ષિણા કરતા એવા શક્રેન્દ્રે વારંવાર વંદના કરી.

**तो वंदिऊण पाए, चक्कंकुसलक्खणे मुणिवरस्स ।**
**आगासेऽणुप्पइओ, ललियचलकुंडलतिरीडी ॥६०॥**

ત્યારપછી તે શ્રેષ્ટ મુનિના ચક્ર અને અંકુશાદિ ચિહ્નવાળા પાદને વાંદીને મનોહર અને ચપળ એવા મુકુટને ધારણ કરનાર ઇન્દ્ર આકાશ માર્ગે સ્વસ્થાને ગયા.

**नमी नमेइ अप्पाणं, सक्खं सक्केण चोइओ ।**
**चइऊण गेहं च वेदेही, सामण्णे पज्जुवट्ठिओ ॥६१॥**

સાક્ષાત્ શક્રેન્દ્ર વડે પ્રેરણા કરાએલા નમિરાજર્ષી પોતાના આત્માને નમ્ર કરતા હતા. વિદેહદેશના રાજા નમિઘરનો ત્યાગ કરીને ચારિત્રને વિષે ઉદ્યમવંત થયા.

एवं करेंति संबुद्धा, पंडिया पवियक्खणा ।
विणियट्टंति भोगेसु, जहा से नमी रायरिसि ॥६२॥

એ પ્રમાણે તત્ત્વના જાણકાર પંડિત અને પ્રવિચક્ષણ કરે છે તથા કામ ભોગો થકી પાછા ફરે છે તે નમિરાજર્ષી કામ ભોગથી નિવૃત્ત પામ્યા એમ હું કહું છું.

## નગ્નાતિ ચોથા પ્રત્યેકબુદ્ધનું ચરિત્ર

આ ભરતક્ષેત્રમાં પુંડવર્ધન નામે નગરમાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ગાંધારદેશના રાજાએ ઘોડા ભેટ તરીકે મોકલ્યા. આ બે ઘોડાની પરીક્ષા કરવા એક ઘોડા ઉપર રાજા બેઠો અને બીજા ઘોડા ઉપર બીજો પુરુષ બેઠો તેને સાથે લઈ તેમજ બીજા પણ સેંકડો ઘોડેસ્વારોથી પરિવરેલ રાજા ઉદ્યાનમાં ગયા. ત્યાં રાજાએ પોતાના ઘોડાની પરીક્ષા કરવા ઘોડાને પૂર્ણ ગતિમાં છોડ્યો. આ ઘોડો વેગથી નિકળી પડ્યો. રાજા જેમ જેમ ચોકડુ ખેંચતા જાય છે તેમ તેમ વાયુ જેવા વેગથી ઘોડો દોડ્યો જાય છે.

રાજાને લઇને તે ઘોડો મોટા જંગલમાં પેઠો. થાકેલા રાજાએ ચોકડું છોડી દીધું એટલે ઘોડો ઉભો રહ્યો ત્યારે રાજાએ એ ઘોડાને વિપરીતપણે જાણ્યો. રાજા ઘોડા

પરથી ઉતરી ચાલવા માંડ્યો. ઘોડાને પાણી પાઈ એક ઝાડે બાંધી ફળાદિકથી આહારવૃત્તિ કરી. પછી પર્વત ઉપર ચઢ્યા. ત્યાં સુંદર પ્રદેશમાં એક મોટો આવાસ જોઈ કુતુહલથી રાજા તેમાં પેઠો ત્યાં એકલી કન્યા પવિત્ર ગાત્રવાળી જોઇ.

તે કન્યાએ રાજાને આવતા જોઈ ઘણો જ હર્ષ પામી બેસવા આસન આપ્યું. રાજાએ તેણીને જ્યારે પુછ્યું કે તમે કોણ છો. અને આ પર્વતમાં કેમ વાસ કરો છો. અને આ રમણીય ધામ શું છે? ત્યારે કન્યાએ કહ્યું કે હે રાજન્! પહેલાં આપ મારૂં પાણિગ્રહણ કરો. હમણાં ઉત્તમ લગ્નવેળા છે, તો મને પરણો. પછી હું મારો સઘળો વૃત્તાંત કહીશ. કન્યાનાં આવાં વચન સાંભળી તેણીની સાથે પુજિત જિનબિંબને પ્રણામ કરી રાજા તેણીને પરણ્યા. તે વારે તે કન્યા રાજાને માટે વિવિધ પ્રકારના ભોગોપચાર કરવા લાગી. અને પોતાની વિવિધ ભક્તિ દર્શાવવા લાગી. પછી રાજાના કહેવાથી તેણીએ પોતાનો પૂર્વભવ નીચે મુજબ વિસ્તારથી કહી સંભળાવ્યો.

ક્ષિતિપ્રતિષ્ઠિતનગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. એક વખતે તેણે સર્વ ચિત્રકારોને બોલાવી સભાગૃહની ભીંતો ચીતરવા માટે સર્વ ચિત્રકારોને સરખા ભીંતોના ભાગ નીમી દીધા. તેથી દરેક ચિત્રકાર પોતપોતાને ભાગે સોંપેલા ભીંતના પ્રદેશોને દઢ ઉદ્યમથી ચીતરવા માંડ્યા. તેમાં એક વૃદ્ધ ચિત્રકાર સકળ ચિત્રકળાનો જાણકાર

હતો. તેણે પોતાના ભાગે આવેલ ભીંતના વિભાગને ચીતરવાનો આરંભ કર્યો, પોતે સહાય રહિત હોઈ હંમેશાં તેને ઘરેથી તેની કનકવતી નામે અતિ રૂપવતિ કન્યા ભાત લઇને આવતી.

એક વખત તે કન્યા ભાત લઇને આવતી હતી ત્યાં રાજમાર્ગમાં એક ઘોડેસ્વારને દીઠો. આ ઘોડેસ્વાર બાળક, સ્ત્રી, ગરીબ અશક્ત વગેરે જનોથી સંકીર્ણ રાજમાર્ગમાં ઘોડાને વેગથી હાંકતો હતો. તેના ભયથી લોકો આમ તેમ નાસભાગ કરતા હતા. આ કન્યા પણ એક બાજુ ભાગીને ઉભી રહી તેથી થોડી વાર પછી ત્યાં આવી ભાત પાણી લઇને આવતી પુત્રીને જોઈને પેલો વૃદ્ધ ચિત્રકાર શૌચ કરવા બહાર ગયો.

તે વારે કન્યાએ ભાત પાણીનાં ઠામ એક ઠેકાણે મુકી ભીંતના એક છેડામાં રંગની પીછી વતી એક મોર પીંછું ચિતર્યું. થોડીવારમાં રાજા ત્યાં આવ્યા. તેણે ભીંતો ઉપરના ચિત્રો જોતાં આ કુમારીકાએ ચીત્રેલું મોરપીંછ જોયું. તે સાચું માની લેવા માટે હાથ નાખ્યો. તે ભીંત સાથે અથડાયો. તેથી તેનો નખ જરા ભાંગતાં રાજા ભોંઠો પડ્યો. તેને જોઇ આ કોઈ સામાન્ય પુરુષ હશે. એમ જાણી ચિત્રકારની પુત્રીએ કહ્યું કે મને ચોથો પાદ આ જ તમે જડ્યા.

રાજાએ કહ્યું પહેલાં ત્રણ પાદ કયા તને મળ્યા છે. અને હું ચોથો કેવી રીતે મળ્યો. તેણીએ કહ્યું કે

સાંભળો ! આજે મેં રાજમાર્ગમાં ઘોડો દોડાવતો બાળ, સ્ત્રી, અશક્ત જનોને ત્રાસ આપતો એક માણસ જોયો તે મૂર્ખતાનો પહેલો પાદ તે પછી અહિંનો રાજા કે જેણે કુટુંબ સહિત ચિત્રકારોની સાથે મારા વૃદ્ધ પિતાને સરખો ભાગ ચિતરવા આપ્યો તે બીજો પાદ હું રોજ ભાત લઈને આવું ત્યારે મારા પિતા જંગલ જવા બહાર નિકળે છે. તે ત્રીજો પાદ અને આ ભીંતમાં ચિત્રેલા મોરપીંછ લેવા હાથ નાખનાર તમે ચોથો પાદ એટલો પણ વિચાર ન કર્યો કે ચકચકતી ભીંત પર નિરાધાર મોરપીંછ કેમ રહી શકે. આવી તેણીની વાક ચાતુરીથી રંજીત થએલા રાજાએ તે કન્યાને પરણવાની ઈચ્છાથી પોતાના મંત્રીને તેણીના પિતા પાસે માગું કરવા મોકલ્યો. પિતાએ આપવા હા પાડી તેથી સારૂં મુહૂર્ત જોવડાવી રાજા તે કન્યાને પરણ્યા. રાજાએ તેને વસ્ત્રાભૂષણ આપી સર્વ રાણીઓમાં મુખ્ય બનાવી. તેણીએ એક વખત મદનાદાસીને એકાંતમાં કહ્યું કે, જ્યારે રાજા મારી સાથે ક્રિડા કરીને સુઈ જાય ત્યારે તારે આવી મને પૂછવું કે "કથા કહેશો" દાસીએ કહ્યું "ભલે તેમ કરીશ" તે દિવસે આ રાણીનો વારો હોવાથી રાજા તેણીના મહેલે પધાર્યા ને ક્રિડા કરી સુવાની તૈયારી કરી કે મદનાદાસી આવી રાણીને કહેવા લાગી કે "કથા વાર્તા કહેશો" રાણીએ કહ્યું કે રાજા ઉંઘી જાય પછી કથા કહીશ. આ વાત રાજા સાંભળી ગયા. એટલે કથા સાંભળવાની ઇચ્છાથી ઉંઘવાનો ડોળ કર્યો. દાસીએ કહ્યું કે, રાજા પોઢી ગયા છે હવે વાર્તા કહો.

રાણીએ વાર્તા શરૂ કરી. મધુપુરમાં વરૂણ નામે શેઠે એક હાથ પ્રમાણનું દેવાલય કરાવી તેમાં ચાર હાથની મૂર્તિની સ્થાપના કરી. તે દેવ શેઠને મનમાં ધારે તે પદાર્થ આપતા. વચમાં દાસી બોલી કે એક હાથના દેવળમાં ચાર હાથની મૂર્તિ કેમ માય. રાણીએ કહ્યું. તેનું રહસ્ય કાલે કહીશ. આજ તો નિદ્રા આવે છે તેથી સુઈ જઈશ. એમ કહી રાજાના પલંગ પાસે ભૂમિ પર સુઇ ગઈ. દાસી પોતાને ઘેર ગઇ. રાજાએ વિચાર્યું કે કાલ રાત્રે મારે એ વાર્તા સાંભળવી. એટલે બીજે દિવસે પણ રાજા તેણીના મહેલે આવ્યો. અને ક્રીડા કરી કપટ નિદ્રાએ સૂતો. દાસીએ આવી કાલની વાર્તા પૂરી કરવા રાણીને કહ્યું. રાણી બોલ્યાં કે એક હાથના દેવળમાં જેના ચાર હાથ છે એવી મૂર્તિ સમજવી. હવે તું બોલ કે એવી ચાર હાથવાળી મૂર્તિ માય કે નહિ ? ત્રીજે દિવસે પણ રાજા કથા સાંભળવા તેણીના મહેલે આવ્યો અને ક્રીડા કરી કપટ નિદ્ર એ સૂતો. દાસીએ આવી કહ્યું કે, કથા સંભળાવો.

રાણી બોલ્યાં કે, વિંધ્યાચળ પર્વતમાં એક રાતા અશોકનું વૃક્ષ હતું. તેના પાંદડાં ઘાટાં હતાં પણ છાયા નહોતી. દાસીએ કહ્યું પાંદડાં હોય તો છાયા કેમ ન હોય. રાણીએ કહ્યું એ વાતનું રહસ્ય કાલે કહીશ. ચોથે દિવસે રાજા તે વાતનું રહસ્ય સાંભળવા રાણીના મહેલે આવ્યો અને ક્રીડા કરી કપટ નિદ્રાએ સૂતો. દાસીએ આવી રાણીને કથા પૂરી કરવા કહેતાં રાણીએ કહ્યું કે, તે વૃક્ષ સૂર્યના

તડકાથી તપતું હતું તેના મસ્તક પર છાયા ન હતી. પણ નીચે હતી. રાજા કથાનો રસીયો બની રોજ તેના મહેલે આવવા લાગ્યો. અને રાણી દરરોજ નવી નવી વાર્તા હાસીને સંભળાવતી. એમ કરતાં છ મહિના વીતી ગયા. તેથી તેની બીજી રાણીઓ ઈર્ષ્યાથી નવી રાણીનાં છિદ્ર જોવા લાગી. આ ચિત્રકારની પુત્રી કનકમંજરી રાણી રોજ મધ્યાહ્ન સમયે એકાંતમાં પોતાના ઓરડામાં કમાડ બંધ કરી એકલી પોતાનાં પહેલાના જુનાં વસ્ત્ર પહેરી પોતાના આત્માને નિંદતી કે હે આત્મા ! હમણાં રાજાની પ્રસન્નતાથી ઉત્તમ અવસ્થા મળી છે તેનો ગર્વ કરીશ નહિ. એમ પોતાના આત્માને શિખામણ આપતી હતી, પણ બીજી રાણીઓએ રાજાને કહ્યું કે નવી રાણી તમારા પર કામણ કરે છે. મધ્યાન્હે તેના ઘરમાં જઇને નજરે જુવો તો ખબર પડશે. રાજાએ તપાસ કરતાં તેણીને પોતાના આત્માને શિખામણ દેતી જોઈ હર્ષ પામ્યા. અને તેણીને પટ્ટરાણી બનાવી. વાર્તા વિનોદમાં રાજા દિવસો ગાળતો હતો.

એક વખત તે નગરમાં વિમળાચાર્ય નામે સાધુ આવ્યા. તેમને વંદન કરવા રાજા રાણી આવ્યા. તેમની દેશના સાંભળી રાજા રાણીએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. એક વખત તે રાણી કનકમંજરીએ તેના પિતાને પંચ-પરમેષ્ટિ નમસ્કારમંત્રનો ઉપદેશ દીધો. તે મરીને વ્યંતર થયો. કાળાંતરે તે રાણી પણ મૃત્યુ પામીને દેવી થઈ. દેવલોકમાંથી ચ્યવીને તે દેવી વૈતાઢ્ય પર્વત પર તોરણપુરમાં દૃઢશક્તિ વિદ્યાધરની કનકમાળા નામે પુત્રી થઈ. તે જ્યારે

યુવાવસ્થામાં આવી ત્યારે તેને જોઈને કામાતુર થએલ વાસવ નામે વિદ્યાધર તેણીનું હરણ કરી પર્વત પર મૂકી વિદ્યાના બળથી વિવાહને યોગ્ય સર્વ સામગ્રી એકઠી કરી ગાંધર્વ વિધિથી તેને પરણવાની તૈયારી કરે છે તેટલામાં કનકમાળાનો મોટો ભાઈ બ્હેનને શોધતો ત્યાં આવ્યો. ને વાસવ વિદ્યાધર સાથે યુદ્ધ કરવા લાગ્યો. પરસ્પર લડીને બન્ને મૃત્યુ પામ્યા. ત્યારે એક દેવે આવી કનકમાળાને કહ્યું કે, હે પુત્રી ! ભાઈનો શોક મૂકી તારૂં ચિત્ત સ્વસ્થ કર. આ સંસાર એવો જ છે. તું પૂર્વભવમાં મારી પુત્રી હતી. હવે તું અહિં જ સ્થિતિ કર. તારૂં હું શુભ કરીશ.

કનકમાળાએ વિચાર્યું કે આ દેવને મારા પર સ્નેહ થાય છે તેમ મને પણ તેમના પર સ્નેહ થાય છે. તો નક્કી તે મારા પૂર્વભવના પિતા ચિત્રકાર હશે. એટલામાં તે કનકમાળાનો પિતા દૃઢશક્તિ વિદ્યાધર પુત્ર પુત્રીને શોધતો ત્યાં આવ્યો તેણે વાસવ વિદ્યાધર અને પોતાના પુત્રને મરેલા જોયા. સાથે પોતાની પુત્રીનું છેદાયેલ મસ્તક જોયું. એટલે વિચારવા લાગ્યા કે, આ ત્રણેનું મૃત્યુ થયું. જગત્ સ્વપ્ન સમાન છે આવું વિચારતાં તેમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. અને વૈરાગી બનતાં શાસનદેવીએ સાધુ-વેશ આપ્યો. એટલે તેઓ યતિ થયા. પેલો વ્યંતર પુત્રી સહિત આ ચારણશ્રમણને નમ્યો ત્યારે પુત્રીને જીવતી જોઈ ચારણશ્રમણે વ્યંતરને પૂછ્યું કે શું મેં ઈન્દ્રજાળ દીઠી ! વ્યંતરે કહ્યું કે, તમારો પુત્ર ને શત્રુ મરી ગયા. અને આ કન્યા તો જીવતી છતાં પણ તમને મુએલી

બતાવી. મુનિએ કહ્યું શું તેં માયા કરી? વ્યંતરે કહ્યું કે, તેનું કારણ કહું તે સાંભળો.

આ કન્યા પૂર્વે જિતશત્રુ રાજાની પત્ની હતી. અને હું તેનો ચિત્રાંગદ નામે પિતા હતો. પૂર્વભવે અંત સમયે તેણે મને નવકારમંત્ર સંભળાવ્યો. તેના પ્રભાવે હું વ્યંતર થયો. અને તે મરીને દેવી થઈ. ત્યાંથી ચ્યવી તારી પુત્રી થઈ છે. વાસવ વિદ્યાધર તેનું હરણ કરી અહિં લાવી તેને પરણવાની તૈયારી કરતો હતો. તેટલામાં તેના મોટા ભાઇ કનકતેજે આવી વાસવ વિદ્યાધર સાથે યુદ્ધ કર્યું. બન્ને પરસ્પર લડી મૃત્યુ પામ્યા. તે વખતે ભાઈના મરણથી તે શોક કરવા લાગી. બીજે દિવસે યાત્રાર્થે આવેલા મેં તેને દીઠી. હું તેને આશ્વાસન આપતો હતો, તેટલામાં તમે આવ્યા. મેં વિચાર્યું કે, તેના પિતાની સાથે તે ન જાય તો સારૂં એમ વિચારી મેં તેણીને મુએલી બતાવી હતી. મુનિએ કહ્યું કે, તમે જે માયા કરી તે તો મને ઉપકાર કરનાર થઇ. તેં મારો કંઇ અપરાધ કર્યો નથી. એમ કહી મુનિ વ્યંતરને ધર્માશીષ આપી અન્યત્ર વિહાર કરી ગયા.

કન્યાને જાતિસ્મરણ થતાં તેના પિતા વ્યતંરને કહેવા લાગી કે મને મારા પૂર્વભવના પતિ મેળવી દ્યો. વ્યંતરે કહ્યું કે તે તારા પૂર્વભવનો પતિ જિતશત્રુ રાજા મરીને દેવ થયો હતો. ત્યાંથી ચ્યવીને હાલમાં સિંહરથ નામે રાજા થએલ છે. તે ગંધારદેશમાં આવેલ પુંડ્રવર્ધન નગરથી ઘોડાથી હરણ કરાએલો અહિં આવશે. અને વિવાહની સામગ્રી તૈયાર હોવાથી તને પરણશે. તે આવે ત્યાં સુધી

તારે અહિં જ રહેવું. એમ કહીને તે વ્યંતર શાશ્વતતીર્થોને વંદન કરવા ચાલ્યો ગયો છે. આ સર્વ હકીકત કહીને તે કન્યા રાજા પ્રત્યે બોલી કે હે સ્વામી! મારા સદ્ભાગ્યથી આપ ખેંચાઇને આવ્યા છો. સિંહરથ રાજાએ પૂર્વભવના સસરા વ્યંતરને યાદ કરતાં તેણે આવી રાજાની સકળ વાંછના પૂરી કરી. એક માસ સુધી તે પર્વત પર રહ્યા. પછી રાણીને કહ્યું કે, હું હવે મારા નગરમાં જવા ઇચ્છું છું. રાણીએ કહ્યું કે, જો તમે અહિં રહી શકો નહિ તો મારી પાસેથી આકાશગામીની વિદ્યા ગ્રહણ કરો. તેથી તમો સુખેથી આવ જા કરી શકશો. સિંહરથ રાજાએ તે વિદ્યા-ગ્રહણ કરી. પછી રાણીની રજા લઇ રાજા પોતાના નગરે આવ્યો. ત્યાં થોડો વખત રહી પાછા પર્વત પર આવ્યા. આમ પર્વત પર આવ જા કરવાથી લોકોમાં તેમનું નગાતિ નામ પ્રસિદ્ધ થયું.

એક વખતે તે રાજાને વ્યંતરે કહ્યું કે, હું મ.રા સ્વામીની આજ્ઞાથી દેશાંતર જવાનો છું. તો તમો મારી પુત્રીને લઈ જઈ પર્વતને શૂન્ય કરશો નહિ. એમ કહી વ્યંતર સ્વસ્થાને ગયો. રાજાએ તે પર્વત પર મોટું નગર વસાવી તેનું નગાતિપુર નામ સ્થાપી રાણીની સાથે સુખેથી રહેતો હતો. એક વખતે નગાતિપુરની સમીપે વસંતોત્સવ જોવા નિકળ્યા. ત્યાં માર્ગમાં આંબાની મંજરીથી ખીલેલો આંબો જોયો. તેમાંથી એક મંજરી રાજાએ તોડીને લીધી. રાજાનું અનુકરણ બધી પ્રજાએ કર્યું. બીજે દિવસે આંબાને મંજરી વગરનો શુષ્ક જોઈ રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો.

અનિત્ય ભાવના ભાવતા બોધ પામી ચારિત્ર લેવા તૈયાર થતાં શાસનદેવતાએ સાધુવેશ આપ્યો. તેઓ વિહાર કરી દેવકુળમાં આવ્યા.

## અધ્યયન દશમું

આ ભારતવર્ષમાં પૃષ્ટ ચંપા નામે નગરીમાં શાલ નામેરાજા અને મહાશાલ નામે યુવરાજ બન્ને ભાઈઓ હતા. તેમને યશોમતિ નામે બ્હેન હતી. તે પીઠર સાથે પરણાવી હતી. તેણીને ગાંગલી નામે પુત્ર થયો હતો.

એક સમયે મહાવીર પ્રભુ પૃષ્ટ ચંપા નગરીના ઉદ્યાનમાં સમોસર્યા શાલરાજા, યુવરાજ મહાશાલ તથા સકળ પરિવાર સાથે પ્રભુને વંદન કરવા આવ્યા. વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠા. પ્રભુએ ચારે ગતિના દુઃખોનું વર્ણન કરી કહ્યું કે, મનુષ્ય જીવનમાં ધર્મની સામગ્રી મળવી ઘણી દુર્લભ છે. સંસાર પરિભ્રમણના હેતુ કષાયો છે. તેનો ત્યાગ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વૈરાગ્યમય દેશના સાંભળી શાલ રાજાએ કહ્યું કે, હું સંસારથી કંટાળ્યો છું તો જ્યાં સુધી મારા ભાઈને રાજ્ય પર સ્થાપન કરી પાછો ન આવું ત્યાં સુધી આપ સ્થિરતા કરશો. પ્રભુએ કહ્યું કે, પ્રતિબંધ ન કરશો. એટલે સારા કામમાં વિલંબ કરશો નહિ. શાલ રાજાએ મહાશાલને રાજ્ય સંભાળવા કહેતાં તેમણે ચોકખી ના પાડી. અને કહ્યું કે, હું પણ તમારી સાથે જ દીક્ષા લઈશ. તેથી ભાણેજ ગાંગલીને રાજ્ય પર સ્થાપી બન્ને ભાઈઓએ પ્રભુ પાસે આવી દીક્ષા લીધી.

તે વખતે યશોમતીબ્હેને પણ દેશવિરતીધર્મ સ્વિકાર્યો. પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા. શાલ મહાશાલ મુનિઓ અગ્યાર અંગ ભણી ગીતાર્થ થયા. રાજગૃહી આદિ નગરીઓમાં વિહાર કરતા પ્રભુ પરિવાર સાથે ચંપાનગરીમાં આવ્યા. ત્યાં શાલ અને મહાશાલ મુનિએ પ્રભુને વંદન કરી કહ્યું કે, આપની આજ્ઞા હોય તો પૃષ્ટ ચંપામાં જઈ કોઈને પ્રતિબોધ આપીએ. પ્રભુએ ગૌતમસ્વામીને તેમની સાથે મોકલ્યા. ગાંગલી રાજાને ખબર પડતાં પોતાના માતા-પિતાને લઈ વંદન કરવા આવ્યા. વંદન કરી દેશના સાંભળવા બેઠા. ગૌતમસ્વામીની વૈરાગ્યમય દેશના સાંભળી રાજાએ કહ્યું કે, હું મારા પુત્રને રાજ્ય સોંપી આપની પાસે દીક્ષા લઇશ. એમ કહી ઘેર જઈ માતાપિતાને તે વાત કહી. તેઓએ કહ્યું કે, અમે પણ તમારી સાથે જ દીક્ષા લઇશું. પછી પુત્રને રાજ્ય સોંપી ત્રણે જણાએ ગૌતમ-સ્વામી પાસે દીક્ષા લીધી.

ગૌતમસ્વામી બધાને લઈ પ્રભુ પાસે આવવા નિકળ્યા. માર્ગમાં શુભ અધ્યવસાયથી શાલમહાશાલ મુનિઓને કેવળ-જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાંથી આગળ જતાં શુભધ્યાનથી પીઠર ગાંગલી તેમજ યશોમતીને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ગૌતમસ્વામીએ પ્રભુ પાસે જઇ તેમના ચરણમાં પ્રણામ કર્યો. પણ પેલા પાંચે જણા તો પ્રભુને પ્રદક્ષિણા આપી તીર્થને પ્રણામ કરી કેવળી પર્ષદા તરફ જવા લાગ્યા. ત્યારે ગૌતમસ્વામીએ પડકાર કરી કહ્યું કે, હે શિષ્યો! ક્યાં જાઓ છો ? આ તીર્થંકરને વંદન કરો. પ્રભુએ કહ્યું કે, હે

ગૌતમ ! કેવળીની આશાતના ન કરો. આ સાંભળી ગૌતમ-સ્વામી કેવળીઓને ખમાવવા લાગ્યા. અને મનમાં દુભાતા વિચારવા લાગ્યા કે, મને તો કેવળજ્ઞાન થયું નહિ તે પહેલાં શિષ્યોને થઇ ગયું.

તે વખતે દેવોને પરસ્પર સંલાપ થયો કે જે મુનિવર પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર્વતના ચૈત્યોને વંદન કરે તે આ જ ભવે સિદ્ધિને પામે. આ સાંભળી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યું કે, હું અષ્ટાપદના ચૈત્યોને વંદન કરવા જાઉ ? પ્રભુએ કહ્યું ભલે ! જાઓ ને ચૈત્યોને વાંદો. આજ્ઞા મળતાં પ્રભુને વંદન કરી અષ્ટાપદ તરફ ચાલ્યા. તેમની પહેલાં કૌડિન્ય, દિન્ન અને સેવાલ નામે તાપસો પાંચસો પાંચસોના પરિવારે અષ્ટાપદે ગએલાં. તેમાં કૌડિન્ય પરિવાર સહિત એકાંતર ઉપવાસ કરી પારણે કંદમૂળનો આહાર કરતા અષ્ટાપદની પ્રથમ મેખલાએ રહ્યા હતા. બીજા દિન્ન તાપસ પરિવાર સહિત છઠ્ઠછઠ્ઠના પારણે પાકીને ખરી ગએલાં પાંદડાંનું ભક્ષણ કરતા બીજી મેખલાએ પહોંચ્યા હતા. ત્રીજા સેવાળ તાપસ પરિવાર સહિત અઠ્ઠમ અઠ્ઠમના પારણે સેવાળ ખાતા. અષ્ટાપદની ત્રીજી મેખલાએ પહોંચ્યા હતા.

ગૌતમસ્વામી તો અષ્ટાપદ પર્વતે આવી સૂર્યના કિરણોનું અવલંબન લઇ ચઢવા લાગ્યા. ત્યારે તે તાપસો વિચારવા લાગ્યા કે અમે તપસ્વી છતાં આગળ ચઢી શકતા નથી તો આ સ્થૂળ શરીરવાળા કેવી રીતે ચઢશે. તેમ વિચારતા હતા તેટલામાં તો ગૌતમસ્વામી ઉપર ચઢી ગયા. આ જોઈ તેમણે વિચાર્યું કે, તેઓ ઉતરશે ત્યારે તેમના

શિષ્યો થઇશું. ગૌતમસ્વામીએ ચોવીશે તીર્થંકરોની પ્રતિમાઓને જગચિંતામણી સૂત્ર બોલીને વંદન કર્યું. અને પૂર્વ દિશા તરફ આવેલ શીલાપટ્ટ પર અશોકવૃક્ષની નીચે રાત્રિ નિવાસ કર્યો. તે વખતે તીર્થયાત્રા કરવા આવેલ ઇન્દ્રના લોકપાળ વૈશ્રમણદેવ પણ ચૈત્યને વંદન કરી ગૌતમસ્વામી પાસે આવ્યા ને વંદન કરી ને બેઠા. ત્યારે ગૌતમસ્વામીને દેવ, ગુરુ ધર્મતત્ત્વ સમજાવતાં ગુરુતત્ત્વનું વર્ણન કરતા કહ્યું કે, મુનિઓ અંતપ્રાંત આહાર કરી માંસ રૂધિર સુકવી દુબળા શરીરવાળા થાય છે. અને આત્માને બળીઓ બનાવે છે. તે સાંભળી વૈશ્રમણને શંકા થઈ કે, આ સાધુનું શરીર તો પુષ્ટ અને કાન્તિવાળું દેખાય છે અને વર્ણન જુદી રીતે થાય છે.

બીજાના મનના પરિણામોને જાણનારા ચઉનાણી ગૌતમસ્વામી દેવના મનની શંકા જાણી ગયા. તેનું નિવારણ કરવા પુંડરીક કંડરીક અધ્યયન કહી બતાવ્યું. પુષ્કલાવતીવિજયમાં પુંડરીકિણીનગરીમાં મહાપદ્મ રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્મવતી રાણીથી પુંડરીક અને કંડરીક નામે બે પુત્રો થયા હતા. પિતાનું અવસાન થતાં પુંડરીક રાજા થયો અને કંડરીક યુવરાજ થયો.

એક સમયે ત્યાં વૃદ્ધ સાધુઓ આવ્યા ને નલીનીવન નામે ઉદ્યાનમાં રહ્યા. પુંડરીક રાજા કંડરીકને લઇને વંદન કરવા આવ્યા. વંદન કરી દેશના સાંભળી પુંડરીકે શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને કંડરીક બોધ પામી ચારિત્ર લેવા તૈયાર થયા ત્યારે પુંડરીકે કહ્યું કે, હું આજે જ તારો

રાજ્યાભિષેક કરૂં છું તો હમણાં દીક્ષા લઇશ નહિ. રાજ્યનું પાલન કર ને રાજ્ય સુખ ભોગવ. સંયમ પાળવું ઘણું કઠીન છે. એમ સમજાવ્યા છતાં કંડરીક તો મક્કમ રહ્યા અને દીક્ષાનો આગ્રહ મુકયો નહિ. ત્યારે પુંડરીકે મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી. પછી તે સ્થવિર મુનિઓ પાસે અગ્યાર અંગ ભણ્યા. કંડરીક મુનિ તપસ્યા કરતાં અને પારણામાં તુચ્છ આહાર વાપરતાં તેમને દાહજ્વરાદિ રોગો થયા. તે સમભાવે સહન કરતા સ્થવિરો સાથે વિહાર કરવા લાગ્યા.

એક વખતે સ્થવિરો સાથે કંડરીક મુનિ વિહાર કરતા પુંડરિકિણી નગરીના ઉદ્યાનમાં આવ્યા. પુંડરીક રાજા વંદના કરવા આવ્યા. દેશના સાંભળી પછી કંડરીક મુનિને વંદન કર્યું. ત્યારે તેમનું શરીર રોગવાળું જોઈ સ્થવિરોને કહ્યું કે, જો આપની આજ્ઞા હોય તો કંડરીક મુનિની દવા કરાવું !

આપ અમારી યાનશાળ માં સ્થિરતા કરો. સ્થવિરોએ સંમતિ આપતાં ઔષધોપચાર કરી કંડરીકને રોગ રહિત કર્યો. પછી સ્થવિરો વિહાર કરવા તૈયાર થયા. પણ કંડરીક આહારમાં લોલુપી બની ત્યાં જ રહેવા લાગ્યો. આ જોઈ પુંડરીકે આવી કંડરીક મુનિનાં વખાણ કરી છેવટે કહ્યું કે, વહેતા પાણી નિર્મળા. ફરી પણ જરૂર લાભ આપશો. પછી કંડરીકે શરમાઇને સ્થવિરો સાથે વિહાર કર્યો

સંયમ પાળવામાં શિથિલ બનેલા કંડરીક મુનિ ધીમે-ધીમે સ્થવિરોથી છૂટા પડી પુંડરિકિણી નગરે આવ્યા. અને

અશોકવાટીકામાં ઉદ્વિગ્ન થઇને શીલાપટ્ટ પર બેઠા. પુંડરીક રાજાએ આવી વંદન કરી તેમનાં વખાણ કર્યાં પણ કંડરીકને તેમનાં વચન ગમ્યાં નહિ. ત્યારે પુંડરીકને લાગ્યું કે, આ તો સર્વથા સંયમથી ભ્રષ્ટ થઇને આવ્યા છે. એટલે કહ્યું કે, તમો જો વિષયો ભોગવવા ઈચ્છતા હો તો આ રાજ્ય ગ્રહણ કરો. કંડરીકે તે વાત સ્વીકારતાં તેને નગરમાં લઇ જઈ રાજ્યાભિષેક કર્યો. અને પોતે સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કરી સંયમ ગ્રહણ કર્યો. કંડરીકનાં પાત્રા ને ઉપકરણ લઈ સ્થવિરો પાસે જઈ ચારિત્ર લીધું.

કંડરીકે રાજગૃહમાં જઈ તે જ દિવસે સરસ આહાર પેટ ભરીને ખાધો. તે તેમના શરીરમાં પચ્યો નહિ. અને પેટમાં શૂળ ઉત્પન્ન થયું. મંત્રી સામંતવર્ગ તેમની પાસે આવ્યો નહિ. આથી કંડરીક રાજા આર્તરૌદ્ર ધ્યાનમાં પડી મરણ પામી સાતમી નરકે ગયા. પુંડરીક મુનિએ અટ્ઠમ કરી પારણે શીત અને રૂક્ષ આહાર વાપરતાં શરીરમાં મહા વેદના થઇ. તે સમભાવે સહન કરવાપૂર્વક અનશન કરી ચઉ શરણપૂર્વક કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાને ઉત્પન્ન થયા.

આ વાત કહી વૈશ્રમણને કહ્યું કે, દુર્બળ શરીર સંયમ સાધક છે અને પુષ્ટ શરીર સંયમને બાધક છે એમ ન સમજવું પણ જેનું શુભધ્યાન છે તે આરાધક છે. અને અશુભ ધ્યાનવાળો વિરાધક છે એમ સમજવું. આ પ્રમાણે વૈશ્રમણની શંકાનું નિવારણ થતાં તેઓ વંદન કરી

સ્વસ્થાને ગયા. પ્રભાતમાં ગૌતમસ્વામી ચૈત્યોને વંદન કરી અષ્ટાપદ પર્વત પરથી ઉતર્યા, ત્યારે પેલા તાપસોએ કહ્યું કે, તમે અમારા ગુરુ થાઓ. અમે તમારા શિષ્યો થવા ઇચ્છીએ છીએ.

ગૌતમસ્વામી બોલ્યા કે, મારા ધર્માચાર્ય ત્રણે લોકના સ્વામી મહાવીર પ્રભુ છે. ત્યારે તાપસો બોલ્યા કે, વળી આપના પણ ગુરુ છે. ગૌતમસ્વામીએ કહ્યું કે, તેઓ સર્વજ્ઞ, સર્વદર્શી સકળ સુરાસુર જેના કિંકર બની સમવસરણની રચના કરે તે તેના પર બેસી ધર્મોપદેશ આપે છે. જેમના ઉપર છત્રત્રય શોભી રહ્યાં છે અને દેવો ચામર વીંઝે છે. ચોત્રીસ અતિશયવાળા છે તેઓ મારા ગુરુ છે. આ સાંભળી તે તાપસો સમકિત પામ્યા. અને તેમની પાસે દીક્ષા લીધી. શાસનદેવોએ સાધુવેશ આપ્યો. પછી તેઓને સાથે લઇ કોઇ ગામમાં ગયા.

શિષ્યોને કહ્યું કે, તમને જે ભોજન રૂચે તે લાવું. તેઓએ ખીર મંગાવી. ગૌતમસ્વામી અક્ષીણ મહાનસ લબ્ધિવાળા હોવાથી કોઇ ગૃહસ્થને ત્યાંથી ખીર વહોરી લાવ્યા. પછી પંદરસો ત્રણ શિષ્યોને સાથે બેસાડી એક જ પાત્રામાં લાવેલી ખીરમાં અંગુઠો નાખી બધાને પીરસી છતાં પાત્રું ખાલી થયું નહિ. સેવાળ પ્રમુખ પાંચસો શિષ્યોને ભોજન કરતાં કરતાં જ શુભ ભાવનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, દિન્ન આદિ પાંચસો શિષ્યોને સમોવસરણને આઠ પ્રાતિહાર્ય દૂરથી જોતાં જ શુભ ભાવનાથી કેવળજ્ઞાન થયું. કૌડિન્ય વગેરે પાંચસો શિષ્યોને પ્રભુનું દર્શન

થતાં જ કેવળજ્ઞાન થયું. ગૌતમસ્વામીએ સમોવસરણમાં આવી ભગવંતને વંદન કર્યું. ત્યારે પેલા પંદરસો ત્રણ શિષ્યો તો પ્રભુને પ્રદક્ષિણા કરી કેવળી પર્ષદા તરફ ચાલવા લાગ્યા.

ગૌતમસ્વામીએ તેમને બોલાવી પ્રભુને વંદન કરવા કહ્યું. ત્યારે મહાવીર પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! કેવળીની આશાતના ન કરો. આ સાંભળી ગૌતમસ્વામીએ તે સર્વેને મિથ્યા દુષ્કૃત આપી ખમાવ્યા. પણ તેમના મનની અધીરતા જોઈ પ્રભુએ કહ્યું કે, તમોને પૂર્વ પરિચયના કારણે મારા પ્રત્યે રાગ છે. તેથી કેવળજ્ઞાન થતું નથી. જ્યારે રાગનું બંધન છૂટશે ત્યારે તરત જ કેવળજ્ઞાન થશે અને અનંતાકાળ સાથે રહીશું. એમ કહી દ્રુમપત્ત અધ્યયનની પ્રરૂપણા કરી તે આ પ્રમાણે

**दुमपत्तए पंडुयए जहा, निवडइ राइगणाण अच्चए ।**
**एवं मणुयाण जीवियं, समयं गोयम मा पमायए ॥१॥**

જેમ રાત્રી વીતી ગયા પછી પાકી ગએલ વૃક્ષનું પાંદડું પડી જાય છે. એ જ પ્રમાણે મનુષ્યનું આયુષ્ય ક્ષીણ થાય છે. તેથી હે ગૌતમ! એક સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुयाण जीवियं, समयं गोयम मा पमायए ॥२॥**

જેમ દર્ભના અગ્રભાગ ઉપર લટકતું ઝાકળનું બિન્દુ અલ્પકાળ રહે છે. તેવું મનુષ્યનું જીવીત છે. એમ જાણી હે ગૌતમ! એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરીશ નહિ.

इइ इत्तरियम्मि आउए, जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुरे कडं, समयं गोयम मा पमायए ॥३॥

આ પ્રમાણે આયુષ્ય અલ્પકાળનું છતે જીવિત ઘણા વિઘ્નવાળું હોઇ પૂર્વે કરેલા કર્મરૂપી રજને તુ દૂર કર. હે ગૌતમ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

दुल्लहे खलु माणुसे भवे, चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो, समयं गोयम मा पमायए ॥४॥

સર્વ પ્રાણીને ચિરકાળે કરીને પણ મનુષ્યભવ દુર્લભ જ છે કારણ કે કર્મોના વિપાકો ગાઢ છે તેથી હે ગૌતમ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

पुढविक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं; समयं गोयम मा पमायए ॥५॥

પૃથ્વીકાયને પામેલો જીવ ઉત્કૃષ્ટ સંખ્યાતીત કાળ સુધી રહે છે. (અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી) માટે હે ગૌતમ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

आउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम मा पमायए ॥६॥

तेउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम मा पमायए ॥७॥

वाउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम मा पमायए ॥८॥

वणस्सइकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालमणंतदुरंतयं, समयं गोयम मा पमायए ॥९॥
बेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं, समयं गोयम मा पमायए ॥१०॥

આઉકાય તેઉકાય વાઉકાયમાં પૃથ્વીકાય મુજબ કાયસ્થિતિ છે. કારણ વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી છે.

तेइंदकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं, समयं गोयम मा पमायए ॥११॥
चउरिंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं, समयं गोयम मा पमायए ॥१२॥
पंचिंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
सत्तट्ठभवगहणे, समयं गोयम मा पमायए ॥१३॥

વિગલેન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા (વર્ષ, દિવસ, માસ) પંચેન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા સાત ભાવ અને અસંખ્યાત એક ભવની છે. આઠમો ભવ યુગલીકનો કરે પછી દેવલોકે જાય.

देवे नेरइए यमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
इक्केक्कभवगहणे, समयं गोयम मा पमायए ॥१४॥

દેવ નારકને પામેલો જીવ એક જ ભવ કરે. મતલબ કે દેવ મરીને દેવ કે નારકી થાય નહિ. અને નારકી મરીને નારકી કે દેવ થાય નહિ. તેમજ યુગલીક તિર્યંચ કે મનુષ્ય

પણુ થાય નહિ, પણુ સંખ્યતાયુ મનુષ્ય કે તિર્યંચ થાય. ઇશાન સુધીના દેવો પૃથ્વીકાય, અપ્કાય ને પ્રત્યેકવનસ્પતિકાય બાદરમાં પણુ ઉત્પન્ન થાય. પણુ સૂક્ષ્મ, સાધારણુ, તેઉ વાઉ કે વિગલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય નહિ. સહસ્રાર સુધીના દેવો જ તિર્યંચમાંથી આવે ને તિર્યંચમાં જાય. તેથી ઉપરના દેવો ફક્ત મનુષ્યમાંથી આવે ને મનુષ્યમાં જાય. સાતમી નરકના જીવો તથા તેઉકાય વાઉકાયના જીવો મનુષ્ય થાય નહિ.

**एवं भवसंसारे, संसरइ सुहासुहेहिं कम्मेहिं ।**
**जीवो पमायबहुलो, समयं गोयम मा पमायए ॥१५॥**

ઉપર પ્રમાણે આ સંસારને વિષે ઘણા પ્રમાદવાળો જીવ શુભ કે અશુભ કર્મોએ કરીને સંસારમાં ભ્રમણ કરે છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

**लद्धूण वि माणुसत्तणं, आयरिअत्तं पुणरावि दुल्लहं ।**
**बहवे दसुया मिलक्खुया, समयं गोयम मा पमायए ॥१६॥**

મનુષ્યપણું પામીને પણ આર્યદેશમાં ઉત્પન્ન થવું ઘણું દુર્લભ છે. ઘણા જીવો દસ્યુ એટલે પર્વતાદિમાં રહેનારા ચોરો હોય છે અને નવ જાતના મ્લેચ્છો હોય છે. ૧. પુલિંદ, ૨. નાઇલ, ૩. નેષ્ટ, ૪. શબર, ૫. વરદ, ૬. ભટ, ૭. માલ, ૮. ભિલ્લ તથા ૯. કિરાત. તેમાં ધર્મ જેવું નામ પણ નથી. માટે હે ગૌતમ! એક સમય માત્ર પ્રમાદ ન કર.

लद्धूण वि आरियत्तणं, अहीण पंचेंदियया हु दुल्लहा ।
विगलिंदियया हु दीसई, समयं गोयम मा पमायए ॥१७॥

આર્યદેશમાં ઉત્પન્ન થવા છતાં પંચેન્દ્રિયની પટુતા મળવી દુર્લભ છે ઘણા જીવો આંખ, કાન, નાક, જીભ ને સ્પર્શેન્દ્રિયની ખોડખાંપણવાળા હોય છે. તેથી ધર્માનુષ્ઠાન કરવામાં હાથ, પગ વગેરે અશક્ત બની જાય છે. કેટલાક રોગથી પીડાય છે. માટે હે ગૌતમ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

अहीणपंचेंदियत्तं पि से लहे, उत्तमधम्मसुई हु दुल्लहा ।
कुतित्थिनिसेवए जणे, समयं गोयम मा पमायए ॥१८॥

પંચેન્દ્રિયની પટુતા પામ્યા છતાં પણ ઉત્તમધર્મનું શ્રવણ દુર્લભ છે. ઘણા લોકો કુતીર્થીઓને સેવનાર હોય છે માટે હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

लध्धूण वि उत्तमं सुइं, सद्दहणा पुणरावि दुल्लहा ।
मिच्छत्तनिसेवए जणे, समयं गोयम मा पमायए ॥१९॥

ધર્મનું ઉત્તમ શ્રવણ પામીને પણ શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. ઘણા માણસો મિથ્યાત્વને સેવનારા છે તેથી હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

धम्मं पि हु सद्दहंतया, दुल्लहया काएण फासया ।
इह कामगुणेहि मुच्छिया, समयं गोयम मा पमायए ॥२०॥

ધર્મની શ્રદ્ધા થતાં પણ તેને કાયાવડે સ્પર્શ કરનારા—આચરનારા અતિ દુર્લભ છે. કારણ કે ઘણા જીવો કામ-ભોગમાં મૂર્છાવાળા હોય છે. તેથી હે ગૌતમ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से सोयबले य हायई, समयं गोयम मा पमायए ॥२१॥

તારૂં શરીર સર્વ પ્રકારે જીર્ણ થાય છે. તારા વાળ વૃદ્ધાવસ્થાને લીધે શ્વેત થાય છે તથા કાને ઓછું સંભળાય છે. માટે હે ગૌતમ સમય માત્ર પ્રમાદ ન કર.

परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से चक्खुबले य हायई, समयं गोयम मा पमायए ॥२२॥
परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से घाणबले य हायइ, समयं गोयम मा पमायए ॥२३॥
परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से जिब्भबले य हायई, समयं गोयम मा पमायए ॥२४॥
परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से फासबले य हायई, समयं गोयम मा पमायए ॥२५॥
परिजूरई ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से सव्वबले य हायई, समयं गोयम मा पमायए ॥२६॥

વૃદ્ધ થતાં આંખે ઓછું દેખાય, નાકે સુંઘાય નહિ, જીભ, દાંતે ચવાય નહિ, ચામડીએ કરચલી પડે, હાથપગ થાકી જાય, માટે હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

अरई गंडं विसूइया, आयंका विविहा फुसंति ते ।
विहडइ विद्धंसइ ते सरीरयं, समयं गोयम मा पमायए ॥२७॥

ઉદ્વેગ, લોહી વિકાર, વિસૂચિકા, રોગ તારા શરીરને થાય છે તેથી તારૂં શરીર બળની હાનિ થવાથી પડે છે. વિધ્વંસ પામે છે માટે હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

वोच्छिंद सिणेहमप्पणो, कुमुयं सारइयं पाणियं ।
से सव्वसिणेहवज्जिए, समयं गोयम मा पमायए ॥२८॥

કમળ જેમ શરદઋતુના નિર્મળ પાણીને તજી દે છે તેમ મારા પ્રત્યે જે સ્નેહ-રાગ છે. તે છેદી નાંખ. હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

चिच्चाण धणं च भारियं, पव्वइओ हि सि अणगारियं ।
मा वंतं पुणो वि आइए, समयं गोयम मा पमायए ॥२९॥

કંચનકામીનીને ત્યજીને મુનિપણાને પામ્યો છું તેથી વમેલાને ફરી પીશ નહિ-ગ્રહણ કરીશ નહિ. હે ગૌતમ સમય માત્ર પ્રમાદ ન કર.

अवउज्झिय मित्तबंधवं, विउलं चेव धणोहसंचयं ।
मा तं बिइयं गवेसए, समयं गोयम मा पमायए ॥३०॥

મિત્રો બાંધવો અને વિસ્તારવાળા ધનના સમૂહને તજીને પુનઃ તે મિત્રાદિકની ગવેષણા ન કર. હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

न हु जिणे अज्ज दिस्सई, बहुमए दिस्सइ मग्गदेसिए ।
संपइ नेयाउए पहे, समयं गोयम मा पमायए ॥३१॥

આજે જિનેશ્વરો દેખાતા નથી તો પણ મોક્ષમાર્ગને દેખાડનાર ગુરુ ભગવંતો છે જ. તો તેનો ધર્મ આદર. હે ગૌતમ! સમય માત્ર પ્રમાદ ન કર.

अवसोहिय कंटगा पहं, ओइण्णो सि पहं महालयं ।
गच्छसि मग्गं विसोहिया, समयं गोयम मा पमायए ॥३२॥

કંટકરૂપ ભવનો ત્યાગ કરીને મોક્ષરૂપી ભાવમાર્ગમાં તું ચાલે છે. તેથી હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર.

સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતી કે સર્વવિરતીનું પાલન કરવા ઉદ્યમ કર તેમાં પ્રમાદ ન કર.

**अबले जह भारवाहए, मा मग्गे विसमे वगाहिया ।**
**पच्छा पच्छाणुतावए, समयं गोयम मा पमायए ॥३३॥**

જેમ અશક્ત ભારવાહક વિષમ માર્ગમાં પ્રવેશ કરીને પશ્ચાત્તાપ કરે તેવું કરીશ નહિ ચારિત્ર પ્રમાદ તજીને સારી રીતે પાળજે હે ગૌતમ સમય માત્ર પ્રમાદ કરીશ નહિ.

**तिण्णो हु सि अण्णवं महं किं पुण चिट्ठसि तीरमागओ ।**
**अभितुर पारं गमित्तए, समयं गोयम मा पमायए ॥३४॥**

મોટા સંસાર સમુદ્રને તું તરી ગયો છે. હવે કાંઠે આવ્યો થકો કેમ અટકી રહે છે, પાર પામવા ઉતાવળ કર. હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર.

**अकलेवरसेणिमूसिया, सिद्धिं गोयम लोयं गच्छसि ।**
**खेमं च सिवं अणुत्तरं, समयं गोयम मा पमायए ॥३५॥**

તું કલેવર રહિત શ્રેણીને પ્રાપ્ત કરીને ક્ષેમ તથા કુશળ સર્વોત્કૃષ્ટ મોક્ષ પ્રત્યે જઇશ. તેથી હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર.

**बुद्धे परिनिब्बुडे चरे, गामगए नगरे व संजए ।**
**संतीमग्गं च बूहए, समयं गोयम मा पमायए ॥३६॥**

ગામ નગરને વિષેરહેલો સંયમી તથા તત્ત્વજ્ઞ એવો તું કષાયથી શાંત થયો થકો ચારિત્રનું સેવન કર, મોક્ષમાર્ગને વૃદ્ધિ પમાડ. હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

( અનુસંધાન મુખપેજ ૪ ઉપર જુઓ )

# છપાયેલ પુસ્તકોની યાદી

## કાવ્ય વિભાગ

૧ કલ્યાણક સ્તવન ટોડર
ચેઇયથયથુઇ સજ્ઝાયમાળા
૮-૪૮-૪૯-૭૮-૧૧૧-૨૦
-૧૧૦-૫૩-૬૧-૯૫
વિવિધ પૂજાસંગ્રહ અર્થ સાથે
૯૧ થી ૯૪-૧૧૭
૧૦ સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે
૧૩/૧૬૧ ભક્તામર અર્થ કથાસહિત
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૪ ૧૮ ૫૦ ૭ કર્મગ્રંથસાર
૫૭ બૃહદ્‌સંગ્રહણી સાર્થ
૭૩ નવસ્મરણ મૂળ
૭૫ લઘુક્ષેત્ર સમાસ સાર્થ
૧૬૪ સામાયિક ચૈત્યવંદન
૧૦૦ દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૯૮ પ્રશમરતિ સાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિર સાર્થ
૧૩૬ સંબોધ સિત્તરી
૧૭૦ બે ચોવીશી સ્તવનો અર્થ
સહિત

## દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન વગેરે

૨૧ ભોગોપભોગ વિરમણવ્રત
૩૪-૫૪ ભૂર્ભુવઃ સ્વ૦ ભા. ૧-૨
૫૧ જૈન દર્શન ને શ્રાવકદિન કૃત્ય
જૈન ધર્મ પ્રવેશક ભા. ૧ થી ૫
૫૮ ૬૯ ૮૩ ૧૪૮ ૧૪૯
૬૨ ઉપદેશ સીત્તરી
૬૩ સહસ્રકૂટ નામાવલી
૭૪/૧૬૩ નવપદ મહાત્મ્ય
૯૬ ૧૫૪ જૈન ધર્મનો પરિચય
૯૭ આગમ સાર
૧૦૧ પારસમણિ
૮૧ નવકારના જાપની નોંધ
૧૧૮ ષડ્દ્રવ્યાત્મક જગત્
૧૩૯ શ્રાવક ધર્મ
૧૪૦ ધર્મોપદેશ તત્વજ્ઞાન
૮૪ ૮૫ ૮૬ જૈન પ્રશ્નોત્તરી
ભા ૧ ૨ ૩
૧૬૭/૭૭ સાધુ-સાધ્વી આવશ્યક
સૂત્રાર્થ
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ
સંગ્રહ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૩૩ ભક્તિમુક્તિ પર્યૂષણપર્વમાળા
૩૯ નેમિ વિવાહલો
૧૪૩ પ્રશાંતરસ ઝરણાં
૧૫૬ પંચસૂત્રાદિ સંગ્રહ
૧૬૬ ઉત્તરાધ્યયન સૂત્રાર્થ
ભાગ - ૧

# અભિપ્રાયો

અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતા કથા સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત અન્ય વિષયનાં પુસ્તકો સામાન્ય માણસને પણ ઉપયોગી થઈ શકે તેમ છે આવાં પુસ્તકોના પ્રકાશનની જરૂરીઆત છે મને આપની જ્ઞાનની પ્રવૃતિથી આનંદ થાય છે.

લિ. પૂ. આ. શ્રી અભયદેવસૂરિ તા. ૧-૭-૯૨

અમારા પરમશ્રુત જ્ઞાનપ્રેમી અને ધરખમ પ્રચારક તપસ્વી મુનિ અકલંક વિજયજીએ પુસ્તક પ્રકાશનનો ભારે યજ્ઞ માંડયો છે. હું એમના પ્રચંડ પુરૂષાર્થને જોઈને આનંદ અનુભવું છું.

લિ. પૂ. આ. શ્રી યશોદેવ સૂરિ પાલીતાણા, તા. ૫-૮-૯૨

તમારી શ્રુતભકિત અવર્ણનીય છે. તપસ્યાની સાથે સમ્યગ્જ્ઞાનની લગની અને લાગણી અપૂર્વ છે. આપના પુસ્તકો ઘણાં ઉપયોગી છે.

લિ. પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરિ અહમદનગર તા. ૩૧-૭-૯૨

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ભવ્ય વારસા સામગ્રીરૂપ અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતાં પુસ્તકો આબાલ ગોપાળને શ્રુતજ્ઞાનની આત્મોન્નતી તરફને અનન્ય પ્રેરક માહિતિ ઉપલબ્ધ થાય છે. સામાન્ય વાચકથી આરંભીને વિદ્વાન વર્ગને પણ એમનાં પુસ્તકો દ્વારા જ્ઞાન સંપાદન કરવાની અમૂલ્ય તક મળી રહે છે આ પુસ્તકો પોકેટ બુકની ગરજ સારે તેવાં હોવાથી સત્સંગ અને સ્વાધ્યાયનો અનેરો આનંદ આપે તેવાં છે.

લિ ડો. કવિન શાહ બીલીમોરા તા ૧૦-૧૦-૯૨

આપશ્રી સરળ ભાષામાં સાહિત્યનું સર્જન કરીને જ્ઞાનનો લાભ આપી રહ્યા છો તેની જૈન સમાજને ખરેખર આવશ્યકતા છે. આપશ્રીનું પ્રકાશન કાર્ય જ્ઞાન જ્યોતને જલતી રાખી ભવ્યાત્મા-ઓના આત્મકલ્યાણમાં ઉપકારક નીવડે એવી અભિલાષા છે.

લિ. મુનિ અરૂણવિજયજી તા. ૧૦-૮-૯૨